વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
ઓગસ્ટ - ૨૦૨૨
અંક - ૫૩૧

મંગલ મંદિર • ઓગસ્ટ-૨૦૨૨ • ૧
(કુલ પાના : ૫૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

**માસ્ક પહેરો • હાથને વારંવાર સાફ કરો • પરસ્પરનું અંતર જાળવો • કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો**



## મિચ્છામિ દુક્કડમ્

॥ જૈનં જયતિ શાસનમ્ ॥

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત આગામી સ્નેહ મિલન કાર્યક્રમમાં મુખ્ય પ્રધાનશ્રી અને અન્ય મહાનુભાવોને આમંત્રિત કરવા અંગેની ચર્ચા વિચારણા માટેની મીટિંગમાં ડાબેથી આશિષ શાહ, લક્ષ્મીચંદ વીરા, રજનીકાંત પારેખ, કે.ડી. શાહ, પ્રતાપભાઈ દંડ, શાંતિલાલ સાવલા અને હિરેન કે. શાહ



રોટરી કલબ ઓફ વાસણા દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજને શિલ્ડ અર્પણ કાર્યક્રમમાં શ્રી પ્રતાપભાઈ દંડ, અશ્વિન સાવલા, હિરેન કે. શાહ, અશોકભાઈ મહેતા અને રોટરી કલબના મહાનુભાવો.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એક નવા પ્રોજેક્ટ તરફ આગેકૂચ અંતર્ગત ચાંગોદર ઔદ્યોગિક વસાહત સાઈટની મુલાકાત સમયે... ડાબેથી શાંતિભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, કે.ડી. શાહ, જયેશ મજમુદાર, પ્રતાપભાઈ દંડ અને રજનીકાંત પારેખ.

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
**પ્રતાપ નારાણજી દંડ**

**કાર્યકારી સહતંત્રી**
**મહેન્દ્ર સાકરચંદ દોશી**
**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**


● વાત વિમર્શ ... **મહેન્દ્ર દોશી** ...... ૫

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ● સંસ્થા સમાચાર**

● સમાજ દર્પણ ● ૭૬મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ...... ૬
● વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ : સ્નેહભર્યું આમંત્રણ ...... ૭
● અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના પદાધિકારીઓની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડી તથા એસ.ટી. ભવનની ફેક્ટ ચેકની મુલાકાત ● અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર ...... ૮
● રોટરી ઈન્ટરનેશનલ ક્લબ ઓફ અમદાવાદ – વાસણાનું સ્નેહ મિલન ...... ૯
● રોટરી ક્લબ ઓફ વાસણાનો વાર્ષિક ઈન્સ્ટોલેશન સેરેમની ...... ૧૦
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એક નવા પ્રોજેક્ટ તરફ આગેકૂચ ● હિસાબી સમિતિ ...... ૧૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : એક્ટિવિટી ...... ૧૨
● શ્રી બ્રિજેશ દોશીની પાલડી ભવનની મુલાકાત ...... ૧૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મહિલા ઉત્કર્ષ સમિતિ ...... ૧૪
● સામાજિક સુરક્ષા સમિતિ ● મેરેજ બ્યુરો સમિતિ ...... ૧૫
● સીમ્સ હોસ્પિટલ દ્વારા અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોને 'ગોલ્ડ કાર્ડ' વિતરણ યોજના ...... ૧૫
● જૈન માઈનોરિટી સમિતિ ...... ૧૭

★

● પર્યુષણ પર્વ : આત્મશુદ્ધિનું પર્વ ...... **ડૉ. જિતેન્દ્ર બી. શાહ** ..... ૧૮
● શ્રી નવકાર મંત્રનો પ્રભાવ અને તેની અનુભૂતિ ...... **પ્રતાપ નારાણજી દંડ** ..... ૧૯
● પર્યુષણ મહાપર્વ ...... **તત્ત્વચિંતક પ્રો. નૌતમભાઈ વકીલ** ..... ૨૦
● પરિવર્તન પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં... ...... **ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૨૧
● અહંકાર સાથે કરેલું દુષ્કૃત્ય ભયંકર કર્મબંધમાં પરિણમે છે ...... ૨૨
● મહાવીર જન્મ અને માનવ કલ્યાણ ...... **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ** ..... ૨૩
● અગ્નિકુંડમાંથી બચેલી કળીનો ક્ષમાભાવ ...... **ગુણવંત બરવાળિયા** ..... ૨૬
● "કરેમિ સામાઈયમ્..." (ચિન્તનિકા) ...... **જયંતી જોષી 'શબાબ'** ..... ૨૭
● વિથોણની અષાઢી ઉજવણી : જાણે કચ્છીયતનો જળોત્સવ ...... **રામ અંતાણી** ..... ૩૦
● ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ ...... **જગદીશચંદ્ર છાયા** ..... ૩૧
● સ્વાતંત્ર્ય સેનાની : કચ્છી સપૂત યુસુફ મહેરઅલી ...... **પ્રા. પૃથ્વી શાહ** ..... ૩૪
● નર્મદા નદીના પાણી પ્રશ્ને કચ્છની પરિસ્થિતિ ...... **અશોક મહેતા** ..... ૩૫
● પ્રભુ માયાની ચુંદડી ઓઢી સદ્‌ગુરૂ બનીને આવે છે ...... **સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી** ..... ૩૭
● પ્રેમ, નમ્રતા અને સમદૃષ્ટિને જીવનનો આધાર બનાવો. ...... **વિનોદભાઈ માછી નિરંકારી** ..... ૩૯
● સાચુંકલા સમાજવાદી સમાજસેવક : અમૃતપ્રસાદ અંતાણી 'મામા' ...... **સંજય પી. ઠાકર** ..... ૪૦
● ડર (PHOBIA) : ભાગ-૨ ...... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૪૨
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૧ ...... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૪૩
● તીર્થ દર્શન ...... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૪૫

★

● આંજો કાગર ● અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૪૬
● *Nano Nine* શબ્દ રમત-૧૮૫ ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૪૮
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૪૩) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૪૯
● જીવનનો શ્રેષ્ઠ અભિગમ : સર્વાંગી સ્વાસ્થ્ય ...... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૫૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## "છે"

ઠાકર મંદિરમાં કથા સાંભળ્યા પછી પરમા ડોશી વધારે મૂંઝાઈ ગયા.

કથામાં તો ભગવાન પાસે પોતાના દુઃખ પૂછવા જતા માણસને તળાવે કહ્યું : 'ભાઈ! મારું પાણી કોઈ પીતું નથી. પરોપકાર વિના મારું જીવન વ્યર્થ છે. તું એ જરા ભગવાનને પૂછી આવીશ?' તો ઘોડાએ કહ્યું : 'મારા પર કોઈ સવારી નથી કરતું.' અને ઝાડે કહ્યું : 'મારા ફળ કોઈ ખાતું નથી.'

જનારે બધાનું કામ કર્યું.

—ને મૂઈ.. મેં તો કહ્યું કે, 'શહેરમાં જાય છે તો મારી દવા લેતો આવજે.' તો એણે ઠામકું કહ્યું : 'માડી મને જલ્દી પરત આવવું છે.'

બીજાને છીંકણી લેવા કહ્યું તો કહે : 'હું બે-ચાર દિવસ પછી આવીશ.' અને ચશ્મા ઠીક કરાવવા કહ્યું તો કહે : 'મારું કંઈ નક્કી નહીં. જઈશ તો ચશ્મા લેતો જઈશ.'

પરમા ડોશીથી ઊંડો નિસાસો નીકળી ગયો. તેમને થયું કે, 'આજે ચાર-પાંચ દિવસથી દમની દવા નથી, છીંકણી પણ નથી અને તૂટેલા ચશ્મા...'

કોઈ વાત કરતો હોય તેવો તેમને આભાસ થયો. એમણે કાનને સરવા કર્યા.

'તોય કંઈ થયું?'

'ના... ભાઈ ના...' નહીં તો દવા વિના દમ હેરાન કરી નાખે. છીંકણી વિના બગાસા પર બગાસા આવે, માથું ઝલાઈ જાય અને મૂઈ ચશ્મા વિના કાંઈ દેખાય જ નહીં.

'બસ ત્યારે...' સામેથી કોઈએ કહ્યું.

'તું કોણ દીકરા?' હાથની છાજલી કરતાં અવાજની દિશા તરફ એમણે જોયું.

પરમા ડોશીને ચશ્માના જાડા કાચમાંથી કોઈ વાંસળી વગાડતું હોય એવું ઝાંખું ચિત્ર દેખાયું.

***– લાલજી મેવાડા 'સ્વપ્ન'***

*થઈ ગયેલા પાપોથી છૂટકારો મેળવવો છે? – પશ્ચાત્તાપનું જળ લાવો.*
*પાપ કરતાં જ અટકવું છે? – શરમનું જળ રાખો.*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# વાત વિમર્શ



મહેન્દ્ર દોશી

આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે દેશભરમાં વર્ષથી આઝાદીના ઉપલક્ષમાં વિસરાઈ ગયેલ આઝાદીની ગાથાની સ્મૃતિને વિકાસગાથાનું લેબલ લગાડીને સરકાર દ્વારા પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, જે પૂર્ણાહૂતિના આરે પહોંચી છે. કચ્છ પ્રદેશનું વિકાસલક્ષી ચિત્ર આઝાદી પહેલાં કે ત્યારબાદ ઝાઝુ પ્રેરક કે ગતિશીલ ૨૦૦૧ સુધી થયું નથી. ૨૦૦૧માં આવેલ ભૂકંપ કુદરતી આફતે આ વિસ્તારમાં સર્જાયેલ ‘વિનાશ’ અને ‘વિકાસ’ની સાઠગાંઠે ‘‘જે મારતું એ પોષતું’’ના ન્યાયે કચ્છના વિકાસની રેખાનું ગ્રાફ ‘કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા’ના સૂત્રે કચ્છની કાયાકલ્પનું ચિત્ર દશ્યમાન કર્યું. પણ આ વિકાસશીલ ચિત્રમાં ધબકાર સમાન નર્મદાના પાણીને કચ્છમાં વહેતું કર્યું અને માં બોલી ‘કચ્છી’ને બંધારણીય મોભો એવી સાંપ્રત સમસ્યા કે જે કચ્છના વિકાસ અને કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતી માનવ સમાજને સ્પર્શતી સમસ્યાની વિકાસરેખા આ ચિત્રમાં દોરવામાં આવેલ નથી.

ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા ‘માન્ય ભાષા’ પછી ગુજરાતમાં બોલાતી અન્ય ભાષા પૈકીની કચ્છી ભાષાના ભાષકોની સંખ્યા બીજા ક્રમે છે. આથી કચ્છીને વૈકલ્પિક ભાષા તરીકે ભારતના બંધારણના આઠમા ખંડમાં આર્ટીકલ ૩૫૧ હેઠળ બંધારણમાં સમાવેશ થાય તો આ વિસ્તારના ભાષકોને ભાષાકીય લાભ ઉપરાંત સરકારની નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણ માતૃભાષા ‘નેટીવ લેંગ્વેજ’ના માધ્યમ દ્વારા આપવાની જોગવાઈનો પણ લાભ મળી શકે છે.

કચ્છી ભાષાના પ્રેમી અને કચ્છી ભાષાના સાહિત્યકારો લાંબા સમયથી કચ્છી ભાષા જીવંત રહી શકે, ટકી શકે એ માટે કચ્છીના વિકાસ તેમજ સંવર્ધન માટે સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે પ્રયત્નશીલ રહ્યા. એ પ્રયત્નને કચ્છીની બંધારણીય માન્યતા માટેના પ્રયત્ન ગણવામાં આવી રહ્યા છે. કચ્છી બોલીના વિકાસ અને સંવર્ધનના પ્રચાર - પ્રસારણ અને તેના પ્રયત્નો અને કચ્છી બોલીને બંધારણીય મોભો આપવા માટેના પ્રયત્નો — આ બંને બાબતો અલગ છે. આ બંને પ્રક્રિયાઓ વચ્ચે વૈધાનિક ભિન્નતાને બંધારણીય જોગવાઈ હેઠળના આર્ટીકલને સ્પષ્ટ કરીએ તો ભારતના સંવિધાનના ૮મા ખંડના આર્ટીકલ્સ ૩૪૩(૧) અને ૩૫૧ હેઠળ ભાષા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ પૈકીની ૩૪૩(૧)માં ઓફિશિયલ લેંગ્વેજમાં સમાવેશ થાય છે અને આર્ટીકલ ૩૫૧માં વૈકલ્પિક ભાષા તરીકે આપવામાં આવેલ હક્કનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ગુજરાતી ભાષાની ઓફિશીયલ લેંગ્વેજ તરીકે બંધારણીય મોભો આપવામાં આવેલ છે. આથી કચ્છી ભાષાને વૈકલ્પિક ભાષા તરીકે બંધારણમાં સ્થાન મેળવવા માટે આર્ટીકલ ૩૫૧ની શરતોને આધીન કાર્યવાહી કરવી અનિવાર્ય ગણાય.

આ આર્ટીકલમાં સમાવેશ કરવા માટેની પ્રથમ શરતો મુજબ કચ્છી ૨૦૧૧માં શરતોનું પાલન કરે છે. આથી બંધારણમાં સમાવેશ કરવા માટે નિયુક્ત કરેલ રાષ્ટ્રપતિની કમિટી સમક્ષ લેખિત રજુઆત કરવા માટે રાજ્ય સરકારની ભલામણ સહ યોગ્ય પત્ર દ્વારા રાષ્ટ્રપતિજીની કમિટીને દરખાસ્ત સાદર કરવી પડે. આથી આઝાદીના ‘અમૃત મહોત્સવ’ની ઉજવણીને અનુલક્ષીને તા. ૧૫-૦૮-૨૦૨૧ના રોજ લેખિત દરખાસ્ત રાજ્ય સરકાર સમક્ષ સાદર કરેલ છે અને આ દરખાસ્તને યોગ્ય પદ દ્વારા રાષ્ટ્રપતિજીને કમિટીને મોકલવા માટે તા. ૧૮-૧૧-૨૦૨૧ તથા તા. ૭-૬-૨૦૨૨ના રોજ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને આગળની કાર્યવાહી કરવા માટેની રજુઆત કરેલ હતી.

આ લેખિત દરખાસ્ત નિયમોને આધીન કરેલ હોવાથી આ અગાઉ કચ્છીને માન્યતા માટે સરકારશ્રી સમક્ષ કોઈપણ લેખિત રજુઆત થઈ હોય તેનો રેકોર્ડ સરકારી દફતરે ઉપલબ્ધ નથી. આથી આ અંગેના કરવામાં આવી રહેલ દાવાઓ પોકળ અને ભ્રામક છે. આ સાથે નોંધનીય છે કે કચ્છી ભાષાને બંધારણના ૮મા ખંડમાં સમાવેશ કરવા માટે તા. ૨-૨-૨૦૨૨ના રોજ સંસદમાં રજુઆત સૌપ્રથમ થઈ છે પણ આ રજુઆતમાં આર્ટીકલની સ્પષ્ટતા થતી નથી. આથી આ દરખાસ્તની કાયદેસરની યથાર્થતા, તે પ્રમાણિત થાય ત્યાં સુધી રાહ જોવી પડે.

॥ મિચ્છામિ દુક્કડમ્ ॥

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **અશોક ગજેન્દ્રભાઈ ગોરજી**
  ૨૦૧, સેરેનીટી અપલેન્ડ્સ,
  ઈન્ડિયન રેડક્રોસ બ્લડબેંક સામે,
  ૨૨, ગુજરાત બ્રહ્મક્ષત્રિય સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૬૬૨૦ ૦૭૯૭૩

- **દિવ્યેશ દામજીભાઈ ગાલા**
  ૩૦૫, ગણેશ એપાર્ટમેન્ટ, ત્રીજો માળ,
  જેઠાભાઈની પોળ, વનીતા વિશ્રામ સ્કૂલની બાજુમાં,
  ખાડિયા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
  મો. ૮૯૮૦૨ ૦૭૮૨૦, ૭૮૭૪૯ ૩૩૦૯૩

- **ગુલાબચંદ ધારશી દેઢિયા**
  ૪૦૨, શિવમ ભગીરથ,
  ૬, પંચવટી સોસાયટી, જયહિંદ ગ્રાઉન્ડ સામે,
  જયહિંદ ચાર રસ્તા,
  મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
  મો. ૯૦૯૯૨ ૧૩૮૩૦, ૯૩૭૬૬ ૩૭૦૧૦

- **શાંતિલાલ રતનશી રવજી શાહ (ગોસર)**
  બી-૪૦૪, તીવોલી, ગોદરેજ ગાર્ડન સિટી,
  જગતપુર રોડ, અમદાવાદ-૩૮૨ ૪૨૧.
  મો. ૯૪૨૯૬ ૬૮૯૯૭

## બંધારણીય જોગવાઈનો સરેઆમ ભંગ

### ભગવદ્ ગીતાના અધ્યયનની વિષય તરીકે શાળામાં દાખલ કરવાના આદેશ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૭-૩-૨૦૨૨ના ઠરાવ અન્વયે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતાના ઉપદેશના પાઠ વિષયક નવો વિષય અભ્યાસક્રમમાં દાખલ કરવાના ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે આદેશ કરેલ છે. આ ગુજરાત સરકારના બંધારણીય જોગવાઈનું ભંગ થતું હોવાથી આ આદેશ સામે જાહેર હિતમાં ગુજરાતની વડી અદાલતમાં આ આદેશને પડકારતી રીટ પીટીશન દાખલ કરવામાં આવી છે. આના સંદર્ભે આ આદેશની બંધારણીય જોગવાઈ સ્પષ્ટ કરીએ તો ભારતના બંધારણના અનુચ્છેદ ૨૮માં રાજ્યના નાણાંમાંથી પૂરેપૂરી નિભાવતા શિક્ષણ સંસ્થાઓમાં કોઈપણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં – એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈનો અનાદર થતો હોવાથી સરકારશ્રીના આદેશને પડકારવામાં આવેલ છે.

વધુમાં આ માટે આ વિષયના પાઠ્યપુસ્તક મંડળ, અભ્યાસક્રમના પાઠ્યપુસ્તક તૈયાર કરવા માટે ફંડ પણ ગ્રાન્ટ કરવામાં આવેલ છે. આ અગાઉ પણ ગુજરાત સરકારે સમાંતર પાઠ્ય પુસ્તકો તૈયાર કરેલ હતા અને રાતોરાત આ પુસ્તકોને અભ્યાસક્રમમાંથી રદ્દ કરવાના આદેશ કરવામાં આવેલ હતા. (આ આદેશની નોંધ 'મંગલ મંદિર'ના મે-૨૦૨૨ના અંકમાં સૌપ્રથમ આપવામાં આવેલ છે.)

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ૭૬મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

### જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૬મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં **તા. ૧૫-૦૮-૨૦૨૨ને સોમવાર**ના રોજ સવારે ૯.૦૦ કલાકે **ડૉ. શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર વિસરીયા**ના વરદ્ હસ્તે (શ્રીમતી લીલાબેનનો વિસ્તૃત પરિચય 'મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૨૨ના અંકમાં આપેલ છે) ધ્વજવંદન કરવામાં આવનાર છે.

ધ્વજવંદન થયા બાદ અલ્પાહાર રાખવામાં આવેલ છે.

***આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.***

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૭ (સત્તાવન)મો વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ સવારે ૯.૩૦ કલાકે ટાગોર હોલ - પાલડી ખાતે યોજવામાં આવનાર છે. અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારોને પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ) તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે, કે જેનો પધારેલા સર્વે સભ્યોએ લાભ આપવા વિનંતી.

આ પાવન પ્રસંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહેવાની સંમતિ આપેલ છે.

આ ઉપરાંત અન્ય મહાનુભાવો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેવાના છે.

વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| *સવારના ૯.૩૦ થી ૧૦.૩૦* | : | • *પ્રાર્થના* |
| | | • *આવકાર પ્રવચન અને સંસ્થાનો વાર્ષિક અહેવાલ – પ્રમુખશ્રી* |
| | | • *સામૂહિક ક્ષમાપના – સાંસ્કૃતિક કાર્યક્રમ* |
| | | • *સરસ્વતી સન્માન (પુરસ્કાર) વિતરણ* |
| *સવારના ૧૦.૩૦ થી ૧૧.૩૦* | : | • *પધારેલા મહાનુભાવોનાં સ્વાગત પ્રવચનો* |
| *સવારના ૧૧.૩૦ થી ૨.૦૦* | : | • *સ્વામિવાત્સલ્ય* |

*કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***ખાસ નોંધ*** **:**

★ સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી ટાગોર હોલ - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે.

સભ્યોએ તા. ૧૫-૦૮-૨૦૨૨થી તા. ૦૫-૦૯-૨૦૨૨ સુધી નીચે મુજબના સ્થળોએથી પાસ મેળવી લેવા વિનંતી.

(૧) શ્રી કચ્છી જૈન ભવન – પાલડી
(૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – શાહીબાગ
(૩) શ્રી કચ્છી જૈન સેવા ભવન – ગીતા મંદિર
(૪) નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

★ સાંસ્કૃતિક કાર્યક્રમની સમાપ્તિ બાદ સાંજે હાઈ-ટી ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણનો કાર્યક્રમ ટાગોર હોલ ખાતે યોજવામાં આવેલ છે.

## અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના પદાધિકારીઓની શ્રી કચ્છી જૈન સેવા સમાજ પાલડી તથા એસ.ટી. ભવનની ફેક્ટ ચેકની મુલાકાત

તાજેતરમાં જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓએ અંબુજા ફાઉન્ડેશનની ગાંધીનગર સ્થિત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લીધી હતી, ત્યારે તેમણે સેન્ટર ઇન્ચાર્જ શ્રી રામસિંગભાઈ ચૌહાણને સમાજનાં એસ.ટી. ભવનનાં પ્રથમ માળે અને બીજા માળે આવું જ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઊભું કરી શકાય કે નહીં, તે માટેની શક્યતા તપાસવાની વિઝીટ માટે આમંત્રણ આપેલ હતું.

જેના અનુસંધાને શ્રી મહેન્દ્રભાઈ પટેલ, કે જેઓ નાગપુર બેસે છે તથા શ્રી રામસિંગ ચૌહાણ (ગાંધીનગર) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મુલાકાતે તા. ૨૫-૦૫-૨૦૨૨ના રોજ આવેલ હતા (સાથે કેતન પટેલ પણ જોડાયેલ હતા).

પાલડી ખાતે મીટિંગમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી હિરેન કે. શાહ વગેરેને મળીને તેમણે એક નવી વાત કહી હતી, જેની માત્ર અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનનાં અધિકારી વર્ગ જ કલ્પના કરી શકે...! જેઓ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઉપર જુવાન દીકરા કે દીકરી આવે, તે માટે તેઓનાં ઘરોમાં જઇને તેમના મા-બાપને સમજાવવાથી કાર્યક્રમની શરૂઆત કરી આપે છે અને સ્કીલ ડેવલપમેન્ટનાં વર્ગો ભરાય ત્યાં સુધી મહેનત કરવાની બાંહેધરી આપે છે...!

વળી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં માત્ર નજીવા દરે તેમને ફેશન ડિઝાઈન, નર્સિંગ આસિસ્ટન્ટ, એ.સી. રીપેરીંગ, વોશિંગ મશીન રીપેરીંગનાં વર્ગો વગેરે કોર્સ કરાવ્યા પછી પણ તેમને લાયક નોકરી અપાવવાની જવાબદારી પણ નિભાવે છે. એકવાર નોકરીમાં ગયા પછી બે વર્ષ સુધી અંબુજા ફાઉન્ડેશન આ વ્યક્તિનું હેન્ડ હોલ્ડિંગ કરે છે. એટલે કે બે વર્ષ સુધી જે-તે વ્યક્તિને નોકરી ફાવી જાય ત્યાં સુધી માર્ગદર્શન આપે છે...!

ઉપરોક્ત માહિતી લીધા પછી તેમને લઇને સમાજનાં એસ.ટી. ભવન ખાતે પ્રથમ માળ અને બીજો માળ બતાવેલ હતા. અને તેઓએ એક **"<u>પરફેક્ટ પ્લેસ ફોર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર</u>"** તેમ નોંધ કરેલ હતી.

પહેલાં માળે ચાર રૂમ તોડીને બે રૂમ બનાવી તેનાં વર્ગો ચલાવી શકાય. પાંચમો રૂમ વહીવટી કામકાજ માટે ફાળવી શકાય. વળી અગાસી ઉપરનો એરિયા બે ભાગમાં વહેંચી શકાય અને તેમાં બે લેબોરેટરી બનાવી શકાય, કે જેમાં નર્સિંગ આસિસ્ટન્ટનાં કોર્સ માટે હાડપિંજર કે માણસનું રબ્બરના શરીરનું સેમ્પલ હોય, સેમ્પલ અને એ.સી., ફ્રીજ કે વોશિંગ મશીનના કોર્સમાં તેનાં ડમી મોડેલ જે બિલકુલ ચાલુ હાલતમાં હોય તે સાધનો ત્યાં મૂકવાની સગવડ થઈ શકે.

આમ, અંબુજા ફાઉન્ડેશનની દૃષ્ટિએ આ પ્રોજેક્ટ ખૂબ જ સુંદર રીતે ચાલી શકે તેમ હોવાથી તેમણે બહુ જ આગ્રહભરી વિનંતી કરી છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ પહેલ કરે અને વર્ષ ૧૦૦ યુવાન-યુવતીઓને નોકરીઓ અપાવીને દરેક વ્યક્તિ મહિને રૂા. ૧૫,૦૦૦/- જેટલું અર્થોપાર્જન કરી શકે.

તે માટેનો ડીટેઈલ રીપોર્ટ ૧૫ દિવસમાં રજૂ કરવામાં આવશે, તેમ નક્કી કરી અંબુજા ફાઉન્ડેશનના અધિકારીઓ આપણો આભાર માની છૂટા પડ્યા.

*– હિરેન કે. શાહ*

## અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવારનાં સેટેલાઇટ ખાતે આવેલી સ્ત્રીઓનાં તાલીમ સેન્ટરની મુલાકાતે ટ્રસ્ટીઓ શ્રી હિરેન કે. શાહ અને શ્રીમતી ફાલ્ગુની શાહ ગયા હતા. ત્યારે રોટરી ક્લબનાં હોદ્દેદારો પણ હાજર રહેલ હતા. આ સેન્ટરમાં ૪૦/૫૦ સ્ત્રીઓ - છોકરીઓ સીવણના વર્ગો અને ૩૦/૪૦ છોકરીઓ બ્યુટીશિયનના કોર્સ કરવા રોજ ૩/૪ કલાક માટે આવે છે. જ્યાં તેમને એક્સપર્ટ દ્વારા આ કોર્સ શીખવીને મહિને ઓછામાં ઓછી ૧૦-૧૫-૨૦-૨૫ હજાર રૂપિયાની આવક થાય તેમ તાલીમ અપાય છે. નોકરી માટે ઇન્ટરવ્યુ કેમ આપવો? તે ઉપરાંત પબ્લિક સ્પીકિંગ વગેરે પણ શીખવવામાં આવે છે. જેથી આ બહેનો પોતાની જાતની અભિવ્યક્તિ બહુ સારી રીતે કરી શકે.

આપણા સમાજનાં ગીતા મંદિર ખાતેનાં ભવનમાં આ પ્રકારના વર્ગો, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને રોટરી ક્લબ સાથે સંયુક્ત રીતે શરૂ કરવાની વિચારણા ચાલતી હોવાથી આ મુલાકાતનો હેતુ વધુ સારી રીતે આ પ્રવૃત્તિને સમજવાનો હતો.

*– હિરેન કે. શાહ*

# રોટરી ઇન્ટરનેશનલ ક્લબ ઓફ અમદાવાદ – વાસણાનું સ્નેહ મિલન [Insta.... Programme]

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે જોડાઈ ગયેલા રોટરી ક્લબ ઓફ વાસણાએ પોતાનાં નવા પ્રમુખ અને મંત્રીને આવકારવાના કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારોને બોલાવ્યા હતા અને તેમનું બહુમન કરીને ઍવોર્ડ પણ આપેલ હતો.

રોટરી ક્લબ - વાસણાના વિદાય લઈ રહેલા પ્રમુખ શ્રી દેવેન શાહ અને મંત્રી શ્રી નીરવ શાહે પોતાનાં ગત વર્ષનાં કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. જેમાં તેમને મળેલ રોટરી ડિસ્ટ્રીક્ટ ઍવોર્ડ કે જે આખાયે રીજીયનમાં શ્રેષ્ઠ ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેક્ટ તરીકે વખાણાયો, તેના પ્રતિભાવ રૂપે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટીઓને આમંત્રણ આપેલ હતું. પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, પૂર્વ પ્રમુખ શ્રી અશોક મહેતા, મેડિકલ સમિતિના કન્વીનર અને ટ્રસ્ટી શ્રી અશ્વિન સાવલા અને ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ તેમના પત્ની અને ટ્રસ્ટી શ્રીમતી ફાલ્ગુની શાહ સાથે હાજર રહેલા હતા. તેમણે ઉપસ્થિત ટ્રસ્ટીઓનું નામ દઈને સ્ટેજ પર બોલાવીને બહુમાન કરેલ હતું અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ડાયાલિસિસ સેન્ટરને જગ્યા આપવાથી માંડી ડોનેશન ઊભા કરવાનાં સપોર્ટ માટે એક ઍવોર્ડ પણ આપેલ.

નવા પ્રમુખ શ્રીમતી મિલીતા શાહ અને સેક્રેટરી શ્રીમતી રૂપલ શાહે ચાર્જ સંભાળેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ માટે મહત્ત્વની એવી આ મીટિંગમાં એક સરસ કામ એ પણ થયું હતું કે રોટરીમાં જોડાયેલાં ડૉક્ટર્સ જેવા કે ઝાયડસ હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ ડૉ. દેવાંગ પટવાની, રેડિયોલોજિસ્ટ ડૉ. ભાવિક શાહ, ૪ પ્રાઈવેટ હોસ્પિટલ ધરાવતા ડૉ. તપન શાહ, શૈલ્ય હોસ્પિટલનાં ડાયરેક્ટર સર્જન - ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ ડૉ. કૌશલ આનંદ વગેરે સાથે એક મીટિંગ થઈ હતી. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં આગામી પ્રોજેક્ટની ચર્ચા થઈ (શ્રી પરિમલ જૈન સંઘ - પાલડી, કે જેમાં ખૂબ જ સેવાભાવી ટ્રસ્ટીઓ છે, તેમણે આપણા બહુ જૂનાં કાર્યકર શ્રી જશવંતભાઈ કોઠારીને તેમનાં ઉપાશ્રયમાં એક હયાત મકાનમાં ત્રીજા માળે ૧૬૦૦ સ્કવેર ફૂટ અને બની રહેલ નવા મકાનમાં ૪૫૦૦ સ્કવેર ફૂટ જગ્યા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈ પણ પ્રોજેક્ટ કરવો હોય તો તે માટે ઑફ કરેલ છે). જેમાં ૪૫૦૦ સ્કવેર ફૂટ જગ્યામાં સુપર સ્પેશિયાલિટી અને ડાયગ્નોસ્ટીક સેન્ટર બનાવવું હોય તો તે માટેની શક્યતાઓ તપાસવી, તેમ નક્કી થયું હતું. બધા જ અનુભવી ડૉક્ટર્સ કે જેઓ રોટરી ક્લબમાં માત્ર સેવાર્થે જોડાયા છે, તેમણે એવી લાગણી વ્યક્ત કરી હતી, કે સમાજોપયોગી કામો મેડિકલ ક્ષેત્રે કરનારા ઘણાં ઓછા NGOs માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું નામ મોખરે છે. આવો પ્રોજેક્ટ બધાએ મળીને ઉપાડી લેવો જોઈએ. તે માટે જગ્યાનાં ડ્રોઈંગ વગેરે મંગાવી, ફિઝીબિલીટી રીપોર્ટ અને પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાનું કામ શ્રી કૌશલ આનંદે ઉપાડી લીધું હતું.

વળી રોટરી ક્લબનાં આગામી આયોજનમાં તેઓએ ચેક-અપ કેમ્પ, વન વધારવાનો વૃક્ષારોપણ વગેરેની જાહેરાત કરી હતી. તેમાં મદદરૂપ થવા અને ભાગીદાર થવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પણ પોતાની તૈયારી દેખાડી હતી અને દર મહિને એક કેમ્પ બોપલ ખાતે અને બીજા મહિને પાલડી કે શાહીબાગ ખાતે કરવાની ઑફર કરી હતી.

આમ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને રોટરી ક્લબ ઓફ વાસણાના જોડાણને વધુ મજબૂત કરવાનો નિર્ણય જાહેરમાં લેવાયો હતો.

અંતમાં રોટરી ક્લબના પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રીએ પોતાનું વક્તવ્ય રજૂ કરેલ અને છૂટા પડતાં પહેલાં પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે પણ રોટરી ક્લબનો દિલથી આભાર વ્યક્ત કરેલ હતો.

*– હિરેન કે. શાહ*

## જોઈએ છે

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ શાખાઓમાં કાઉન્ટર ક્લાર્ક, એકાઉન્ટન્ટ અને સ્ટોર કીપરની જરૂરત છે. કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવનાર જરૂરિયાતવાળી વ્યક્તિઓએ તેમનો સંપૂર્ણ બાયોડેટા, અપેક્ષિત પગાર સાથે મેનેજરશ્રી, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મોકલી આપવો.*

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિંનતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

# રોટરી ક્લબ ઓફ વાસણાનો વાર્ષિક ઇન્સ્ટોલેશન સેરેમની

રવિવાર, તા. ૧૦-૦૭-૨૦૨૨ના રોજ રોટરી ક્લબ ઓફ વાસણાનો ઈન્સ્ટોલેશન સેરેમનીનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં નવા વર્ષ માટે નિયુક્ત થયેલ પ્રમુખ, મંત્રી અને કમિટીના સભ્યોની શપથ ગ્રહણ વિધિનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. સાથે સાથે ગત વર્ષ દરમિયાન જેઓએ સીમાચિહ્નરૂપ કાર્યો કર્યા તેમના બહુમાન અને શિલ્ડ એનાયત કરવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તાજેતરમાં જ ચાલુ કરવામાં આવેલ ગીતા મંદિર ખાતેના ડાયાલિસિસ સેન્ટરમાં રોટરી ક્લબ ઓફ વાસણાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવેલ હોતાં, સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, પૂર્વ પ્રમુખ શ્રી અશોક મહેતા, ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ તથા અન્ય ટ્રસ્ટીઓ શ્રી અશ્વિન હીરજી સાવલા તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમ શરૂ થાય એ અગાઉ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે કેટલાક રોટેરીયન ડોક્ટર્સ કે જેમાં ઝાયડસ હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ ડૉ. દેવાંગ પટવારી, રેડિયોલોજિસ્ટ ડૉ. ભાવિક શાહ, ડૉ. તપન શાહ (કે જેઓ અમદાવાદમાં જ પ્રાઈવેટ હોસ્પિટલ ધરાવે છે) અને શૈલ્ય હોસ્પિટલના ડાયરેક્ટર સર્જન - ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ ડૉ. કૌશલ આનંદ વગેરે સાથે એક મીટિંગ યોજવામાં આવેલ કે જેમાં પરિમલ જૈન સંઘે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને મેડિકલ સેન્ટર શરૂ કરવા અથવા અન્ય સામાજિક પ્રવૃત્તિઓ કરવા ઑફર કરેલ, અત્યારના હયાત ઉપાશ્રયના બીજા માળે ૧૩૦૦ ચો.ફૂટ કારપેટ એરીયાની જગ્યા તથા નજદીકના ભવિષ્યમાં ઊભા કરવામાં આવનાર તેમના અન્ય મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર ૪૫૦૦ ચો.ફૂટ કારપેટ એરીયાની જગ્યાઓ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. આ માટે બંને જગ્યાના ડ્રોઇંગ મંગાવી તેના ફિઝીબિલીટી રીપોર્ટ અને પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાનું કામ ડૉ. કૌશલ આનંદે ઉપાડી લીધેલ હતું. ૪૫૦૦ ચો. ફૂટવાળી જગ્યામાં સુપર સ્પેશિયાલિટી ઓ.પી.ડી. તથા ડાયગ્નોસ્ટીક સેન્ટર સ્થાપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

રોટરી ક્લબ વાસણાનો સમારંભ શરૂ થતાં, વિદાય લઇ રહેલ પ્રમુખ શ્રી દેવેન શાહ અને મંત્રી શ્રી નીરવ શાહના સ્થાને નવા પ્રમુખશ્રી તરીકે શ્રીમતી મિલીતા શાહ તથા સેક્રેટરી તરીકે શ્રીમતી રૂપલ શાહની શપથ ગ્રહણ વિધિનો કાર્યક્રમ દબદબાભેર ઉજવવામાં આવેલ હતો. સાથે સાથે વર્ષ ૨૦૨૨-૨૩ની નવી કમિટીની શપથ ગ્રહણ વિધિનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ હતો.

આ પ્રસંગે વિદાય લઇ રહેલ પ્રમુખ શ્રી દેવેન શાહે પોતાના વક્તવ્યમાં ગત આખા વર્ષ દરમિયાન કરવામાં આવેલ કાર્યક્રમની વિગતો જણાવેલ હતી કે જેમાં તેમણે વાસણા ક્લબને મળેલ રોટલી ડિસ્ટ્રીક્ટ ઍવોર્ડ કે જે આખાયે રીજીયનમાં શ્રેષ્ઠ ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેક્ટ તરીકે વખણાયો હતો. આ પ્રોજેક્ટ એટલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે રહીને ગીતા મંદિર ખાતે ઊભા કરવામાં આવેલ ડાયાલિસિસ સેન્ટરના અનુસંધાને હતો અને તેના પ્રતિભાવ સ્વરૂપે તેઓ દ્વારા આ કાર્યક્રમ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડનું બહુમાન કરવામાં આવેલ હતું. સાથે સાથે સમાજના અન્ય ટ્રસ્ટીશ્રીઓ કે જેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા તેવા પૂર્વપ્રમુખ શ્રી અશોક મહેતા, ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ, સમાજની પાલડી ખાતેની મેડિકલ સમિતિના કન્વીનર અને ટ્રસ્ટી શ્રી અશ્વિન સાવલા તથા અન્ય ટ્રસ્ટી શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહનું સ્ટેજ પર બોલાવીને તેઓનું પણ બહુમાન કરવામાં આવેલ હતું.

પ્રમુખકીય વક્તવ્ય દરમિયાન રોટરી ક્લબના આગામી વર્ષના આયોજનમાં બાર મહિનાના બાર મેડિકલ ચેક-અપ કેમ્પ અને રોટરી વન (વૃક્ષારોપણ) વગેરે પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવેલ હતી. આ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે આ પ્રકારના બધા જ મેડિકલ ચેક-અપ કેમ્પ શ્રી કચ્છી જૈન સેવા સમાજના પાલડી તથા બોપલ મેડિકલ સેન્ટરમાં યોજવાની ઑફર કરેલ તથા રોટરી ક્લબ ઓફ વાસણા જેટલા પણ રોટરી વન ઊભા કરવા માંગે છે તે બધામાં પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જે-તે જગ્યા પર રોટરી ક્લબ સાથે રહીને બધા જ વનની ફિઝીકલ જવાબદારી સ્વીકારવાનું જણાવતા અને તેની જાહેરાત વિદાય લઇ રહેલા પ્રમુખ શ્રી દેવેન શાહે માઇક પર કરતાં આખોયે હોલ ઉપસ્થિત સભાજનની તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠેલ હતો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખની જાહેરાતને વધાવી લેવામાં આવેલ હતી.

વિશેષમાં જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ તથા ટ્રસ્ટી શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ રોટરી ક્લબ ઓફ વાસણાના સભ્ય હોવાથી બંને સંસ્થા એકબીજાની ખૂબ જ નજદીક આવી ગયાથી અને ગીતા મંદિર ડાયાલિસિસ સેન્ટર માટે જે કંઈ ડોનેશન્સ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પ્રાપ્ત થયા તેનો યશ આ પતિ-પત્નીની બેલડીને આપવો જ રહ્યો.

અંતમાં રોટરી ક્લબના પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રીએ પોતાનું વક્તવ્ય રજૂ કરેલ અને છૂટાં પડતા પહેલાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે પણ રોટરી ક્લબનો દિલથી આભાર વ્યક્ત કરેલ હતો.

ત્યારબાદ સમૂહ ભોજનની મિજબાની માણી સૌ છૂટા પડ્યા હતા.

*– હિરેન કે. શાહ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એક નવા પ્રોજેક્ટ તરફ આગેકૂચ

અમદાવાદની ચાંગોદર ઔદ્યોગિક વસાહતમાં અનેક નાના-મોટા ઉદ્યોગો કાર્યરત છે અને તેઓ દિન-રાત પોતાનું પ્રોડક્શન ભરી રાખે છે. આવું જ એક ઔદ્યોગિક યુનીટ છે : "હેમલોન સિન્થેટીક્સ પ્રાઈવેટ લિમિટેડ." આ યુનીટની ચાંગોદર વસાહતમાં બે ફેક્ટરી છે અને કડીમાં એક ફેક્ટરી છે. ટોટલ લગભગ ૩૫૦ વર્કર્સ કામ કરે છે. તેના ચેરમેનશ્રીનું નામ જયેશભાઈ મઝમુદાર છે. તેઓશ્રી સિન્થેટીક યાર્નનું પ્રોડક્શન કરે છે.

શ્રી જયેશભાઈ મઝમુદાર તથા તેમના પિતાશ્રી અવારનવાર પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન પર તેના મેડિકલ સેન્ટરમાં સારવાર અર્થે અથવા તો ત્યાંના સાંસ્કૃતિક કેન્દ્રમાં કોઈ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા. તેથી તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓથી સારા એવા માહિતગાર હતા.

એક દિવસ તેમનો સમાજના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ પર ફોન આવ્યો કે મારે ચાંગોદર વિસ્તારમાં ત્રણ માળના બિલ્ડિંગમાં પહેલા માળે ૧૬૦૦ ચો.ફૂટ જેટલા કારપેટ એરિયાની ઓફિસ છે કે જ્યાં મારે જાહેર જનતાના હિત માટે એજ્યુકેશન અથવા તો મેડિકલ વિભાગમાં કોઈ કાર્યો કરવાના છે. એ કામ આપની સંસ્થાને સોંપવાની મારી ઈચ્છા છે. તો આપશ્રી એક વખત સાઈટ પર તેની મુલાકાત લેવા આવી શકશો તો તે યોગ્ય રહેશે.

તેઓશ્રી સાથે નક્કી કર્યા મુજબ પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા, મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ખજાનચી શ્રી કે.ડી. શાહ અને બોપલ મેડિકલ સમિતિના કન્વીનર તથા ટ્રસ્ટી શ્રી હિતેન્દ્ર શાહ તા. ૨૧-૭-૨૨ના રોજ સવારના ચાંગોદર સાઈટની મુલાકાતે ગયેલ હતા.

શ્રી જયેશભાઈએ બધાનું હાર્દિક સ્વાગત કર્યું. વિવિધ કાર્યોની ચર્ચા કરવામાં આવી. ચર્ચા-વિચારણાના અંતે ૧૬૦૦ ચો.ફૂટ જગ્યામાં એક નાનું મેડિકલ સેન્ટર ઊભું કરવાનું નક્કી કરવામાં આવ્યું. અહીં સોપ્રથમ જનરલ પ્રેક્ટીશનર ડૉક્ટરની સેવા ઉપલબ્ધ કરાવવી, શક્ય વિવિધ વિભાગની ઓ.પી.ડી. સેવાઓ આપવી, પેથોલોજી લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી વગેરે પરીક્ષણ વિભાગો શરૂ કરવા. શક્ય હોય તો મેડિકલ શોપની સેવા પણ ઉપલબ્ધ કરાવવી વગેરે વિગતોની પ્રાથમિકપણે ચર્ચા કરવામાં આવી.

આ સંપૂર્ણ યુનીટ તથા તેની કેબિનો, ફર્નિચર, ડાયગ્નોસ્ટીક સાધનો વગેરે શ્રી જયેશભાઈ પૂરા પાડશે અને ત્યારબાદ મેડિકલ સેન્ટર સંપૂર્ણપણે ચલાવવાની તથા કાયદાકીય પરમિશનો વગેરે મેળવવાની સંપૂર્ણ જવાબદારી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિભાવશે તેવું પ્રાથમિકપણે નક્કી કરવામાં આવ્યું.

ત્યારબાદ શ્રી જયેશભાઈએ તેમના યુનીટના પ્લાન સમાજ પર મોકલી આપેલ છે કે જેમાં મેડિકલ વિભાગને અનુકૂળ પ્લાનિંગ તથા તેના એસ્ટીમેટ વગેરે સાથેનો પ્રોજેક્ટ રીપોર્ટ ડૉ. હિતેન્દ્ર શાહ તૈયાર કરી રહ્યા છે.

ઓગસ્ટ-૨૦૨૨ના પ્રથમ અઠવાડિયામાં આ પ્રોજેક્ટ રીપોર્ટ સાથે શ્રી જયેશભાઈ મઝમુદાર સાથે બેસીને આગળના આયોજનો નક્કી કરવાનું વિચારાયેલ છે.

- **એક વિશેષ વાત :**

શ્રી જયેશભાઈના આ ૧૬૦૦ ચો.ફૂટના યુનીટની બાજુમાં જ એટલે કે મકાનના પ્રથમ માળના છેડા પર બીજુ એક ૧૬૦૦ ચો. ફૂટનું યુનીટ આવેલ છે કે જે તેના બિલ્ડરે વેચાણ માટે મૂકેલ છે. આ યુનીટની બજાર કિંમત લગભગ રૂપિયા ૮૦ લાખ જેટલી થાય છે. અન્ય ખર્ચના રૂપિયા ૨૦ લાખ ગણના કરીએ તો રૂા. ૧.૦૦ કરોડ જેટલી જરૂરિયાત ઊભી થવા જાય. અગર આ મેડિકલ સેન્ટર ૩૨૦૦ ચો.ફૂટ જેટલા કાર્પેટ એરીયામાં વિસ્તૃત કરી શકાય તો અહીં જનરલ પ્રેક્ટીશનર ડૉક્ટર, મેડિકલ શોપ અને સાથે સાથે પેથોલોજી લેબોરેટરી તથા અન્ય પરીક્ષણ વિભાગો તેમજ ઓ.પી.ડી. વિભાગો સાથેનું મેડિકલ સેન્ટર કાર્યકર કરી શકાય કે જેની સેવા હાલે આ વિસ્તારમાં બિલકુલ પ્રાપ્ત થયેલ ન હોવાથી ્ગર આ સમાજ દ્વારા આ કેન્દ્ર ઊભું કરી શકાશે, તો તે આ વિસ્તારના હજારો વર્કર્સ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ ક્ષેત્રે વિસ્તૃતપણે કાર્યરત રહેવા યોગ્ય ડોનરની અપેક્ષા સેવી રહેલ છે અને અમને આશા છે કે સમાજના વિવિધ મહાનુભાવો પાસેથી તેના હકારાત્મક પરિણામો આવતા દિવસોમાં આવી શકશે.

***રજનીકાંત પારેખ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : હિસાબી સમિતિ

હિસાબી સમિતિની એક મીટિંગ શુક્રવાર, તા. ૨૨-૭-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારે ૧૦.૩૦ કલાકે મળેલ હતી. નીચેના સભ્યો હાજર રહ્યા હતા : શ્રી કે.ડી. શાહ, શ્રી હસમુખભાઈ શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી વિમેશભાઈ શાહ, શ્રી રજનીકાંત પારેખ (માનદ્ મંત્રી), શ્રી કિશોરભાઈ ઠક્કર (મેનેજર).

વર્ષ ૨૦૨૧-૨૨ના તૈયાર થયેલ હિસાબોની ચર્ચા વિચારણા કરી ટ્રસ્ટ બોર્ડની મંજૂરી માટે મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

રૂમોના ભાડા અંગે જી.એસ.ટી. અને સાંસ્કૃતિક હોલના ભાડા અને જી.એસ.ટી. અંગે ચર્ચા કરવામાં આવી હતી.

***– ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ)***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : એક્ટિવિટી

- સમાજનાં ટ્રસ્ટી અને ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ તા. ૦૧-૦૭-૨૦૨૨નાં રોજ, રોટરી ક્લબની ટીમ સાથે મેસર્સ ટોરેન્ટ પાવર લિમિટેડનાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટરની મુલાકાતે ગયા હતા. ગીતા મંદિર ભવન ખાતે અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને રોટરી ક્લબ સાથે રહીને જે કૌશલ્ય (સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર) બનાવવાની પ્રપોઝલ ચાલી રહી છે, તેના માટે સ્પોન્સરશિપની માંગણી કરવા. મુલાકાત ઘણી જ સારી રહી હતી અને આ પ્રપોઝલ આગળ ઉપર એમ.ડી. શ્રી સુધીરભાઈ મહેતાની પાસે મૂકવામાં આવશે તેમ જણાવેલ હતું. ટોરેન્ટ પાવરની ટીમને આ પ્રપોઝલ ખૂબ જ પસંદ પડેલ હતી.
- તા. ૦૪-૦૭-૨૦૨૨નાં રોજ શ્રી હિરેન કે. શાહ અને શ્રી જશવંતભાઈ કોઠારી, શ્રી પરિમલ જૈન સંઘનાં ઉપાશ્રયમાં, જે ૧૫૦૦ સ્કવેર ફૂટની બીજા માળની જગ્યા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ઑફર કરવામાં આવેલ છે, ત્યાં આયુર્વેદ વિભાગ શરૂ કરવા માટેની શક્યતા તપાસવા માટે આયુર્વેદાચાર્ય ડૉ. શ્રીમતી ગાર્ગીબેન વસાવડાને લઈને ગયા હતા. તેઓએ જગ્યા જોઈ હતી અને હવે પછી વાયેબિલીટી રીપોર્ટ બનાવીને શ્રી પરિમલ જૈન સંઘને ઑફર કરવામાં આવશે.
- શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન કે. શાહ અને શ્રી કે.ડી. શાહની હાજરીમાં શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર વિસરીયા સાથે મીટિંગ યોજવામાં આવી હતી અને તેમને ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ધ્વજવંદન માટે આમંત્રણ આપવામાં આવેલ હતું. તેમણે આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરેલ હતો અને આ આમંત્રણ માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.
- શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન કે. શાહ, શ્રી કે.ડી. શાહ અને શ્રી અશોક મહેતાની હાજરીમાં હાલમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરમાં નિઃશુલ્ક ડાયાલિસિસ કરવા માટે જેમના તરફથી દાનની સરવાણી વહેવડાવવામાં આવે છે તેવા શ્રી વિલાસભાઈ બાવીસ્કર સાથે એક મીટિંગનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ હતું અને તેમની સાથે એસ.ટી. ભવન ઉપર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અને પંચવટી જૈન ઉપાશ્રયની બિલ્ડિંગમાં આયુર્વેદ વિભાગના વિકાસ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.
- સફલ બિલ્ડર્સના શ્રી ધીરેનભાઈ સાથે સમાજના ટ્રસ્ટીઓ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખ ગઢેચા અને શ્રી અશોકભાઈ મહેતાએ તેમની ઓફિસે મુલાકાત કરી હતી. તેમના તરફથી શાહીબાગ નમસ્તે સર્કલ પાસે આવેલ જગ્યામાં મેડિકલ સેન્ટર સ્થાપવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

  સમાજ તરફથી સ્થાપિત કરવામાં આવનારા મેડિકલ સેન્ટરની ઝાંખી વિવિધ નકશાઓ અને પ્રોજેક્ટ રીપોર્ટ દ્વારા કરાવવામાં આવેલ હતી. તેમને કુલ પ્રોજેક્ટની કોસ્ટ જણાવવામાં આવેલ હતી અને આ પ્રોજેક્ટ માટે તેમના તરફથી જગ્યા ઉપરાંત આર્થિક રીતે અમુક રકમનું અનુદાન મળે તો આ પ્રોજેક્ટ આપણે ઝડપથી પૂર્ણ કરી શકીએ તેમ જણાવવામાં આવેલ હતું. આ અંગે તેમનો સકારાત્મક પ્રતિભાવ મળેલ હતો.
- આપણા મેડિકલ સેન્ટરમાં નિયમિતપણે લેબોરેટરીમાં પરીક્ષણ કરાવવા માટે આવતા શ્રી આનંદભાઈ મજમુદાર, કે જેઓ 'હેમલોન સિન્થેટીક લિ.'ના ડાયરેક્ટર છે, તેઓએ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહ સાથે મુલાકાત કરી હતી અને જણાવ્યું હતું કે આપની આરોગ્યલક્ષી સેવાથી હું ખૂબ જ પ્રભાવિત થયેલ છું. છેલ્લા ૩૦ વર્ષથી હું અને મારા પરિવારના સભ્યશ્રીઓ આ સેન્ટરની વારંવાર મુલાકાત લઈએ છીએ. તમારી આ ઉમદા સેવાથી મને પ્રેરણા મળેલ છે અને ચાંગોદરમાં મેં એક જગ્યા આવી સેવા કરવાના ઉદ્દેશ્યથી ખરીદેલ છે. આપ લોકોના અમને સાથ-સહકાર મળે તેમજ આપણે નવા મેડિકલ સેન્ટરની સુવિધા ત્યાં ઉપલબ્ધ કરાવી શકીએ તો મારી ફેક્ટરીમાં કામ કરતાં બસો પચ્ચાસ કામદારોના પરિવારો ઉપરાંત મારે ત્યાં બહારથી આવતા સો પરિવારો અને આજુબાજુ રહેતા આર્થિક રીતે નબળા પરિવારોને મદદરૂપ થઈ શકીએ. આ માટે આપશ્રી એક પ્રોજેક્ટ બનાવી આપો અને અમોને જગ્યા ઉપરાંત કેટલું આર્થિક અનુદાન આપવું પડે તે અંગે આપણે આવનાર ટૂંક સમયમાં મારા સંતાનો સાથે બેસીને આ પ્રવૃત્તિ સાકાર પામે તેવું આયોજન કરીએ. સમાજના હોદ્દેદારોએ તેમની આ પ્રપોઝલ હર્ષથી વધાવી લીધી હતી અને આ પ્રોજેક્ટમાં તન-મન-ધનથી સેવા કરવાનો અને અનુભવનો લાભ આપવા માટે ખુશીથી સંમતિ આપેલ હતી.
- શાહીબાગ ખાતે ડાયાલિસિસ સેન્ટરમાં 'આરોગ્ય કાર્ડ' માટે નીમવામાં આવેલ ટી.પી. હેલ્થ કમિટી તરફથી ઈન્સ્પેક્શન ગોઠવવામાં આવેલ હતું. આ ઈન્સ્પેક્શન માટે માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર તથા કૃષ્ણકાંત મોદી અને ડૉ. દિલીપભાઈ રામાવત ઉપસ્થિત રહેલ હતા. તેમના તરફથી વિવિધ જાતના પત્રકો અને સાહિત્ય માંગવામાં આવેલ, જેમાં સ્ટાફની વિગત, ડૉક્ટરોની વિગત, પેથોલોજી લેબોરેટરી સાથે એમ્બ્યુલન્સ

તેમજ મેડિસીન માટે જે-તે સંસ્થા સાથે ટાઈ-અપ (જોડાણ) કર્યું હોય તેની વિગત, બિલ્ડિંગની બી.યુ. પરમિશન, ફાયર સેફ્ટીનું સર્ટીફિકેટ વગેરે.

તેમની માંગણી પ્રમાણેના પત્રકો પૂરા પાડવામાં આવ્યા હતા અને તેઓએ સંતોષ સાથે ઈન્સ્પેક્શન પૂર્ણ કરેલ હતું.

❀ એસ.ટી. ભવન ખાતે ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર અને બોપલ ખાતેના નવનીત ડાયાલિસિસ સેન્ટરના 'માં કાર્ડ અને આયુષ્માન કાર્ડ' માટે આયુષ્યમાન કાર્ડની ઓફિસની મુલાકાત માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર તથા કૃષ્ણકાંત મોદીએ લીધેલ હતી અને તેમના અધિકારીશ્રીને મળીને ઉપર્યુક્ત બંને સંસ્થા માટે આપણે આયુષ્માન કાર્ડની ફેસિલીટી અંગે જે માંગણી કરેલ છે તેમાં હજી સુધી આ સેવા અંગે મંજૂરી મળેલ નથી તેવી રજૂઆત કરતાં આપણા દ્વારા કયા કયા ડોક્યુમેન્ટ્સ ફરીથી અને કઈ રીતે વ્યવસ્થિત રીતે અપલોડ કરવા, તેવી સરસ મજાની સમજણ તેમના તરફથી પૂરી પાડવામાં આવેલ. અને આ રીતે ખૂટતા ડોક્યુમેન્ટ્સ પૂરા પાડીશું કે તરત જ તેઓ યોગ્ય કાર્યવાહી કરશે તેમ જણાવ્યું હતું.

❀ બોપલ ખાતેના મેડિકલ સેન્ટર માટે 'ફોર્મ સી' લેવા માટે માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ અને મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કરે આરોગ્ય ભવનની મુલાકાત લીધી હતી અને આપણી અરજીના અનુસંધાનમાં પૂછપરછ કરતાં જાણવા મળેલ હતું કે આપણે એસ્ટેટ વિભાગમાં આપણે ટોકન ભાડેથી લીધેલ બિલ્ડિંગ અંગેની માહિતી ત્યાં મોકલવાની અને ત્યાંથી ઓ.કે. થયા બાદ આપણને તેઓ નવનીત મેડિકલ સેન્ટર - બોપલ માટે 'ફોર્મ સી' ઈસ્યુ કરશે. આ ઉપરાંત તેમણે જે અન્ય ડોક્યુમેન્ટ્સ જોઈએ તે અંગે માહિતી મેળવીને આરોગ્ય ભવનમાં ઝડપથી સબમીટ કરવા અંગેની કાર્યવાહી કરી હતી.

❀ તા. ૧૦ જુલાઈ અને ૧૧ જુલાઈએ પડેલ ૧૮ ઇંચ અવિરત વરસાદના કારણે પાલડી ભવનના ભોંયરામાં ૬-૭ લાખ લીટર પાણી ભરાઈ ગયું હતું. ભોંયરામાં લગભગ છ ફૂટ પાણી હતું. એક ફાયર ફાઈટર ૧૮ કલાક અને ૩''ની મોટર અવિરત ૩૦ કલાક ચલાવી, પાણી ઉલેચવામાં આવ્યું.

ભોંયરામાં થયેલ નુકસાન બદલ ઈન્સ્યોરન્સ કંપનીને ઈન્ટીમેશન આપવામાં આવ્યું અને તેના સર્વેયર જોડે ચર્ચા કરી નુકસાનનો અંદાજ મૂકવામાં આવ્યો. અને તે પ્રમાણેની વિવિધ મશીનોમાં થયેલ નુકસાનના ખર્ચનો તાગ મેળવી જે તે કંપની પાસેથી મેળવી, ક્લેઈમ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાફસુફી બાદ ફિઝિયોથેરાપીના અમુક વિભાગ અને ડેન્ટલની એક ચેરની સુવિધાથી ઓ.પી.ડી. એક અઠવાડિયા પછી ચાલુ કરવામાં આવી.

❀ તા. ૧૬-૦૭-૨૦૨૨ના રોજ કારોબારી સમિતિની મીટિંગ બોલાવવામાં આવી. તેમાં ૧૩ સભ્યોની હાજરી હતી. આ મીટિંગમાં પાલડી ભવન, મેડિકલ સેન્ટર, ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ વગેરેનાં થયેલ ખર્ચ ઉપર ચર્ચા વિચારણા કરી મંજૂર કરવામાં આવ્યા.

❀ તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ યોજવામાં આવનાર સ્નેહ મિલન અને સ્વામિવાત્સલ્યના કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વાગત સમિતિ, સ્ટેજ સમિતિ, જમણવાર સમિતિ અને વોલન્ટીયર્સ સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિઓના સભ્યોના નામ નક્કી કરવામાં આવ્યા.

***રજનીકાંત પારેખ***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી બ્રિજેશ દોશીની પાલડી ભવનની મુલાકાત

શનિવાર, તા. ૦૨-૦૭-૨૦૨૨નાં રોજ ''ઝી ૨૪ કલાક''ના સ્પેશિયલ કોરસપોન્ડન્ટ શ્રી બ્રિજેશ દોશી અને તેમના પત્ની શ્રીમતી નમ્રતા દોશી (કે જે આપણા સમાજનાં નિયાણી છે) શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની મુલાકાતે આવેલ હતા, કે જેમની સાથે ટ્રસ્ટીઓ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી આશિષ શાહ અને શ્રી હિરેન કે. શાહ હાજર રહેલ હતા. આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત કરીને આવેલાં ટ્રસ્ટીઓએ આગળની કાર્યવાહીની ચર્ચા વિચારણા શ્રી બ્રિજેશભાઈ સાથે કરેલ અને તા. ૧૮-૦૯-૨૦૨૨નાં રોજ આયોજિત સ્નેહ મિલનમાં મુખ્યમંત્રીશ્રી ઉપરાંત બીજા કોને બોલાવવા જોઈએ અને કોણ – કોને આમંત્રણ આપશે તે નક્કી કરેલ હતું. શ્રી બ્રિજેશભાઈએ બે-ત્રણ નામ સૂચવેલ હતા. તે મુજબ ઓગસ્ટ મહિનામાં આમંત્રણ પત્રિકાઓ સાથે શ્રી હિરેન કે. શાહ અને શ્રી આશિષ શાહ વગેરે સાથે શ્રી બ્રિજેશ દોશી ગાંધીનગર અને અમદાવાદ ફરશે તેમ ઠરાવ્યું હતું. વળી કચ્છના ધારાસભ્યોને આમંત્રણ આપવા શ્રી પ્રતાપ નારાણજી દંડે જરૂર પડ્યે કચ્છ જવાનું પણ સૂચન કરેલ હતું. ઓગસ્ટમાં ફરી મુલાકાત કરીને પરિસ્થિતિ પ્રમાણે આગળની કાર્યવાહી નક્કી કરવાનું ફાઈનલ થયેલ હતું (તે મુજબ શ્રી હિરેન કે. શાહ અને શ્રી બ્રિજેશ દોશી બીજા દિવસે શ્રી હર્ષભાઈ સંઘવીને મળીને આમંત્રણ આપી આવ્યા છે.)

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### "હેર ડોનેશન ફોર કેન્સર પેશન્ટ"
### આ વિષયની જાગૃતિ ફેલાવતા સેમિનારની ફળશ્રુતિ
### (Positive Response)

મહિલા ઉત્કર્ષ સમિતિ અને રોટરી ક્લબ ઓફ વાસણા - અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૭-૬-૨૦૨૨ના ઉપરોક્ત વિષયની જાગૃતિ ફેલાવતો સેમિનાર યોજાઈ ગયો. જે અંતર્ગત રોટરી ક્લબના હોદ્દેદારોએ હેર ડોનેશનની અગત્યતા સમજાવી હતી. વાળ ડોનેટ કર્યા બાદ, આ વાળની વિગ જરૂરિયાતમંદ કેન્સર પેશન્ટને પહોંચે ત્યાં સુધીની સંપૂર્ણ વિધિની વિસ્તૃત સમજણ આપી હતી.

હેર ડોનર તરીકે શ્રીમતી ફાલ્ગુનીબેને (સંસ્થાના ટ્રસ્ટી)એ પોતાનો સુખદ - પ્રેરણાદાયી અનુભવ વર્ણવ્યો હતો. સમાજની ૮ વર્ષની દીકરી મોક્ષા ધનરાજ દેઢિયાએ પણ વાળ ડોનેટ કર્યા હતા – જે નોંધને પાત્ર છે.

હેર ડોનર્સને રોટરી ક્લબ દ્વારા સર્ટીફિકેટ અને મોમેન્ટો અર્પણ કરાયા હતા. સમિતિ વતી હેર ડોનર્સ અને રોટરી ક્લબના હોદ્દેદારોને Instant Khichadi Premix (Kutch Organiks) મોમેન્ટોરૂપી અપાયા હતા. કાર્યક્રમના ઉત્તરાર્ધમાં સૌ બહેનોને ગેમ્સ રમાડીને ઇનામો પણ અપાયા હતા.

અમને જણાવતા આનંદ થાય છે કે ઉપરોક્ત કાર્યક્રમના ફળ સ્વરૂપે આ અભિયાનમાં વધુ ત્રણ બહેનો જોડાયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે, આ ત્રણેય બહેનો ૬૦+ ની ઉંમરની છે.

(૧) શ્રીમતી બિંદુ શાહ

(૨) શ્રીમતી હીના શેઠ

(૩) શ્રીમતી સુષ્મા દોશી

આ ત્રણેય બહેનો ધન્યવાદને પાત્ર છે. શ્રીમતી બિંદુ શાહે આ ઉમદા કાર્ય પોતાના જન્મ દિવસે કરવાનું નક્કી કર્યું હતું, જે ખરેખર પ્રશંસનીય છે.

સમિતિ આશા રાખે છે કે, "હેર ડોનેશન ફોર કેન્સર પેશન્ટ" અભિયાનમાં વધુને વધુ બહેનો જોડાતા રહે અને વધુને વધુ પ્રચાર અને પ્રસાર કરતા રહે.

*સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા*
***WhatsApp Group @ 80009 72969 જોડાઓ***

*શ્રીમતી સુલુ જલદીપ શાહ - કન્વીનર*




*હેર ડોનર્સ, રોટરી ક્લબના હોદ્દેદારો અને સમિતિના સભ્યો "KO" સાથે*




*ફાલ્ગુનીબેનને મોમેન્ટો અર્પણ કરતા કન્વીનર અને રોટરી ક્લબના હોદ્દેદારો*




*કુ. મોક્ષાને સર્ટીફિકેટ આપતા સમિતિ સભ્યો*



*ગેમ્સનો આનંદ લેતી બહેનો*



*હેર ડોનર્સ શ્રીમતી હીના શેઠ, શ્રીમતી બિંદુ શાહ, શ્રીમતી સુષ્મા દોશી*

## સામાજિક સુરક્ષા સમિતિ

સામાજિક સુરક્ષા સમિતિની મળેલ મીટિંગમાં સમાજના સભ્ય તરફથી આવેલ ત્રણ અરજી અને સ્ટાફ સભ્ય તરફથી આવેલ બે અરજી ઉપર ચર્ચા વિચારણા કરી યોગ્ય રકમ મંજૂર કરીને સહાય આપવામાં આવી હતી.

બાળ સમૃદ્ધિ સમિતિ તરફથી આવેલ ત્રણ અરજીનો નિકાલ કરીને તેમના રોકાણના સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત જે બાળકો અઢાર વર્ષના થઇ ગયેલ છે અને જેમના મ્યુચ્યુઅલ ફંડમાં કરેલ રોકાણ મેચ્યોર થઇ ગયેલ છે એવા સાત સભ્યોને મ્યુચ્યુઅલ ફંડમાંથી પાકી ગયેલા નાણાં પરત અપાવવાની કાર્યવાહીમાં મદદ કરવામાં આવેલ હતી અને તેના માટે જે તે મ્યુચ્યુઅલ ફંડની ઓફિસનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેના માટે જરૂરી દસ્તાવેજો મેળવી આપવા સહાય કરવામાં આવેલ હતી.

***રજનીકાંત પારેખ***
***કન્વીનર - મેડિકલ સહાય સમિતિ તથા***
***સમાજ સુરક્ષા અને બાલ કલ્યાણ સમિતિ***

## મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ તથા અનુબંધ ફાઉન્ડેશનના સહયોગથી રવિવાર, તા. ૯-૧૦-૨૨ના રોજ સમસ્ત જૈન અપરીણિત યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી સંમેલન રાખેલ છે. જેમાં આવનાર ઉમેદવાર તથા આવનાર વડીલનું નામ આપે અગાઉથી રજિસ્ટર કરાવવાનું રહેશે.

*રજિસ્ટ્રેશન* : Male Candidate : Rs. 100/-
Female Candidate : Free
Per Parents/Guardian : Rs. 100/-

*સ્થળ* : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ.

*સમય* : બપોરના ૨ થી ૬ કલાકે.

*વધુ માહિતી માટે સંપર્ક :*

*ગિરીશ દેઢિયા : ૯૩૨૦૩ ૧૮૮૬૮*
*વીણાબેન સંઘવી : ૮૦૦૦૭ ૩૯૬૯૮*
*ચેતન ધરોડ : ૯૪૨૬૫ ૨૯૩૪૧*

***ગિરીશ દેઢિયા***
***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

## સીમ્સ હોસ્પિટલ દ્વારા

## અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોને "ગોલ્ડ કાર્ડ" વિતરણ યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે રહીને સીમ્સ હોસ્પિટલ દ્વારા અમદાવાદ સ્થિત દરેક કચ્છી જૈન પરિવારને "ગોલ્ડ કાર્ડ" વિતરણ કરવાની એક યોજના બનાવવામાં આવી છે. દરેક કચ્છી જૈન પરિવારને આ "ગોલ્ડ કાર્ડ" વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે.

અમદાવાદ સ્થિત જે કચ્છી જૈન પરિવારો પાસે આ ગોલ્ડ કાર્ડ હશે અને તેમના પરિવારના કોઈ પણ સભ્યને ભવિષ્યમાં ક્યારે પણ સીમ્સ હોસ્પિટલની સેવા લેવાનો સમય આવશે ત્યારે આ ગોલ્ડ કાર્ડ થકી તેઓને સીમ્સ હોસ્પિટલના ચાર્જીસમાં નીચે મુજબ કન્સેશન આપવામાં આવશે.

- ★ *૨૫% ડિસ્કાઉન્ટ : ઓ.પી.ડી. કન્સલ્ટેશન સામે*
- ★ *૨૦% ડિસ્કાઉન્ટ : ઓ.પી.ડી. પરીક્ષણ (ડાયગ્નોસ્ટીક / ટેસ્ટીંગ) સામે*
- ★ *૨૫% ડિસ્કાઉન્ટ : હેલ્થ ચેક અપની કોઈ પણ સ્કીમ સામે*
- ★ *૧૦% ડિસ્કાઉન્ટ : ઓ.પી.ડી. દવા સામે*
- ★ *૧૦% ડિસ્કાઉન્ટ : ઈન્ડોર પેશન્ટના બીલ સામે*

આથી અપીલ કરવામાં આવે છે કે અમદાવાદ સ્થિત દરેક કચ્છી જૈન પરિવાર આ "ગોલ્ડ કાર્ડ" વહેલી તકે મેળવી લે અને ભવિષ્યમાં કદાચ તેનો ઉપયોગ કરવાનો સમય આવે તો તેનો ફાયદો મેળવી શકે.

આ સાથે એક ફોર્મ આપવામાં આવેલ છે કે જે ભરીને દરેક કચ્છી જૈન પરિવાર આ ફોર્મ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યાલય (શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન સ્કૂલની સામે, પાલડી, અમદાવાદ) પર પહોંચતું કરશે તો તેમના ગોલ્ડ કાર્ડની વ્યવસ્થા કરવામાં આવશે.

***પ્રતાપ નારાણજી દંડ, મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬. ● ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

## સીમ્સ હોસ્પિટલમાંથી "ગોલ્ડ કાર્ડ" મેળવવા માટેનું ફોર્મ

પરિવારની મુખ્ય વ્યક્તિનું નામ : ____________________

મુખ્ય વ્યક્તિની ઉંમર : ________ વર્ષ ● મોબાઈલ નંબર : ____________________

રહેઠાણનું સરનામું : ____________________

____________________

કચ્છમાં ગામ તથા તાલુકો : ____________________

## પરિવારના સભ્યોના નામ તથા તેમની વિગત

| ક્રમ | નામ | ઉંમર વર્ષ | જન્મ તારીખ | મુખ્ય વ્યક્તિ સાથેનો સંબંધ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

*તારીખ :* ____________________

____________________
*પરિવારના મુખ્ય વ્યક્તિની સહી*

# જૈન માઇનોરીટી સમિતિ

દર વર્ષની જેમ આ વર્ષે પણ કેન્દ્ર સરકારની માઈનોરીટી સ્કોલરશીપની યોજના શરૂ થઈ ગયેલ છે. આ સ્કોલરશીપનો લાભ લેવા માટે દરેક વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરવા ફરજિયાત છે. જે માટેની વેબસાઈટ નીચે મુજબ છે :

*વેબસાઈટ :* **www.scholarships.gov.in** (National Scholarship Portal)

(૧) ધોરણ ૧ થી ૧૦ સુધી પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ, (૨) ધોરણ ૧૧, ૧૨ અને ગ્રેજ્યુએટના અભ્યાસક્રમો જેવા કે BA, B.Com., BCA, B.Sc. વગેરે માટે પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ, (૩) અને ઉચ્ચ અભ્યાસક્રમો જેવા કે એન્જિનિયરીંગ, મેડિકલ, પેરા મેડિકલ અને માસ્ટર્સ ડિગ્રીના કોર્સ માટે મેરીટ કમ મિન્સના ઓપ્શનમાં જઇ ફોર્મ ભરવું.

જે વિદ્યાર્થીઓએ ગયા વર્ષે સ્કોલરશીપનો લાભ લીધો છે, તેમણે રીન્યુઅલ ઓપ્શનમાં જઈ, ગયા વર્ષના આઈ.ડી.થી જ Apply કરવાનું છે. જે પણ વિદ્યાર્થીઓએ ગયા વર્ષે સ્કોલપશીપનો લાભ લીધો હોય, પણ આ વર્ષે, ઘર અથવા તો શાળા / કોલેજ બદલી કર્યા હોય તો આ વર્ષે New User તરીકે એપ્લાય કરવું. જો તમે મોબાઈલ નંબર બદલી કર્યો હોય તો પણ New User તરીકે એપ્લાય કરવું. સ્કોલરશીપનો પ્રકાર બદલી થયો હોય દા.ત. પ્રિ-મેટ્રીકથી પોસ્ટ મેટ્રીક તો પણ New User તરીકે એપ્લાય કરવું.

ગયા વર્ષે જેમને ૫૦%થી વધુ માર્કસ આવ્યા છે, તે વિદ્યાર્થીઓ જ આ ફોર્મ ભરી શકશે. ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નીચે મુજબના દસ્તાવેજોની સ્કેન કોપીની જરૂર પડશે. તે દરેક દસ્તાવેજોનું એક ફોલ્ડર બનાવીને ડેસ્ક ટોપ પર જ સેવ કરી લેવું.

૧. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો
૨. ઈન્સ્ટીટ્યુટ વેરીફિકેશન ફોર્મ
૩. આવકનું પ્રમાણપત્ર (Income Certificate) From Tahsildar Office
૪. જૈન માઈનોરીટી સર્ટીફિકેટ
૫. ગત શૈક્ષણિક વર્ષની સ્વ-પ્રમાણિત માર્કશીટ ૫૦%થી વધુ માર્ક હોવા જરૂરી છે. (નવી અરજી તેમજ રીન્યુઅલ – બંને માટે જરૂરી)
૬. ચાલુ શૈક્ષણિક વર્ષની ફી રસીદ.
૭. વિદ્યાર્થીના નામનું બેંક એકાઉન્ટનું પ્રુફ / પાસબુકના પ્રથમ પાનાની કોપી
૮. આધાર કાર્ડ
૯. રહેવાસનું પ્રમાણપત્ર / રહેઠાણનો પુરાવો.

રજીસ્ટ્રેશન પાર્ટ-૧ ભર્યા પછી મોબાઈલ ઉપર OTP પાસવર્ડ આવશે. જે સાચવીને સાથે રાખવો. નવું રજીસ્ટ્રેશન કરતાં જ ૧૭ આંકડાનો નંબર આવશે જે ખૂબ જ સાચવીને રાખવો. એકથી વધુ જગ્યાએ નોંધ કરી લેવો. જો શક્ય હોય તો તમારા ઈ-મેઈલમાં સેવ કરી સાચવી રાખવો.

પાર્ટ-૨ માં LOGIN TO APPLY ઓપ્શનમાં જઇ આ રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ નાંખી, જન્મ તારીખ નાંખી, બાકીનું ફોર્મ ભરવું. રીલીજીયનની કોલમમાં જૈન લખવું. કાસ્ટ / કોમ્યુનિટી કેટેગરીમાં જનરલ લખવું.

ઓનલાઇન ફોર્મ ભર્યા પછી તે ફોર્મની પ્રિન્ટઆઉટ કાઢી જરૂરી દસ્તાવેજો સાથે સ્કુલ / કોલેજમાં જમા કરાવી, તેના ઉપર મળ્યાની તારીખ સાથે સ્ટમ્પ અને સહી લઈ લેવી.

પ્રિ-મેટ્રીક (Pre-Matric) સ્કોલરશીપ માટેની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧ લાખથી ઓછી છે.

પોસ્ટ મેટ્રીક (Post Matric) ૧૧મુ - ૧૨મુ ધોરણ તેમજ ગ્રેજ્યુએટના કોર્સ માટેની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨ લાખથી ઓછી છે.

મેરીટ કમ મિન્સ (Merit Cum Means)ના કોર્સ માટેની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫ લાખ છે.

ફોર્મ ભર્યા પછી સબમિટ કરતા પહેલા બે વાર ચેક કરવું. ભૂલ થઈ હશે તો સુધરશે નહીં.

શાળા અથવા કોલેજ જો ફોર્મ સ્વિકારવાની ના પાડે તો નીચેના નંબર અથવા ઈ-મેઈલ પર સંપર્ક કરવો.

**0120 6619540, Helpdesk@nsp.gov.in**

***ફોર્મ ભર્યા બાદ http://bit.do/kvosjm લીંક પર ફોર્મ ભર્યાની વિગતો જરૂરથી ભરવી.***

● **ખાસ ધ્યાન આપો :**

૧. સ્કોલરશીપ એ આપણને જૈન માઈનોરીટી હેઠળ મળેલ સવલત છે. જો તમે આ સવલત મેળવવા માટે યોગ્ય હો, તો તેનો જરૂરથી લાભ લો.
૨. ગયા વર્ષમાં જો અરજી ન કરી હોય અથવા તો અરજી કરી હોય પરંતુ કોઈ પણ કારણસર જો સ્કોલરશીપ ન મળી હોય તો પણ આ વર્ષે ફરીથી અરજી કરો.
૩. સ્કોલરશીપ એ તમારી કારકિર્દીને ઉજ્જવળ બનાવવા માટે સપોર્ટ કરે છે. પણ વિદ્યાર્થીને તેની ગુણવત્તાને કારણે મળે છે.

**● વધુ માહિતી માટે સંપર્ક ●**
**વિમેશ શાહ : મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭**

# પર્યુષણ પર્વ : આત્મશુદ્ધિનું પર્વ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

મનુષ્યોને ઉત્સવો પ્રિય છે. સમયે સમયે જાતજાતના ઉત્સવો ઉજવતો રહે છે. ઉત્સવોથી જીવનમાં નવો ઉત્સાહ અને આનંદની પ્રાપ્તિ અને અભિવૃદ્ધિ થાય છે. ઉત્સવો દ્વારા પરસ્પરના સંબંધોમાં તાજગી આવે છે. સંબંધોમાં આવેલી ખારાશ કે ખટાશનો અંત આવે છે અને મીઠાશ ઉમેરાય છે. આથી આપણે જાતજાતના ઉત્સવો મનાવતા હોઈએ છીએ. સામાન્ય રીતે બે પ્રકારના ઉત્સવો મનાવવામાં આવે છે : (૧) લૌકિક ઉત્સવ અને (૨) લોકોત્તર ઉત્સવ. લૌકિક ઉત્સવમાં મનુષ્ય નવા નવા વસ્ત્રો, ગીત-સંગીત, નૃત્ય આદિ દ્વારા તેમજ જાતજાતની વાનગીઓ બનાવી ઉજવતો હોય છે. પરંતુ લોકોત્તર ઉત્સવ તદ્દન ભિન્ન રીતે ઉજવવામાં આવે છે. લોકોત્તર પર્વ તપ, જપ, ધાર્મિક ક્રિયા આદિ કરી ઉજવવામાં આવે છે. પર્યુષણ પર્વ, એ લોકોત્તર પર્વ છે. આ પર્વ જૈન ધર્મના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવતા હોય છે. ચાતુર્માસ દરમિયાન આ પર્વ આવે છે. ચાતુર્માસને પણ ધર્મારાધનાની ઋતુ ગણવામાં આવે છે. જેવી રીતે ચોમાસા પૂર્વે ખેડૂતો ખેતરને સાફ કરી તેને ખેડે છે અને અનાજ વાવે છે. વાવણી કરેલ અનાજ વરસાદ આવતા જ ઊગી નીકળે છે. વાવણીનું જતન કરે છે. ખેતરને વાડ તથા અન્ય રીતે રક્ષે છે અને અંતે મબલક પાક પ્રાપ્ત કરે છે. આમ એકમાંથી અનેક દાણા ઉગી નીકળે છે. તેવી જ રીતે આ ઋતુ દરમિયાન સાધકો ધર્મરૂપી બીજની વાવણી કરે છે અને તેનું સાધના દ્વારા જતન કરી ધર્મવૃદ્ધિ કરી આત્મિક ભાવનામાં અભિવૃદ્ધિ કરે છે.

ચોમાસામાં જ પર્યુષણ પર્વ આવે છે. પર્યુષણ શબ્દ 'પરિ' અને 'ઉષણ' એમ બે શબ્દોના સંયોગથી બનેલો સામાસિક શબ્દ છે. 'પરિ' એટલે ચારે તરફથી, 'ઉષણ' એટલે વસવું, રહેવું. આઠ દિવસ દરમિયાન સંપૂર્ણપણે આત્મા સમીપ રહેવું. આઠ દિવસ દરમિયાન ભૌતિક વસ્તુ, ભોગસામગ્રી અને અન્ય વસ્તુઓમાંથી મનને ખેંચી માત્ર આત્મ સન્મુખ રહેવાની પ્રવૃત્તિને, અભ્યાસને પર્યુષણ કહે છે. આ આઠ દિવસમાં આરાધના, સાધના અને ઉપવાસ આદિ કરી આત્મ સન્મુખ રહેવાનો પ્રયાસ કરવામાં આવે છે.

પર્યુષણ પર્વનો મુખ્ય સંદેશ તો ક્ષમાપનાનો છે. પોતાની ભૂલોની ક્ષમા માંગવી કોઈના દિલને દુભાવ્યું હોય તો તેની પાસે જઈને સાચા ભાવથી તેની ક્ષમા માંગવી. ક્ષમાના બે પક્ષ છે : એક તો પોતે કરેલી ભૂલોની ક્ષમા માંગવી. આજના યુગમાં સોરી – માફ કરશો એવું અવારનવાર બોલીએ છીએ. તે દ્વારા આપણી ભૂલોની ક્ષમા માંગી જ લઈએ છીએ. પરંતુ બીજાએ કરેલી ભૂલોની ક્ષમા આપવા બાબતે આપણે સજાગતા દાખવતા નથી કે ઉદાર દિલે, હૃદયના ભાવોથી ક્ષમા આપી શકતા નથી. આના કારણે મન શુદ્ધિ થઈ શકતી નથી. મનને શુદ્ધ અને વિકારરહિત બનાવવું હોય તો આપણે ક્ષમા આપવામાં સંપૂર્ણપણે ઉદાર બનવું પડશે. જૈન ધર્મનો 'મિચ્છામિ દુક્કડમ્' શબ્દ ખૂબ જ મહત્ત્વનો છે. તેનો અર્થ થાય છે : મારાં દુષ્કૃત્યો (ભૂલો) મિથ્યા થાઓ. પર્યુષણ પર્વની આરાધના કરતાં મન શાંત અને વિકારરહિત થતાં પોતાની ભૂલો પ્રત્યક્ષ થવા લાગે છે. આઠ દિવસની આરાધનાના અંતે સર્વ જીવો પ્રત્યે ક્ષમાનો ભાવ પ્રદર્શિત કરી હળવા બની મન શાંતિનો અનુભવ થાય છે. પર્યુષણ પર્વનો સાર પણ સર્વને ક્ષમા આપવામાં અને ક્ષમા માંગવામાં જ છે. એટલે જ કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે જે ઉપશમ ધારણ કરે છે, ક્ષમા માંગે છે અને ક્ષમા કરે છે તે જ આરાધક છે. પણ જે કોઈ મનમાં દોષ રાખી, સાચા મનથી ક્ષમા માંગતો નથી કે ક્ષમા આપતો નથી કે આરાધક નથી.

ક્ષમા માટે ઉપશમ ભાવ જરૂરી છે અને ઉપશમ ભાવ કેળવવા માટે સમતાભાવ કેળવવો જરૂરી છે. ઉપસર્ગો અને પરિષહો સહન કરવાનું ટાણું આવે ત્યારે પણ જરાય વિચલિત થયા વગર સમતા રાખવી તે જ સાચી સમતા છે. એવો સમભાવ કેળવવો સરળ નથી જ. પરંતુ અભ્યાસ કરવામાં આવે તો તેવો સમભાવ અવશ્ય કેળવી શકાય. સમતાભાવ કેળવવા માટે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવના ભાવવી – આ ચાર બાબતો ઉપર ધ્યાન રાખવું જરૂરી છે.

૧. **મૈત્રી ભાવના :** રોજ સવારે અને સાંજે આ ચારેય ભાવના ભાવવી. સર્વ જીવો સાથે મૈત્રી ભાવના ભાવવી. જગતના બધા જ જીવો સાથે મિત્રતાનો ભાવ રાખવો. સર્વ જીવોમાં રહેલ આત્મ તત્ત્વ સમાન છે. કોઈ ઉચ્ચ નથી કે કોઈ નીચ નથી. બધા જ જીવોમાં હેલ આત્મા તત્ત્વ સમાન છે. તેમનામાં રહેલ આત્મ તત્ત્વ અને પોતાનામાં રહેલ આત્મ

તત્ત્વમાં કોઈ જ અંતર નથી એમ વિચારી સહુ સાથે મૈત્રી ભાવ રાખવો. મૈત્રી ભાવનાથી દ્વેષ નાશ પામે છે. ક્રોધ ઉપર વિજય મેળવી શકાય છે. સમભાવ ધારણ કરી શકાય છે.

૨. **પ્રમોદ ભાવના :** પોતાનાથી વધુ ગુણવાનને જોઈને તેના પ્રત્યે આનંદનો ભાવ એટલે પ્રમોદ ભાવ. પ્રમોદ ભાવના ભાવવાથી ઈર્ષ્યાનો ભાવ નાશ પામે છે અને આપણામાં વધુ ગુણોનો આવિષ્કાર થાય છે. બીજા ગુણવાનોના ગુણો જોવાની ભાવના જન્મે છે. કોઈના પણ દોષ ન જોવાના સ્વભાવ ઉપર પ્રભુત્વ મેળવી શકાય છે.

૩. **કરુણા ભાવ :** કરુણા દુઃખી જીવોને જોઈને તેમના દુઃખો દૂર કરવાનો ભાવ કરવો. બીજાનાં દુઃખો કેવી રીતે દૂર કરી શકાય? તે માટે કેવી રીતે મદદરૂપ થવું, સહયોગ કરવો તે કરુણા ભાવના ભાવવાથી આપણા ભાવો કોમળ બને છે. બીજાનાં દુઃખો દૂર કરવાની વિચારણા તથા તેમના દુઃખો યથાશીઘ્ર દૂર થાય તેવી ભાવના જ કરુણા ભાવના છે. મૈત્રીથી કરુણા ભાવના જન્મે છે અને કરુણાથી મૈત્રી ભાવના પુષ્ટ થાય છે. આ બંને પ્રકારની ભાવના ભાવવાથી માનવ સંબંધ વધુ સુદ્રઢ બને છે અને અરસપરસ સુખ અને શાંતિનો અનુભવ કરે છે.

૪. **માધ્યસ્થ ભાવના :** કોઈ કઠોર જીવ ભૂલ કરે અને તેને સમજાવવા છતાં સમજે નહીં અને સતત તે પ્રવૃત્તિ કર્યા જ કરે ત્યારે પણ ક્રોધ કે અભાવ કે દ્વેષ ન કરવો પરંતુ માધ્યસ્થભાવ ધારણ કરવો. માધ્યસ્થ ભાવના ભાવવાથી બીજા દુષ્ટ કે કલિષ્ટ જીવો પ્રત્યે પણ રાગદ્વેષ કે અભાવનો ભાવ ઉત્પન્ન થતો નથી.

આમ, આ ચારેય ભાવનાઓ નિરંતર ભાવતા રહેવું. બૌદ્ધ ધર્મ અને વૈદિક પરંપરામાં આ ચારેય ભાવનાનું ખૂબ જ મહત્ત્વ આંકવામાં આવ્યું છે. આ ચાર ભાવના મનોવિકારનો નાશ કરે છે અને વ્યવહારમાં નમ્રતા, ઋજુતા અને ઉપશમ ભાવ વધારે છે. સમતા ભાવને વધારે છે અને ઉપશમ ભાવ જગાડે છે. આ ચારેય ભાવનાથી આરાધના દિવ્ય બને છે, આત્મા વિશુદ્ધ થાય છે. પર્યુષણ પર્વમાં આ ચાર ભાવનાનો અભ્યાસ વધારી આત્મ વિશુદ્ધિનું પર્વ ભાવપૂર્વક ઉજવીએ. ■

## શ્રી નવકાર મંત્રનો પ્રભાવ અને તેની અનુભૂતિ

'મંગલ મંદિર'ના ગત અંકમાં શ્રી શાંતિલાલભાઈ ગાલાનો 'નવકાર મંત્ર'ના પ્રભાવ વિશેનો લેખ વાંચીને મને પણ મારો અનુભવ લખવાની પ્રેરણા મળેલ છે.

આ વાત ત્યારની છે, કે જ્યારે મારી ઉંમર ૨૭ વર્ષની હતી. ત્યારે મને આપણા ધર્મમાં શ્રદ્ધા ન હતી. અમારો પરિવાર અંજારમાં રહેતો હતો.

તે સમયે હું અસાધ્ય રોગમાં જકડાઈ ગયો હતો. હું એકદમ નર્વસ થઈ ગાદલામાં પટકાઈ પડ્યો. આ બીમારીમાંથી ઊભો થઈ શકીશ કે નહીં એવા વિચારો આવતા. શરીરમાં ખૂબ જ કળતર થતી અને હું ગાદલામાં ઉંહકારા ભરતો રહેતો હતો. મારા માતુશ્રી મારા ઉપર હાથ ફેરવતા અને પૂછતા કે શું થાય છે? તને બરાબર થઈ જશે. ત્યારે હું તેઓને કહેતો કે બાઈ (માતુશ્રીને કચ્છીમાં બાઈ નામે સંબોધન કરવામાં આવે છે) મને શું થાય છે તે ખબર નથી પડતી અને મન બહુ જ બેચેની અનુભવે છે. મારા માતુશ્રીએ તે વખતે મને કહ્યું કે દીકરા, તું 'નવકાર મંત્ર'નું સ્મરણ કર. તેથી તારી પીડા પણ ઓછી થશે અને તું જલ્દીથી ઠીક થઈ જઈશ. 'ડૂબતો માણસ તરણું પકડે' જેવી હાલતમાં મેં 'નવકાર' ગણવાનું સ્વીકાર્યું. શરૂઆતના ૨-૪ દિવસ ખાસ અસર થતી નહીં પણ જેટલીવાર હું નવકાર ગણતો, તેટલી વાર મારું દુઃખ ભૂલાઈ જતું.

તેથી દુઃખમાંથી છુટવા 'નવકાર મંત્ર'નું સ્મરણ ચાલુ રાખ્યું. શરૂઆતમાં ઉપલા મનથી નવકાર ગણતો હતો પણ પછી ધીમે ધીમે એકાગ્રતા આવતી ગઈ. ૩-૪ દિવસ પછી નવકાર ગણતા હું તંદ્રામાં સરી જતો હતો (ઊંઘ આવી જતી હતી) અને ૧૦-૧૫ મિનિટની તંદ્રા પછી જ્યારે હું જાગતો ત્યારે જાણે મારા શરીરમાં કોઈ રોગ જ નથી એવું અનુભવતો. મને લાગ્યું કે આ તો ખૂબ જ સરસ દવા છે. તેથી 'નવકાર મંત્ર'માં મારી શ્રદ્ધા દ્રઢ થતી ગઈ અને ૨-૪ મહિનામાં હું એકદમ નિરોગી થઈ ગયો અને આખા દિવસમાં જ્યારે પણ સમય મળતો ત્યારે હું 'નવકાર' ગણતો. આજે પણ મને આપણા 'શ્રી નવકાર મહામંત્ર'માં પૂરી શ્રદ્ધા છે અને સવાર-સાંજ હું નવકાર ગણું છું.

*પ્રતાપ નારાણજી દંડ*
*મુખ્યતંત્રીશ્રી – મંગલ મંદિર*

- ★ *જે છે તેનો આનંદ માણવો અને જે નથી તેને યાદ ન કરવું – સુખી થવાનો આ છે સરળ માર્ગ.*
- ★ *સંપત્તિ કરતાં સમયનો વેડફાટ ખતરનાક છે.*
- ★ *તમે આળસને માત્ર 'આજ' આપશો તો તે તમારી 'કાલ' પણ ચોરી જશે.*
- ★ *લગ્ન જીવનના રથના ચાર પૈડા છે : પ્રેમ, વિશ્વાસ, સમજણ અને સમર્પણ.*

# પર્યુષણ મહાપર્વ



તત્ત્વચિંતક
**પ્રો. નૌતમભાઈ વકીલ**

*'ગુજરાતનું ગૌરવ રત્ન'થી સન્માનિત શ્રી નૌતમભાઈ વકીલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સેવા આપી રહ્યા છે. શ્રી નૌતમભાઈ વ્યવસાયે વકીલ હોવાની સાથોસાથ જૈન ફિલોસોફીના અભ્યાસુ તેમજ તત્ત્વચિંતક છે. તેમણે પોતાના જૈન ફિલોસોફીના અભ્યાસના અનુભવોને 'મનની શાંતિ' અને 'બોધકથા'ના પુસ્તકમાં પ્રગટ કર્યા છે.*

જૈન શાસનમાં બાર માસમાં અનેક સુકૃત્યો કરવાનું વિધાન શ્રી જિનેશ્વર પરમાત્માએ કહેલું છે. તેમાં પણ એ દરેક પર્વોની આરાધના કરતાં પણ સર્વશ્રેષ્ઠ આરાધના જો કહેલી હોય તો શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવાનું કહેલ છે. કારણકે એ પર્વને વિશે બાર માસમાં જે કોઈ આત્માઓની સાથે વાતચીત વગેરે બોલાચાલી થયેલ હોય, ક્રોધાદિ કષાય થયા હોય, તેના કારણે જિંદગીભરનો વ્યવહાર તૂટી ગયેલ હોય, બોલવાનું બંધ થયેલ હોય તો તે સઘળું માફ કરીને ક્ષમાપના આપીને ઉપશમ ભાવના લાવી જો સુંદર રીતે આરાધના કરવામાં આવે તો વૈરાનુબંધના બંધાયેલા પરિણામો, એકબીજાના મોઢા ન જોવા લાયક બંધાયેલ પરિણામોનો નાશ કરીને આત્માને સુંદર રીતે ભક્તિભાવ આદિ પેદા કરાવનાર આ પર્વ છે. માટે આ પર્વ કર્મના મર્મને ભેદનારૂં છે એમ મહાપુરુષો કહે છે. આથી જે જીવો બાર મહિનામાં દરેક પર્વની આરાધના ન કરી શકતા હોય તેવા જીવોએ પણ આ મહાપર્વની આરાધના દુકાનો બંધ કરીને પણ અવશ્ય કરવી જોઈએ કે જેથી બાર માસમાં જે કોઈ કર્મો જાણતા કે અજાણતા બંધાયેલા હોય અને તે જો નિકાચિત ન હોય તો અવશ્ય નાશ કરવાના હેતુથી આરાધના કરતાં તે કર્મો અવશ્ય નાશ પામી જાય છે.

આ મહાપર્વની આરાધના જ્ઞાન-દર્શન અને ચારિત્રની ક્રિયાના અનુષ્ઠાનો ન સીદાય એ રીતે સમ્યક્ તપ પૂર્વક કરવાનું વિધાન છે. પણ આ દિવસોમાં ખાલી તપ કરી લેવો અને ક્રિયા સીદાતી હોય તો તેવા પ્રકારરૂપે તપ કરવાનું પણ વિધાન નથી.

જ્યારે જ્યારે જૈન શાસનમાં કોઈપણ અનુષ્ઠાનનું સેવન કરવું હોય તો તેમાં સૌપ્રથમ અમારી પ્રવર્તન હોવું જોઈએ. 'મારી' એટલે હિંસા અને 'અમારી' એટલે અહિંસા. અ – નહીં, મારી – હિંસા. જેમાં હિંસા હોતી નથી અર્થાત્ અહિંસા હોય છે તે અમારી પ્રવર્તન કહેવાય છે.

આ અમારી પ્રવર્તનનું કર્તવ્ય દરેક અનુષ્ઠાનો કરતા કરવાનું હોય છે તેમ વિશેષ પર્વના અનુષ્ઠાનોમાં વિશેષ રીતે એટલે બહુ પ્રમાણમાં અમારીનું પ્રવર્તન હોય છે. જેમ કે જે દેશમાં આરાધના કરતા હોય ત્યાં તે દેશમાં જ્યાં જ્યાં પંચેન્દ્રિય જીવોની હત્યારૂપ હિંસા થતી હોય તે બંધ કરાવવી. આખા દેશમાં કદાચ હિંસા બંધ થઈ શકે તેમ ન હોય તો જે ગામમાં આરાધના કરતા હોય તે ગામમાં સદંતર આ હિંસાનો ત્યાગ કરાવવો જોઈએ. કદાચ એ પણ ન થઇ શકે એટલે અશક્ય હોય તો જે શેરીમાં કે એપાર્ટમેન્ટમાં આરાધના કરતા હોય ત્યાં આજુબાજુ દોઢસો બસ્સો ડગલામાં આવી હિંસાઓ બંધ કરાવવી જોઈએ. એવી જ રીતે આ દિવસોમાં દળવાનું, ખાંડવાનું, પીસવાનું, કપડાં ધોવાનું અગર શરીરને જે અનિવાર્ય જીવોની હિંસા કરવી પડે તેનાથી વિશેષ કોટીની નિવાર્ય હિંસાનો આ દિવસોમાં ત્યાગ કરાવવો જોઈએ.

આ પર્વની આરાધના એકાગ્ર ચિત્તે પ્રફુલ્લિત મને એટલે મનના ઉલ્લાસપૂર્વક કરવામાં આવે તો એ જીવો લઘુકર્મી બની પોતાના આત્માનો જલ્દીથી નિસ્તાર કરી શકે છે.

પર્યુષણ પર્વમાં રોજિંદી આવશ્યક ધાર્મિક ક્રિયાઓ જેવી કે સામાયિક, ચઉવિસત્થો, કાઉસ્સગ્ગ, પ્રતિક્રમણ, વંદન, પચ્ચક્ખાણ તો કરવાના જ છે. ઉપરાંત આવા મહાપર્વમાં શ્રાવક - શ્રાવિકાએ પોતાની શક્તિ મુજબ નીચે મુજબના પાંચ કર્તવ્યોનું પાલન કરવાનું વિધાન છે. તે પાંચેય કર્તવ્યો : (૧) અમારી પ્રવર્તન, (૨) સાધર્મિક વાત્સલ્ય, (૩) પરસ્પર ક્ષમાપના, (૪) અટ્ઠમનો તપ, (૫) ચૈત્ય પરીપાટી છે.

જૈન શાસનમાં પર્વો અનેક પ્રકારના કહેલા છે. તેમાં પર્યુષણ પર્વ જેવું બીજું કોઈ પર્વ શ્રેષ્ઠ નથી એમ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કારણકે એકાગ્ર ચિત્તે આરાધના કરવામાં આવે તો કર્મના મર્મનો એટલે બંધાયેલા અશુભ કર્મોનો તીવ્રરસ જે ભવાંતરોમાં ભોગવવાનો બાકી હોય છે તે સઘળાય અશુભ કર્મોનો તીવ્રરસ નાશ કરનારૂં અને ભવાંતરોમાં ભોગવવાનું ન રહે એવું બનાવનાર કોઈ પર્વ હોય તો તે પર્યુષણ પર્વ કહેલું છે. ■

## આત્મ નિરીક્ષણનો સમય એટલે પર્યુષણ પર્વ...
## પરિવર્તન પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં...



ચંદ્રકાંત દામજી શાહ
(કે. ડી. શાહ)

*'કે.ડી.'ના હુલામણા નામથી ઓળખાતા શ્રી ચંદ્રકાંતભાઈ દામજી શાહ વર્ષ ૨૦૦૧થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે સંકળાયેલા છે. શ્રી કે.ડી. સ્વભાવે મિતભાષી, મિલનસાર, કામ પ્રત્યેની નિષ્ઠા. આ ગુણોને પ્રમાણિત કરે છે, તેમની કામ પ્રત્યેની ધગશ અને કામ પ્રત્યેનો લગાવ. શ્રી કે.ડી. જૈન ધર્મના આદર્શનું ચુસ્તપણે પાલન કરે છે. કામના સમય સાથે ચૌવિહારને સાંકળી 'કામ' અને 'ધર્મ' બંનેના આદર્શને નિભાવે છે. શ્રી કેડીના પરિવારે પણ જૈનોલોજીના આદર્શને અપનાવેલ છે. તેમના પત્ની સરલાબેને જૈનોલોજીના વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવેલ છે.*

ધાર્મિક હોવાનો દેખાવ કરનારા કે સંતોષ અનુભવનારા આપણે આપણી પ્રવૃત્તિઓમાં પરિવર્તન તો ભલે લાવ્યા, પરંતુ આપણી પ્રવૃત્તિઓમાં કેટલું પરિવર્તન લાવી શક્યા? આ વાતનું સ્વ-નિરીક્ષણ આપણે કર્યું છે ખરું?

પ્રવૃત્તિનું પરિવર્તન એ વકરો છે અને વૃત્તિઓમાં પરિવર્તન એ નફો છે. ઘણી ધર્મારાધનાઓ આપણી આંતરિક વૃત્તિઓમાં પરિવર્તન લાવવા માટે જ છે. પ્રવૃત્તિઓમાં પરિવર્તન લાવીને ધર્મારાધનાઓ તો કરતા જ રહ્યા, પરંતુ વૃત્તિઓમાં કોઈ જ પરિવર્તન ન આવ્યું, તો ઘડીભર થોભીને વિચારવું જોઈશે કે આમ કેમ થાય છે? તમારો ધંધો ચાલ્યા જ કરતો હોય, ઘરાકો પણ દોડી દોડીને આવ્યા જ કરતા હોય, વકરો પણ સારામાં સારો થયા જ કરતો હોય, પરંતુ જો નફો ઉતરતો જ ન હોય તો તમારે ભીતરમાં ઉતરીને વિચાર કરવો પડશે કે ધંધામાં ક્યાંય - કશીક ખામી છે, કશીક ગરબડ છે. નફો કેમ નથી ઉતરતો? ધંધાની ટેકનિક બદલો. જરૂર પડે તો લાઈન બદલો, પણ નફો તો થવો જ જોઈએ. બહોળો ધંધો કરનારને નફો થતો ન હોય તો આવા વિચારો આવે કે નહીં?

આ જ રીતે વર્ષોથી ધર્મની આરાધના કરનારા ધાર્મિકોએ પણ આંતર નિરીક્ષણ કરીને વિચારવું જોઈએ કે આજથી પાંચ વર્ષ પહેલા હું ક્યાં હતો, ને પછી આટઆટલી ધર્મારાધનાઓને જીવનમાં સ્થાન પછી, આટઆટલી ધર્મ ક્રિયાઓ કર્યા પછી આજે હવે ક્યાં છું? કોઈ પરિવર્તન આવ્યું છે સ્વમાં, સ્વના વિચારોમાં, મારી વૃત્તિઓમાં, મારા વ્યવહારમાં? કે પછી, વોહી રફ્તાર બેઢંગી રીતે ચાલ્યા જ કરે છે? જો એમ જ હોય તો આટલો બધો ધર્મ કરીને શું કમાયા? જો ધર્મ પરિણતિના રૂપમાં વૃત્તિ પરિવર્તન પામી શકાયું ન હોય તો આટલા બધા વર્ષોની ધર્મક્રિયાઓએ શું આપ્યું? કે શું મેળવ્યું?

જેમની પાસે વૃત્તિ પરિવર્તનનું કોઈ સ્પષ્ટ લક્ષ્ય નથી, શુદ્ધ ધર્મની સાચી સમજણ નથી, જેણે પોતાના રાગદ્વેષની વૃત્તિઓને મંદ કરવાની કોઈ ઝંખના સેવી નથી, એવી વ્યક્તિઓ માત્ર ઘરેડમાં, રૂટીન પ્રમાણે કે દેખાવ કરવા માટે ધર્મક્ષેત્રમાં આવી જતી હોય છે અને ધર્મક્રિયાઓ કરવા માંડતી હોય છે. એવી વ્યક્તિઓની વર્ષોની ધર્મ ક્રિયાઓએ એમને શું આપ્યું? એનું નિરીક્ષણ કરતા બે પરિણામ દેખાયા છે : અહંકારી માણસ હંમેશાં બીજાનો તિરસ્કાર કરે છે. 'હું ધર્મી છું.' રાત્રિ ભોજન કરનાર તેમજ કંદમૂળ ખાનારનો તિરસ્કાર કરવાનો અધિકાર મળી જાય છે. જો ધર્મ વડે અહંકારને ઓગાળી નાખવાનો હતો, તે ધર્મ જો અહંકારને પુષ્ટ અને જાડો બનાવનારો નીકળશે તો આપણા જીવનમાં ઘણી મોટી હોનારત ઊભી થવાની શક્યતા રહેશે. ધર્મ એક જ છે, રાગદ્વેષની વૃત્તિઓમાંથી નિવૃત્તિ માટેનો પ્રયાસ, ધર્મ પ્રત્યેના પગરણના મંડાણ છે. ■

*રોજ સવારે સ્મિતથી ઊજળા ચહેરા સાથે ઊઠું,*
*મારા માટે નવી નવી તકો લઈને આવતા દિવસને*
*હું સન્માનથી સત્કારું,*
*મારા કાર્યને ખુલ્લું મન રાખી સ્વીકારું,*
*સહુ કોઈને મળતાં હોઠ પર હાસ્ય અને પ્રેમ રાખી મળું.*
*પરિશ્રમને અંતે જે નિદ્રાને નિમંત્રે છે અને*
*અચ્છુ કામ કર્યાનો આનંદ લાવે છે*
*તે થાકના ભારે રાતના ખોળામાં પોઢી જાઉં...*
*આવી સમજદારીથી હું મારું જીવન પસાર કરવા માગું છું.*

*– દિનકરભાઈ શાહ*
*સૌજન્ય : "તાણાવાણા – ૧૨"*

# અહંકાર સાથે કરેલું દુષ્કૃત્ય ભયંકર કર્મબંધમાં પરિણમે છે

ઉપસર્ગ અને પરિષહ એ ધર્મશાસ્ત્રોના પારિભાષિક શબ્દો છે. આ શબ્દો એક વિશિષ્ટ લાક્ષણિક અર્થમાં વપરાય છે.

જૈન આગમ ગ્રંથો અને જૈન ઈતિહાસમાં આવી હજારો ઉપસર્ગ અને પરિષહપ્રધાન કથાઓ છે. ઉપસર્ગ એટલે આવી પડેલું ભયંકર કષ્ટ છે જે મૃત્યુમાં પરિણમનારું પણ હોઈ શકે. દેવકૃત, મનુષ્યકૃત અને તિર્યંચ (પશુ-પક્ષી-જંતુ)થી ઉપસર્ગ આવે ત્યારે સાધક સમતાભાવે ઉપસર્ગ સામે ઝઝુમી વિજય મેળવનાર આત્માર્થી મોક્ષપંથના પ્રવાસી બન્યા છે.

શ્રાવસ્તી નગરીમાં કનકકેતુ રાજા અને મલયસુંદરી રાણીને સ્કંદક નામે કુમાર તથા સુનંદા નામે કુંવરી હતા. સુનંદાને યોગ્ય ઉંમરે કાંચી નગરીના રાજા પુરુષસિંહ સાથે પરણાવી હતી. સ્કંદક કુમાર આચાર્ય શ્રી વિજયસેનસૂરિની દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા અને માતા-પિતાની સંમતિ લઇ તેમણે સંયમ ગ્રહણ કર્યો. ગુરુની પાસે સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરી, ગુરુની આજ્ઞા મેળવી, જિનલ્પીપણું સ્વીકારી એકલા વિહાર કરવા લાગ્યા.

વિહાર કરતા કરતા કાંચીપુરી આવી પહોંચ્યા. બપોરના સમયે મુનિ ગોચરી માટે ગામમાં ફરવા લાગ્યા. રાજા અને રાણી રાજમહેલના ગોખમાં બેઠા હતા. તે વખતે સુનંદાની નજર ભિક્ષા અર્થે ફરતા મુનિ પર ગઈ. તપશ્ચર્યાથી એમનું શરીર કૃશ થયેલું હતું. ઉનાળાની ઋતુમાં, આવા તાપમાં ગોચરી માટે ફરતા ભાઈને જોઈ રાણીની આંખમાં આંસુ આવ્યા. રાજાએ જ્યારે જોયું કે મુનિને જોઈને રાણીની આંખમાં અશ્રુ આવે છે તો જરૂર તે મુનિને અને રાણીને કાંઈક અનિષ્ટ સંબંધ હશે જ એવો વિચાર રાજાના મનમાં આવ્યો. પૂર્વજન્મના વેરભાવને લીધે રાજાને મુનિ પર રોષ આવ્યો. પોતાના સેવકોને બોલાવી આજ્ઞા કરી કે, આ સાધુના માથાથી તે પગ સુધી અખંડ ચામડી ઉતારી તેને મારી નાખો.

રાજાની આજ્ઞા થતા જ સેવકોએ ભિક્ષાર્થે જતા મુનિને પકડી તીક્ષ્ણ હથિયાર વડે મસ્તકથી તે પગ સુધીની મુનિની ચામડી ઉતરડી નાખી. એ વખતે મુનિએ મહાવેદના ભોગવી. પણ સમતાભાવે રાજાનો, રાજ સેવકોનો કે કોઈનો દોષ ન વિચારતા, પોતાના પૂર્વકૃત કર્મોનો દોષ વિચાર્યો. કાયાને વોસીરાવી દીધી. ક્ષપક શ્રેણીએ ચડી શુક્લધ્યાન ધ્યાવતા અંતકૃત કેવળી થઈ સ્કંદક મુનિએ સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું. રાણીને ખબર પડી કે જે મુનિની હત્યા થઇ તે ભાઈ મુનિ જ છે. તે જાણી અત્યંત રૂદન કરવા લાગી. સાચી વાતની રાજાને ખબર પડી. માત્ર અનુમાનથી જ એણે મુનિની ઘાત કરાવી છે ત્યારે તેને પણ અત્યંત પશ્ચાતાપ થયો.

એક વખત જ્ઞાની ગુરુ ત્યાં પધાર્યા. તેમને વંદન કરવા રાજા ગયા. ધર્મદેશના શ્રવણ કર્યા પછી રાજાએ પોતાના ગૃહસ્થાશ્રમના સાળા મુનિની ખાલ ઉતારવાનું પાપ કેમ થયું તે પ્રશ્ન પૂછતાં જ્ઞાની ગુરુએ જવાબ આપ્યો : 'આ ભવ પહેલાનાં એક હજારમાં ભવમાં સ્કંદક મુનિનો જીવ રાજકુમાર તરીકે હતો અને રાજાનો આત્મા કોઠીંબા તરીકે હતો. રાજકુમારે તો કોઠીંબાને લઇ પોતાના મિત્રો સહિત કોઠીંબાની અખંડ છાલ ઉતારી અને પોતે પોતાની આવડત માટે ગર્વ કર્યો. એ ગર્વના પરિણામે કોઠીંબાના જીવ સાથે તે રાજકુમારના જીવને વેર બંધાયું. તે વેર હજાર ભવ પછી ઉદયમાં આવ્યું. તે રાજકુમારનો જીવ તે મુનિ સ્કંદકકુમાર અને કોઠીંબાનો જીવ તે રાજા. તેમે કોઠીંબાની છાલ ઉતારી તો તેની ચામડી આ જન્મમાં રાજાએ ઉતરાવી. કરેલા કર્મ કોઈને છોડતાં નથી. તીર્થંકરોને પણ ભોગવવા જ પડે છે. એટલે ક્યારેય કોઈ સાથે વેર ન કરવું.' જ્ઞાની ગુરુનો આ ઉપદેશ સાંભળી રાજા-રાણીએ વૈરાગ્ય પામી, દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

સ્કંદકકુમારની આ કથા પર ચિંતન કરતાં જણાશે કે હજારો ભવ પહેલાં કરેલું કર્મ ગમે ત્યારે ઉદયમાં આવી શકે છે. વળી દુષ્કૃત્ય સાથે એ કૃત્ય કર્યું છે તેનું અભિમાન નિકાચિત કર્મબંધને પરિણમે છે. એટલે ભયંકર રીતે અવશ્ય ભોગવવું જ પડે તેવું કર્મ બંધ. વળી સંપૂર્ણ વિગત જાણ્યા વિના ઉતાવળે માત્ર અનુમાનથી લીધેલ નિર્ણય કેવો અનર્થ સર્જે છે તેવા સદ્‌બોધના સ્પંદનો પ્રેરણાની પરબ સમાન છે.

*સાભાર : "જૈન પ્રકાશ - પ્રેરણાનો પંથ"*

*પુણ્યથી જન્મ સુધરે,*
*સદ્‌ગુણોથી જીવન સુધરે,*
*સમાધિભાવથી મરણ સુધરે,*
*પણ હૃદયના 'ભાવ' સુધરે તો ભવોભવ સુધરે.*

# મહાવીર જન્મ અને માનવ કલ્યાણ



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

તારણહારો જીવે છે - જિજીવિષા માટે નહીં, પણ સંસારની વિજીગીષા માટે, જીવતા માટે જીવે છે. માટે સંસારના દાવમાં અને વૃત્તિઓના ખેલમાં જે શુદ્ધ ચિત્તના સહારે જીતે તે જૈન!

ભગવાન મહાવીર આવું જીવન જીવ્યા. એવી વિભૂતિઓએ સુખ સુખદ નથી, દુઃખ દુઃખદ નથી. એ બંને ડાબી-જમણી આંખો છે. બંનેમાંથી પ્રગતિનો પંથ શોધે છે! આવી વિભૂતિઓને જેટલો ફૂલ પર પ્યાર હોય છે, તેટલો કાંટા પર હોય છે.

ભગવાન મહાવીરે પોતાના જીવન દ્વારા પહેલો પાઠ આપ્યો માતૃ ભક્તિનો. સંસારમાં મા એ મા. એની તોલે કોઈ નહીં. ગર્ભમાં પોતાની હરફરથી માતાને અસુખ થાય છે, તેમ જાણીને શાંત પડ્યા રહ્યા. માતાને એ સુખના અશુભની કલ્પના થઈ. રે! સંતાન કાજે માતા દુઃખને સુખ સમજે છે. તેઓએ નિર્ણય કર્યો કે મા-બાપ જીવિત હશે ત્યાં સુધી સંન્યાસ સ્વીકારીશ નહીં.

ભગવાન મહાવીરે બીજો પાઠ આપ્યો નિર્ભયતાનો, અભયનો. અભય વિના આત્મિક ઉન્નતિ નથી. એકવાર ભયંકર સર્પ સાથે મુકાબલો થયો. પોતે દોડીને એને ઉપાડીને દૂર કર્યો. સહુને કહ્યું : બીઓ નહીં. બીક લાગે તો જે બીએ એને બીવડાવે! મહાવીરને મૃત્યુની પણ, શેતાનની પણ, યમની પણ બીક નહીં! અભય!

એક પિશાચે આ અભયની પરીક્ષા કરી. એ નાનકડા મહાવીરને ખભા પર ઉપાડીને ચાલ્યો. રાજકુમારનો દેહ સુકોમળ હતો, પણ શક્તિમંત હતો. મહાવીરે અઘોરીના માથા પર મુષ્ટિપ્રહાર કર્યો. અઘોરી બાળકની તાકાત જોઈ દંગ થઈ ગયો. મહાવીરે એને માફી આપી. આ સમયે એમનું નામ વર્ધમાન હતું. પિશાચે કહ્યું, ‘દેહથી તમે વીર છો, પણ દિલથી મહાવીર છો!’

મહાવીર નિશાળે ગયા, પણ આવા પુરુષોને નિશાળ ખાસ કંઈ આપી શકતી નથી. પણ મહાપુરુષો પણ સાંસ્કૃતિક પરંપરાને અનુસરવામાં હીનતા જોતા નથી. શિક્ષકે કહ્યું કે, મહાવીરને ભણાવવાનો પ્રયત્ન એ સૂરજને સમજાવવા દીવો ધરવા બરાબર છે.

ભગવાન અઠ્ઠાવીસ વર્ષના થાય છે અને માતા-પિતા મૃત્યુ પામે છે. હવે પોતે દીક્ષા લેવા તૈયાર થાય છે. એ વખતે મોટા ભાઈ ગદ્‌ગદ્ કંઠે બે વર્ષ વધુ રહી જવા વિનવે છે. વિશ્વપ્રેમી મહાવીર કુળ ને કુટુંબના પણ પ્રેમી છે. ઘરને અરણ્ય સમજી પોતે ઘરમાં રહી જાય છે.

ત્રીસ વર્ષ થયા. હેમંત ઋતુ આવી. માગશર વદ દસમ આવી. ભગવાન પ્રવ્રર્જિત થયા. સર્વસ્વનું દાન કર્યું. પોતાનું કંઈ ન રાખ્યું ને નિર્ધાર કર્યો કે હવેનાં બાર વર્ષ હું દેહની સારસંભાળ નહીં લઉં. વિઘ્ન કે સંકટો અડગપણે સહન કરીશ, સમદર્શી રહીશ. મને સંતાપનાર પર પણ સમભાવ રાખીશ.

ભગવાન મહાવીરને પહેલે પગલે વિઘ્ન નડ્યું. પોતે ધ્યાનમાં હતા અને એક ગોવાળ, તેમની પાસે બળદ મૂકીને સંભાળવાનું કહી ગયો. મોડો મોડો પાછો આવ્યો, તો બળદ ના મળે. મહાવીરને પૂછ્યું તો એ ધ્યાનમાં હતા, એટલે જવાબ ના વાળ્યો. ગોવાળ બળદ માટે આખી રાત વગડામાં આથડ્યો. સવારે આવીને જુએ તો ભગવાન પાસે બળદ વાગોળે. ગોવાળ ચીડે ભરાયો. ભગવાનને રાશ લઈ મારવા દોડ્યો. પૃથ્વી તો ગેરસમજનો ગોળો છે. ગોવાળ ગોવાળની રીતે સાચો હતો, ભગવાન ભગવાનની રીતે.

આ વખતે દેવરાજ ઇન્દ્ર વચ્ચે પડ્યા. ગોવાળને વાર્યો ને ભગવાનને વિનંતી કરી : ‘આગળ ઘણાં કષ્ટ પડશે, મને સાથે રાખો.’

ભગવાન બોલ્યા : ‘આત્માનો માર્ગ એકાકી છે. આંતરશત્રુનો નાશ કરવા નીકળનાર અરિહંતો કદી કોઈની મદદ લેતા નથી. દરેક જીવની પોતાની મુક્તિ પોતાના ઉદ્યમ, બળ, વીર્ય ને પરાક્રમ પર જ નિર્ભર છે.’

ભગવાન તાપસોના આશ્રમમાં આવ્યા. ત્યાંનો કુલપતિ પૂર્વ પરીચિત હતો. એણે ભગવાનને વર્ષાવાસ માટે એક ઝુંપડી કાઢી આપી. ગાયો ઝુંપડીનું ઘાસ ખાઈ જાય, પણ ભગવાન ‘હડ્ય’ કહીને તેને હાંકે નહીં. કુલપતિને મહાવીર તરફ અપ્રીતિ થઈ. ભગવાને આશ્રમ છોડ્યો ને પાંચ સંકલ્પ કર્યા : (૧) અપ્રીતિ થાય તેવા સ્થળે રહેવું નહીં. (૨) ધ્યાનને અનુકૂળ સ્થાન શોધવું. (૩) પ્રાયઃ મૌન રહેવું. (૪) કરપાત્રથી જમવું અને (૫) ગમે તેવા ગૃહસ્થની પણ ખુશામત ન કરવી.

ભગવાન મહાવીર પોતાના પ્રરૂપિત સત્ય અને અહિંસા દ્વારા ધર્મચક્રવર્તી તરીકે પ્રખ્યાત થયા હતા. એ વખતે એક મહત્ત્વની ઘટના બની.

રાજગૃહી નગરીના નાલંદાપાડામાં ભગવાન મહાવીરના ચાતુર્માસ હતા. ત્યારે આજીવક સંપ્રદાયનો એક યુવાન સાધુ ભગવાન પાસે આવ્યો. એણે કહ્યું : 'હું આપનો શિષ્ય થવા ચાહું છું.' પ્રથમ તો મહાવીરે તરત સ્વીકાર ન કર્યો, પણ આખરે સ્વીકાર કરતાં કહ્યું, 'ગોશાલક! આત્મવિલોપન એ આત્મ વિજયની ચાવી છે. વૃક્ષ થવા ઇચ્છતા બીજને પહેલાં પૃથ્વીમાં દટાવું પડે છે.'

ગોશાલક ગુરુનાં ચરણો સેવી રહ્યો. ગુરુએ શિષ્યને કહ્યું, 'સહનશીલતાની પરીક્ષા માટે અનાર્ય દેશ ભણી જઈએ, જ્યાં આપણને કોઈ ઓળખતું ન હોય.'

એક દિવસ બંને અનાર્ય ભૂમિમાં ગયા. અહીં શિકારી કૂતરાઓ એમના પગની પિંડીનું માંસ ખાઈ ગયા. આખો દેહ ઘિમેલોથી છવાઈ ગયો. ધૂળથી આંખો ભરાઈ ગઈ. એક માનવભક્ષી તેઓના શરીરનું માંસ કાપી ગયો. ગોશાલક કહે, 'પ્રભુ આ સહ્યું જતું નથી.'

ભગવાન કહે, 'એક કલ્પના આપું. સંગ્રામમાં મોખરે રહેનાર હાથીની વૃત્તિ ધારણ કર. એ હાથી ગમે તેટલા ભાલા વાગે, તીર ભોંકાય, પણ કર્તવ્યને ખાતર શરીરની મમતા છોડી આગળ વધ્યે જાય છે. શરીરને આ સાધન લેખે છે. સિદ્ધિ મળી જાય ને સાધન છૂટી જાય તો શોક કેવો?'

આમ પહાડ જેવા અડોલ બનીને બબ્બે વાર ગુરુ - શિષ્ય અનાર્ય ભૂમિમાં ઘૂમી આવ્યા. આત્મિક સાધનાના આ પ્રવાસોમાં અનેક ચમત્કારો સર્જાયા. આ ચમત્કારોએ શિષ્યનું મગજ ભમાવી દીધું. એને ગુરુ સમોવડા થવાની ઝંખના જાગી. એ અલગ પડી ગયો. પોતાને આજીવિક સંપ્રદાયના પ્રથમ તીર્થંકર તરીકે જાહેર કર્યો.

હવે દસ-દસ વર્ષનો સાધનાકાળ વીતી ગયો હતો. આ સમય દરમિયાન મહાયોગી મહાવીરનાં પરિભ્રમણોના વૃત્તાંત, એમને પડેલાં દુઃખોનો ચિતાર અને મનની નિસ્પંદ શાંતિ પૃથ્વી પર વર્ણવનારને માટે આંખમાં આંસુ અને મોંમાં ગીત જેવા પાવનકારી પ્રસંગ બની ગયા હતા.

દેહ પર વસ્ત્ર નથી, પૃથ્વી પર બિછાનું નથી, હાથમાં પાત્ર નથી, મોંમાં દાદ માંગનારી જબાન નથી. માંગવું ને મરવું સરખું બન્યું છે. મિત્ર પ્રત્યે મહોબ્બત નથી, શત્રુ પ્રત્યે શત્રુતા નથી. સમભાવ વર્તે છે આત્મામાં!

આ વખતે સંગમ નામના દેવે કરેલા ઉપસર્ગો ભારે રોમાંચકારી - ભલભલા ગજવેલને મીણ બનાવી નાખનાર છે, પણ ભગવાન મહાવીર એમાંથી અણિશુદ્ધ બહાર આવે છે. આ દુઃખ, દર્દ ને યાતનાનો ઇતિહાસ એક-બે નહીં, છ-છ માસ સુધી લંબાય છે, પણ હારવાની વાત કેવી?

સંગમ વિજય પછી ભગવાને યોગ્ય આહાર લેવાની ઇચ્છાએ છ-છ મહિનાના ઉપવાસ કર્યા. આવા ઉપવાસી પ્રભુને આહાર આપી મહાપુણ્ય હાંસલ કરવા ઇચ્છતા રાજા, અમીર, શ્રેષ્ઠીઓ આતુર બની ગયા. ત્યાં પ્રભુએ એક ગુલામ બાળા ચંદનાને હાથે અન્ન લઇ પારણું કર્યું, ત્યારે ખળભળાટ મચી ગયો. ગુલામને હાથે આર્ય પુરુષ પારણું કરે? રે, પણ ગુલામ કોણ? જે રાજા-રાણી પોતાના ખાનદાનનો ગર્વ કરે છે તેની જ ભાણેજ૧ લડાઇમાં પકડાયેલ કેદી! લોકો કહે, બળી આ લડાઇઓ! માણસને એ ગુલામ બનાવે છે, પશુની જેમ હડધૂત કરે છે અને સંસારમાં સ્મશાન સર્જે છે.

દીક્ષાનું તેરમું વર્ષ હતું ને ભગવાનના કાનમાં એક ગોવાળે ખીલા ખોડ્યા, પણ હવે તિતિક્ષાનો કાળ પૂરો થતો હતો.

ઋજુવાલિકા નદી હતી. જાંભુક ગામ હતું. ઉનાળાનો બીજો મહિનો હતો. વૈશાખ સુદ દસમનો દિવસ હતો. વિજય મુહૂર્ત હતું. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હતું. શ્યામક નામના ગૃહસ્થનું ખેતર હતું. વૈયાવત્ત નામનું ચૈત્ય હતું. એના ઇશાન ખૂણામાં શાલવૃક્ષ હતું. ભગવાન મહાવીર એની નીચે ગોદોહાસને બેઠા હતા. છ ટંકના ઉપવાસ હતા અને નિર્વાતારૂપ સંપૂર્ણ, પ્રતિપૂર્ણ આવ્યા હતા. નિર્વારિણ, અનંત અને સર્વોત્તમ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન અર્હત, જિન, સંયમી, સર્વજ્ઞ અને સર્વભાવદર્શી થયા.

દેવ, મનુષ્ય અને અસૂર વગેરે ત્રણે લોકના વિધિભાવો એમને પ્રત્યક્ષ થયા. સંસારની કોઈ ગૂંચ એમને ન રહી. સંસારની કોઈ ગ્રંથિ એમને ન રહી. દેવોએ સમવસરણ રચ્યું, ત્રણ કિલ્લા કર્યા, ચાર દ્વારા રચ્યા. ઉપર સિંહાસન ગોઠવ્યું. પ્રભુએ ધર્મદેશના આપી, અમૃતની એ વર્ષા હતી, પણ એમનો પહેલો ઉપદેશ એમ ને એમ વહ્યો.

જાંભુક ગામથી ૪૮ કોસ દૂર અપાપા નામની નગરી વસી હતી. આર્ય સોમિલ નામનો શ્રીમંત બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો. એણે યજ્ઞમાં ભાગ લેવા ભારતના ૧૧ વિદ્વાનોને નિમંત્રણ આપ્યું હતું. અગિયારે અગિયાર બ્રાહ્મણ બુદ્ધિમાં બૃહસ્પતિ અને વાદમાં વાચસ્પતિ હતા. મોટા મોટા ચમરબંધીઓનાં માન તોડ્યા હતા. સહુની સાથે પાંચસો પાંચસો શિષ્યોનું જૂથ હતું. એક એક શિષ્ય વિદ્યા અને વાદમાં મહારથી હતો.

ભગવાન મહાવીરને ધર્મદેશના માટે યોગ્ય અવસર જાગ્યો. એક રાતમાં ચાલીને અપાપા આવ્યા અને ધર્મદેશના શરૂ કરી. આ વખત સુધી મોટા મોટા લોકો રાજભાષા - દેવભાષા સંસ્કૃતમાં વાતો કરતા. લોકભાષામાં જનતાની જબાનમાં વાતો કરનાર ગામડિયો ગણાતો.

ભગવાન મહાવીરે જનતાની જબાનમાં વાત શરૂ કરી. કોઈ રહસ્ય નહીં, કોઈ ગૂઢ કે ગર્ભિતાર્થ નહીં, સીધેસીધી વાતો!

એમણે કહ્યું : 'યજ્ઞમાં પશુહિંસા ન કરો. શાસ્ત્રને ખાનગી ન રાખો. ક્ષુદ્રને તિરસ્કારો નહીં. મારો મુખ્ય સંદેશ છે અહિંસાનો, અવેરનો, પ્રેમનો! મારો બીજો સંદેશ છે એકબીજાને

સમજવાનો. તમારો ભાગ્યવિધાતા તમે છો, ખુદ ઈશ્વર પણ નથી. તમારે પાંચ મહાવ્રત પાળવા ઘટે : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ!

યાદ રાખો, સત્ય સાપેક્ષ છે. તમે નીરખ્યું તે જ સત્ય એવો એકાંત આગ્રહ ન રાખો. અનેકાંતવાદ વિચારમાં અને અહિંસા આચારમાં સ્વીકારો.' – આ વાતો જગતને માથે અચરજ જેવી હતી અને વધુ અચરજ તો ભારતના મહાન અગિયાર બ્રાહ્મણ વિદ્વાનોની હાજરીમાં કરવી, એ છોકરાના ખેલ નહોતા!

એક પછી એક વિદ્વાન ભગવાન મહાવીર સામે વાદ માટે મેદાને પડ્યા અને ન બનવાનું બની ગયું. અગિયારે અગિયાર વિદ્વાનો ભગવાનના શિષ્ય બની રહ્યા. એ વિદ્વાનોના ૪૪૦૦ શિષ્યો પણ એમના અનુયાયી થયા.

ભગવાન મહાવીરે હવે અપાપા નગરીમાં જ પોતાના સિદ્ધાંતોના પાલન કરનારાઓનો સંઘ સ્થાપવાની ઉદ્‌ઘોષણા કરી અને જૈનોના ચતુર્વિધ સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાના સંઘની એ દિવસે સ્થાપના થઈ.

શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર બ્રાહ્મણ શિષ્યોને ગણધર બનાવ્યા. તેમના શિષ્યગણને તેમના શિષ્યો બનાવી સાધુ સંસ્થા સ્થાપી.

આ સભામાં ઉપસ્થિત સ્ત્રીઓ અને પુરુષો જેઓ ભગવાન મહાવીરના ઉપદેશમાં શ્રદ્ધા ધરાવતા હતા, છતાં સાધુ થવા ઈચ્છતા નહોતા, તેઓને શ્રાવક અને શ્રાવિકા બનાવ્યા. આમ, ચતુર્વિધ સંઘ રચ્યો અને પાંચ મહાવ્રતવાળા પોતાના ધર્મનું સુકાન તેઓના હાથમાં મૂક્યું.

ચોવીસમા તીર્થંકર પોતે અને હવે પચ્ચીસમો તીર્થંકર સંઘ.

રાજા, મહારાજા, શેઠ, શાહુકારો, ચારે વર્ણનાં સ્ત્રી-પુરુષો અને કિરાત-ભીલ પણ ભગવાન મહાવીરના અનુયાયી બન્યા.

ભગવાને દીક્ષાનું એકતાળીસમું ચોમાસું રાજગૃહમાં કર્યું અને બેતાળીસમું ચોમાસું કરવા પાવાપુરી નગરીમાં આવ્યા. જીવનનું બોંત્તેરમું વર્ષ પસાર થતું હતું. આસોની અમાવસ્યાની મધરાતે નિર્વાણ પામ્યા.

દેવોએ આભમાં દીવડા પૂર્યા, માનવીઓએ પૃથ્વી પર દીપોત્સવી પર્વ માણ્યું.

સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં? મૃત્યુના અમૃતને ઓળખો છો?

ભગવાન મહાવીરે શાસ્ત્રોને આમજનતા માટે ખુલ્લાં મૂક્યાં. એ જમાનામાં આવી જ્ઞાનવાર્તા માત્ર દેવગીરા અર્થાત્ દેવોની ભાષા ગણાતી સંસ્કૃત ભાષામાં થતી હતી. સામાન્ય લોકો એ સમજી શકતા નહીં અને એમાં જ એની મહત્તા લેખાતી. સમજાય નહીં, એ જ મહાન વિદ્યા લેખાય, એવો ભ્રમ સર્વત્ર વ્યાપેલો હતો. ધર્મ, કર્મ અને તત્ત્વની ચર્ચા લોકભાષામાં કરવી એ હીનકર્મ લેખાતું. લોકભાષામાં બોલનારને કોઈ સાંભળતું નહીં અને શિષ્ટ લેખતું નહીં. કોઈ એનું સન્માન કરતું નહીં. કેટલાક કહેતા કે આવી ઉચ્ચ વાતો માટે ભાષા પણ ઊંચી અને અઘરી, ભાર ખમે તેવી હોવી જોઈએ. ભગવાન મહાવીરે પહેલે પગલે ભાષાની ક્રાંતિ કરી. એમણે એ કાળની મગધ પ્રદેશની લોકભાષા અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો. એમાં સંસાર અને ધર્મનાં ગૂઢ રહસ્યો પ્રગટ કરવા માંડ્યાં. લોકોને પોતાની જબાન અને પોતાની ભાષા મળી. પંડિતોનો ભારે બોજવાળો જ્ઞાનબોધ તો એમને માટે 'આંખનું કાજળ ગાલે ઘસ્યા' જેવું હતું. હવે પંડિત કહે તે શાસ્ત્ર અને શાસ્ત્ર કહે તે પ્રમાણે, એમ માનવાનું રહ્યું નહીં. મહાવીરનો ઉપદેશ સહુને સમજાયો અને બધાને માટે આત્મ કલ્યાણનાં દ્વાર ખુલ્લાં થયાં.

આમ ભગવાન મહાવીરે ગુલામ મનોદશામાંથી માનવીને મુક્તિ અપાવી. પ્રારબ્ધને બદલે પુરુષાર્થથી એને ગૌરવ અપાવ્યું. શુષ્ક પાંડિત્ય સામે સક્રિય પ્રયત્નનું પ્રતિપાદન કર્યું. વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતા અને અંધવિશ્વાસને દૂર કરીને મહાવીરે વિચાર - સ્વાતંત્ર્યની પ્રતિષ્ઠા કરી. પોતાને સાચું લાગે તેનો સ્વીકાર કરવાની નીડરતા બતાવી.

*अहिंसा का डंका बजाया था वीरने,*
*धर्म पर बलिदान, हटाया था वीरने ।*
*अज्ञान - अंधकार, हटाया था वीरने,*
*जीओ और जीने दो, सिखाया था वीरने ॥*

## એવી શક્તિ તું દેજે....

ઓ કરુણાસાગર! જે ચીજો, સંપત્તિઓ મારા દિલનો કબજો લઈ લે અને પછી મને માલિક જાહેર કરે એવી સંપત્તિની લાલચમાંથી તું મને મુક્ત કરી દે. જ્યારે મારા સારા કામ બદલ લોકો મારા ગળામાં ફૂલનો હાર પહેરાવે અને હાથમાં ગુલદસ્તો આપે ત્યારે મારા અંતરમાં જો અહંકારનો અજગર સળવળે, તો તું મને આવા અહંકારથી મુક્ત કર. કોઈપણ નાનકડું સત્કર્મ હું કરું અને પછી તરત મારા અંતરમાં કોઈ મારી પ્રશંસા કરે એવી ઈચ્છા જાગે તો તું મને એવી ઈચ્છાથી મુક્ત કર. કોઈપણ દાન કર્યા પછી તરત મને નામની કે તક્તિની લાલચ જાગે તો તું એવી લાલચથી મને સર્વથા મુક્ત કર. કોઈપણ પાપ કર્યા પછી મારા મનમાં પશ્ચાતાપનો ભાવ પ્રગટે અને પછી તરત હું મારી જાતને સીધી, સરળ અને નિષ્પાપ માની લેવાની ગુસ્તાખી કરું તો તેવી ગુસ્તાખીઓથી તું મને બચાવી લે. મારા દાન, શીલ, તપ, સત્કાર્ય, પરોપકાર, ભક્તિ અને શુભ ભાવનાઓને હું સદા માટે ગુપ્ત રાખી શકું એવી શક્તિ તું મને આપ.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# અગ્નિકુંડમાંથી બચેલી કળીનો ક્ષમાભાવ

ગુણવંત બરવાળિયા

*શ્રી ગુણવંતભાઈ બરવાળિયાને 'મુંબઈ જૈન પત્રકાર સંઘ' એ ૨૦૨૦-૨૦૨૧ના શ્રેષ્ઠ તંત્રીલેખ માટે શ્રી પુખરાજ ચુનીલાલ બાફના ચેરી. ટ્રસ્ટે પ્રથમ એવૉર્ડ આપવા માટેની જાહેરાત કરેલ છે. આ એવૉર્ડ માટે દશા શ્રીમાળી માસિકના દીપોત્સવી વિશેષાંકના તંત્રીલેખની પસંદગી કરવામાં આવેલ.*

ઝુકીને જીતવાની કળા એટલે ક્ષમાપના. ક્ષમાપના એટલે પશ્ચાતાપના ભાવો. ક્ષમાપના એટલે ક્રોધ, અહંકાર આદિ કષાયોના ભારથી આત્માને મુક્ત કરવાની ક્રિયા. જૈનો 'મિચ્છામિ દુક્કડમ્' કહી ક્ષમા માંગે છે.

આપણા દોષોનો અને બીજાને આપેલ પીડા - દુઃખોનો પશ્ચાત્તાપ કરવાનો આ પ્રસંગ છે. આપણી ભૂલોનો એકરાર કરી ક્ષમા માંગવાનો અને બીજાને ભૂલોને ભૂલી જઈ ક્ષમા આપવાનો અવસર એટલે ક્ષમાપના. ક્ષમા ભાવ હૃદય પરિવર્તન કરાવે છે.

વિયેટનામના યુદ્ધનો એક પ્રસંગ છે. બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે પૂર્વ એશિયામાં ફ્રેંચ સામ્રાજ્યનો અંત આવ્યો ત્યારે વિયેટનામના બે ભાગલા પડી ગયા. ઉત્તરમાં સામ્યવાદની સરકાર અને દક્ષિણમાં અમેરિકા તરફી હકૂમતનું સામ્રાજ્ય. એક જ દેશના બે ભાગ વચ્ચે લડાઈ ચાલતી હતી, ત્યારે અમેરિકાનું રાક્ષસી શસ્ત્રબળ દક્ષિણ વિયેટનામની પડખે હતું.

૧૯૭૨ના જૂનમાં ઉત્તર વિયેટનામમાં કીમફૂક નામની બાલિકા તેના કુટુંબ સાથે એક બૌદ્ધ મંદિરમાં આશરો લઈ રહી હતી. ત્યારે દક્ષિણના વિમાનોએ આવીને અગનગોળા વરસાવતો બૉંબ મંદિર પર નાખ્યો. બાલિકા કીમનો ભાઈ તત્કાળ મોતને શરણ થયો. પોતાનાં કપડાનેય આગ લાગી. મંદિર તો શું, જાણે આખું ગામ અગ્નિકુંડ બની ગયું. સળગેલાં વસ્ત્રો ઉતારીને વેદનાથી ચીસો પાડતી નવ વર્ષની એ નિર્વસ્ત્ર કન્યા રસ્તા પર દોડતી - ભાગતી હતી. તેની તસવીર તે વખતે નીક નામના અમેરિકન છબીકારે ઝડપી લીધી. જગતભરનાં વર્તમાનપત્રોમાં આ તસવીર પ્રગટ થયેલી. અમેરિકન લોકમતને વિયેટનામ યુદ્ધ વિરોધ બનાવવામાં આ તસવીરનો ફાળો હતો. પાછળથી અમેરિકાનું સન્માનનીય પુલિત્ઝર પારિતોષિક આ છબીકારને મળેલું.

યુદ્ધના યાતનામય દિવસો પછી કીમના જીવનમાં ઘણાં પરિવર્તનો આવ્યા. ૧૯૮૪માં વતન છોડી ક્યુબામાં અભ્યાસ કરવા ગઈ. લગ્ન થયા અને તે કેનેડામાં સ્થાયી થઈ.

થોડાં વર્ષ પહેલાં અમેરિકાની મુલાકાતે ગયેલી એ યુવતીએ વૉશિંગ્ટનમાં વિયેટનામના યુદ્ધમાં મરણ પામેલા અમેરિકન સૈનિકોના સ્મારક પર ફૂલો ચડાવ્યા અને પછી સભામાં બોલતા કહ્યું કે – 'મારા અંતરમાં આજે પણ ક્ષમાનું ઝરણું વહે છે. શરીરથી અને મનથી આટલી બધી વેદના મેં ભોગવી છતાં હું સુખી છું કારણકે હું ધિક્કાર વગર જીવું છું. મારા ગામ પર બૉંબ ભેંકનાર અમેરિકી વિમાનીનો જો મને ભેટો થાય તો પણ હું તેને ક્ષમા આપું અને કહું કે, 'ભાઈ! ભૂતકાળના ઈતિહાસને તો આપણે બદલી શકીએ તેમ નથી, પરંતુ શાંતિને ફેલાવવા માટે વર્તમાનમાં અને ભવિષ્યમાં કાંઈક કરવાની કોશિશ આપણે કરવી જોઈએ.'

કાર્યક્રમ પૂરો થયા પછી કીમના ગામ પર બૉંબમારો કરવાનો હુકમ આપનાર અમેરિકન અફસર ટોળામાંથી બહાર આવીને કીમને ભેટી ધ્રુસકે ધ્રુસકે રડતાં કહેવા લાગ્યો કે, 'મને માફ કરો, મને માફ કરો.'

ક્ષમાભાવ ગમે તેવા અપરાધીનું હૃદય પરિવર્તન કરાવી શકે છે. ક્ષમા ક્રોધને જીતે છે અને પ્રેમ દ્વેષીને જીતે છે. મનને સમતારસના અમૃતકુંડમાં ઝબોળી દેવાથી જીવનમાં ક્ષમાની મહેંક પ્રસરી જશે.

ક્ષમા એ વીરનું આભૂષણ છે.

## કોને શું આપશો?

*મોટાને માન, નાનાને ભાન, ગરીબોને દાન, ધર્મ માટે જાન, ગુરૂને બહુમાન, ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ, કાયરને હિંમત, અભણને જ્ઞાન, શરણાર્થીને સહાય, મિત્રને પ્રેમ, દાનવીરને સન્માન.*

# "કરેમિ સામાઇયમ્...."

## (ચિન્તનિકા)



જયંતી જોષી 'શબાબ'

*શ્રી જયંતી જોષી 'શબાબ' : નવકાર મંત્રના પ્રભાવથી પ્રભાવિત માન. શ્રી શાંતિલાલભાઈ ગાલા (નવનીત પ્રકાશન) નવકાર મંત્રના પ્રભાવના અનુભવને શૅર કરતો લેખ 'મંગલ મંદિર'માં પ્રગટ થયેલ. જેમાં શાંતિભાઈએ અનુભવેલ અલૌકિક અનુભૂતિને મંગલ મંદિરના વાચકોએ પણ અનુભવી અને તેની સરાહના મેળવી. આવી હૃદય સ્પર્શી Virtual અનુભૂતિ 'શબાબે' પણ અનુભવી છે.*

*શ્રી શબાબ દિવંગત મહારાજ સાહેબ જંબુવિજય મહારાજ સાહેબના સંપર્કમાં આવ્યા અને તેમના સાંનિધ્યમાં જૈનોલોજીના સિદ્ધાંતો અને આદર્શ તેમજ જૈન ધર્મના આગમોથી પરીચિત થયા. ત્યારથી તેઓએ જૈન ધર્મના મહામંત્ર 'નવકાર મંત્ર'ને જીવનમાં અપનાવ્યો.*

*શ્રી શબાબે કોઈપણ કાર્યના પ્રારંભે નવકાર મંત્રનું સ્મરણ કરવાની ટેક લીધી. શ્રી શબાબને એવી શ્રદ્ધા છે કે, કોઈપણ કાર્યનો આરંભ કરતા પહેલાં નવકાર મંત્રનું સ્મરણ સફળતા અપાવે છે. આથી ક્યારે પણ મંચ પર પોતાના વક્તવ્યના આરંભે નવકાર મંત્રનું સ્મરણ કર્યા બાદ જ વક્તવ્યનો આરંભ કરે છે.*

*"આહારનિદ્રાભયમૈથુનં ચ*
*સામાન્યમેતદ્ પશુભિર્નરાણામ્ ।*
*ધર્મો હિ તેષામધિકો વિશેષો*
*ધર્મેણ હીનાઃ પશુભિર્સમાનાઃ ॥"*

*(ચાણક્ય નીતિ)*

અર્થાત્ ખાવું, સૂઈ જવું, ડરવું તથા બાળકો પેદા કરવા – આ કામો તો માણસો અને પશુઓ બેઉ કરે છે. માણસમાં પશુ કરતાં કંઈ પણ વિશેષતા હોય તો તે ધર્મનું આચરણ છે. પશુઓ એ નથી કરી શકતા. તેથી, માણસ હોવા છતાં જો એ ધર્મનું આચરણ ન કરે તો એનામાં અને પશુમાં શો ફેર?

માણસે પોતાનું જીવન સાર્થક કરવા જે ચાર પુરૂષાર્થો મેળવવાના છે તેમાં સૌથી પહેલી પ્રાથમિકતા ધર્મની છે, એ વિનાની કામનાપૂર્તિ કે અર્થપ્રાપ્તિ અયોગ્ય અને ઘાતક છે. તો વળી ધર્માચરણ વિના મોક્ષની પ્રાપ્તિ પણ શી રીતે થાય? આ લોક અને પરલોકમાં શાશ્વત શાંતિ અને શાશ્વત સુખની ગંગોત્રી જ ધર્મ છે. કદાચિત તેથી જ ધર્મને માણસ માટે સર્વસ્વ ગણવામાં આવ્યું છે.

*"ધર્મો માતા પિતા ચૈવ,*
*ધર્મો બન્ધુઃ સુહૃદ્ તથા ।*
*ધર્મો સ્વર્ગસ્ય સોપાનં*
*ધર્મોત્સ્વર્ગમવાપ્યતે ॥"*

*(બ્રહ્મપુરાણ)*

અર્થાત્ ધર્મ એ જ માતા, પિતા, ભાઈ અને મિત્ર છે. ધર્મથી જ સ્વર્ગ મળે છે. તેથી ધર્મ જ સ્વર્ગની સીડી છે.

આવી સ્થિતિમાં, શું ચાતુર્માસમાં જ ધર્મ કરવો, શું ધર્માચરણ માટે ચાતુર્માસ કે કોઈ વિશેષ પર્વની પ્રતીક્ષા કરવી જોઈએ? તો એના જવાબમાં 'વ્યાસ સંહિતા' કહે છે :

*"અનિત્યાનિ શરીરાણિ,*
*વિભવો નૈવ શાશ્વતઃ ।*
*નિત્યઃ સંનિહિતો મૃત્યુઃ*
*કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥"*

શરીર અનિત્ય છે. અર્થાત્ એ ક્યારે નષ્ટ થઈ જશે એનો કોઈ ભરોસો નથી; સંપત્તિ પણ સદા એકસરખી રહેવાની નથી. વળી મૃત્યુ પણ ક્ષણે ક્ષણે શિર ઉપર નાચી રહ્યું છે. તેથી માણસે પ્રતિક્ષણ ધર્માચરણ કરવું જોઈએ.

આ વાતની અનુમોદના ત્યારે મળતી હોય છે જ્યારે આપણે કોઈ જૈન શ્રમણ - શ્રમણીની ત્રિવિધે - ત્રિવિધે વંદના કરતાં, એમના તરફથી સાંપડે છે અમર આશિષ..... "ધર્મલાભ!"

મિત્રો, મનની એકાગ્રતા અને સ્થિરતા વિના 'ધર્મલાભ' એટલે કે ધર્મની પ્રાપ્તિ થાય એવી કોઈ શક્યતા ન હતી, નથી કે ન હશે એ નિર્વિવાદ સત્ય છે.

ધર્મલાભની આવશ્યક્તા એટલે પણ છે કે ધર્મ તો અહિંસા, સંયમ અને તપના પાયા પર ઊભેલું એ મંગલ મંદિર છે, જ્યાં સૌથી

શ્રેષ્ઠ માંગલ્યનો વાસ છે! માંગલ્ય એટલે મંગલતાનો ભાવ. જે જન્મ અને મરણ એટલે કે આવાગમનને અટકાવી શકે એ મંગલ; જે સહુ વિઘ્નોને હટાવી આત્માને શાશ્વત સુખના અવિચળ સ્થાને કાયમને માટે સ્થાપી શકે તે મંગલ! ધર્મરૂપી આવા સર્વોત્કૃષ્ટ માંગલ્યની પ્રાપ્તિ માટેની સાધના પદ્ધતિઓ અનેક હોય તોય, એ સહુનો સાર છ 'આવશ્યક'માં સમાયો છે. અને એ છ માં સૌથી પહેલું અને તેથી અત્યંત અગત્યનું તથા અનિવાર્ય ગણાય છે : સામાયિક.

પ્રભુ મહાવીર સ્વામીએ વિશ્વને અનેકાંતવાદ કે સ્યાદ્વાદની ભેટ તો આપી જ આપી પરંતુ એમની આત્મસાધનાના કેન્દ્રસ્થાને પણ 'સામાયિક' લેખાયું છે.

'સામાયિક' એટલે જે સાધના વડે આત્માને સમતાની પ્રાપ્તિ થાય. 'સમ' એટલે કે સમતા. તેમાં 'આય' એટલે કે 'લાભ' ઉમેરતાં 'સમાય' શબ્દ મળે. તેમાં 'ઇક્' પ્રત્યય જોડતાં એનાથી શબ્દનો પહેલો સ્વર (અકાર) ગુરૂ થઇ 'આકાર' થતાં 'સામાયિક' શબ્દ બને છે. ટૂંકમાં કહી શકાય કે સમતા - સમભાવમાં વધારો કરે એવી સહજ, સરળ સાધના એટલે સામાયિક.

'સામાયિક' કોઈ મંત્ર, તંત્ર કે યંત્ર નથી. એ તો અનંતાનંતા તીર્થંકરોએ પાડેલો મુક્તિનો ચીલો છે. સુખોનું અક્ષયપાત્ર પામવા પ્રારંભેલી પ્રવજ્યાની સર્વતોભદ્ર, કલ્યાણ મંગલમયી યાત્રા એટલે સામાયિક.

ત્રિકાલાબાધિત સત્ય એ છે કે સામાયિક એટલે જાત સાથે ગોઠડી માંડવાનો રાજમાર્ગ. આપણે એને આધ્યાત્મિક સ્નાન પણ કહી શકીએ. માણસો બાહ્ય પવિત્રતા પરત્વે જેટલા સભાન અને પ્રયત્નશીલ છે તેટલા અભ્યંતર (ભીતરી) પાવિત્ર્ય પરત્વે નથી એ વિડંબના છે. લોકો દેહનો મેલ ઉતારવા ઘરે, નદી, તળાવે સ્નાન કરતા હોય છે. કોઈ કોઈ તો વળી કોઈને કોઈ બહાને દિવસમાં અનેકવાર સ્નાન કરી પવિત્ર બન્યાનો વહેમ પાળતા કે આડંબર કરતા હોય છે! પરંતુ આત્માને વળગેલા કર્મના મેલ ઉતારવા બાબતે ક્યાં વિચારતા હોય છે?

*સાચું જ કહેવાયું છે કે :*

*"આત્મા નદી સંયમતીર્થપૂર્ણા,*
*સત્યોદકા શીલતટા દયોર્મિ ।*
*તત્રાભિષેકં કુરુ, પાંડુ પુત્ર!*
*ન વારિણા શુદ્ધ્યતિ આન્તરાત્મા ॥"*

*(મહાભારત)*

અર્થાત્ આત્મારૂપી નદી સંયમ તીર્થવાળી છે. સત્યરૂપી પાણી અને દયારૂપી ઊર્મિ-લહેરોવાળી એ નદીના કાંઠા છે શુદ્ધ આચરણ. હે પાંડુપુત્ર! જાત પર તેનો અભિષેક કર; પાણીથી કંઈ અંતરાત્મા શુદ્ધ નથી થતો.

શ્રીમદ્ ભગવદ્ ગીતાએ પ્રરૂપેલ 'સ્થિતપ્રજ્ઞ' થવું હોય, મુક્તિમાર્ગનું વરણ કરવું હોય તો 'સામાયિક' નામના આ આધ્યાત્મિક સ્નાનનો લાભ લેવા જેવો છે. કોઈ પણ અતિશયોક્તિ કે શબ્દ ચોર્યા વિના એવું કહેવાયું છે કે સામાયિક તો બધા આગમોનો સાર છે અને એ સત્ય સમય અને અનુભવની કસોટીએ કસાઈ પાર ઉતરતું રહ્યું છે.

આ અવસર્પિણી સમયખંડમાં 'આદિમ નિષ્પરિગ્રહ' એવા તીર્થંકર પ્રવર ઋષભદેવ પ્રભુજીએ દીક્ષાનો સ્વીકાર કરતાં, ***"કરેમિ સામાઈયં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ"*** કહ્યું અને સૌથી પહેલા સામાયિકની શરૂઆત થઈ ગઈ. વર્તમાન સમયખંડ પ્રમાણે જોતાં ભગવાન મહાવીર સ્વામીથી સામાયિકની શરૂઆત થઈ મનાય છે. સામાયિકના પ્રભાવને પ્રકટાવતાં એક ગાથા કહે છે :

*"જે કેઈ વિગયા મોક્ખં*
*જે વિય ગચ્છંતિ વા ગમિસ્સંતિ ।*
*તે સવ્વે સામાઈય*
*પભાવેણ મણેયવ્વમ્ ॥"*

અર્થાત્ જે કોઈપણ (તીર્થંકર) ભગવંતોએ મોક્ષનું વરણ કર્યું, કરે છે કે કરશે તે બધું જ સામાયિકના પ્રભાવથી જ થઈ શક્યું એમ માનવું.

વ્રતોના મધપૂડાની મહારાણીની ઉપમા જેને અપાઈ છે એ સામાયિક, દ્રવ્યાત્મક તેમજ ભાવાત્મક એમ બે પ્રકારે ગણાયું છે અને તેમાં ભાવાત્મક સામાયિકની વરિયતા (શ્રેષ્ઠતા) લેખાઈ છે. પ્રતિદિન ફક્ત બે ઘડી (આશરે ૪૮ મિનિટ) એ માટે ફાળવતાં આત્માની નિર્મળતાનું લક્ષ્ય પામી શકાય છે.

આવું અપ્રતીમ સામાયિક ખરીદી શકાય? એ વેચાતું મળે તો એનું મૂલ્ય શુંહોય? આવા સવાલ ધનસંપન્ન લોકોને આજે પણ થાય એ સ્વાભાવિક છે, કારણકે વિત્તથી બધું જ ખરીદી શકાય છે એવી ભ્રામક માન્યતા ભૂતકાળમાં હતી અને આજેય પ્રવર્તે છે! પરંતુ ભાવ ને દ્રવ્યથી શી રીતે ખરીદી શકાય? સામાયિકના મૂલ્ય બાબતે દ્રવ્યનો પનો કેટલો ટૂંકો પડે? તો, એવું કહેવાયું છે કે :

***"લાખ વર્ષો સુધી, દરરોજ લાખ ખાંડી (એક ખાંડી = દસ મણ) સોનું આપવામાં આવે તોય તે એક સામાયિકની લગારે ય તોલે ન આવી શકે!"***

'સુધાસિન્ધુ'માં સામાયિકના આવા અનન્ય મહિમાને આલેખતી સરસ આખ્યાયિકા અપાઈ છે; જે યાદ કરવા જેવી છે.

મૃગયા કરતાં, બેજીવી હરિણીને હણી, એક કાંકરે બે પક્ષી માર્યાના આસૂરી આનંદમાં મગન રાજા બિમ્બિસારની વાત સાંભળી તીર્થંકર મહાવીર પ્રભુએ ચોખ્ખું જ કહી દીધું કે એને નરકે જવું પડશે.

આ ખબર રાજાને મળતાં એની તો ઊંઘ હરામ થઈ ગઈ! નરકની યમ યાતનાનો વિચાર એને કંપાવી ગયો. એણે નક્કી

કર્યું કે કોઈ પણ ભોગે અને હિસાબે એ નરકને ટાળીને જ રહેશે. મારી પાસે ભલા શું નથી? અખૂટ ધનભંડાર, ઝર-ઝવેરાત, હાથી-ઘોડા અને જાગીર છે; ભલા, મને તે મોક્ષ કેમ ન મળે?

એ તો અવિલંબ તીર્થંકર પ્રભુજી પાસે પહોંચી ગયો અને પોતાના સંપૂર્ણ રાજકોશ સાથેના આખા સામ્રાજ્યના બદલામાં પણ પોતાને નરકમાંથી છુટકારો મળે અને મુક્તિ (મોક્ષ) મળે તે માટે વિનવણી કરવા લાગ્યો.

રાજાના આ વિનય-વચન સાંભળી તીર્થંકર પ્રભુજી મનોમન મરક્યા. એમણે જોયું કે નરકે જવાના ભીષણ ભય છતાં રાજા પોતાનો અહંકાર છોડવા તૈયાર નથી! જ્યાં એના આત્મા સિવાય અન્ય કશું જ એનું નથી ત્યાં એ દાન શાનું અને શી રીતે કરી શકે? "હું દાન કરી શકું છું! હું દાન કરીશ!" એવું એ હજુય અહંકારપૂર્વક.... અભિમાનપૂર્વક બોલે છે! અને જ્યાં અહંકાર.... કર્તા, ધર્તા, હર્તાભાવ હોય ત્યાં મોક્ષ શી રીતે મળે? તેથી એની સાન ઠેકાણે લાવવા પ્રભુજીએ કહ્યું :

"હે રાજા! એવડો બધા દાખડો કરવાની શી જરૂર? જો તારા રાજમાં પુણ્ય નામનો એક શ્રાવક રહે છે. એની પાસેથી એક સામાયિકનું પુણ્ય (ફળ) લઇ આવ. તારી મુક્તિનો એ જ ઉપાય છે."

"ઓહો! બસ, આટલું જ ને?! હું તો એ સહેલાઈથી લઈ આવીશ." કહી રાજા બિમ્બિસાર એ શ્રાવકના ઘરે પહોંચ્યો.

પ્રતાપી સમ્રાટ પોતાને આંગણે પધાર્યા છે એ જોઈ એણે ઉલટભેર છતાં યથાશક્તિ એનું સન્માન કરી, આવવાનું પ્રયોજન પૂછ્યું. જેના જવાબમાં રાજાએ આજીજીના સ્વરે કહ્યું : "હે શ્રાવક શ્રેષ્ઠ! હું આપની પાસે આપના એક સામાયિકનું પુણ્ય માંગવા આવ્યો છું. જે કિંમત માંગશો તે આપીશ. પરંતુ મને ખાલી હાથે ન વળાવશો!"

રાજાજીની યાચનાના જવાબમાં પુણ્ય શ્રાવકે કહ્યું : "મહારાજ! 'સામાયિક' તો 'સમતા'ભાવનું બીજું નામ છે. રાગ-દ્વેષની વિષમતાને ચિત્તમાંથી દૂર કરવાનું નામ જ 'સમતા' કે 'સામાયિક' છે. એનું પુણ્ય કોઈ કોઈને શી રીતે આપી શકે? એ તો સાધના દ્વારા પોતે જ પોતાને માટે અર્જિત કરવાનું હોય છે. અને, તમે છો કે જેમને એ વેચાતું જોઈએ છે! પરંતુ સમ્રાટ હોવાના અહંકારને ઓગાળ્યા વિના તમે એને શી રીતે પામી શકશો?"

આમ, મહારાજ બિમ્બિસાર સામાયિકનું – એક સામાયિકનું પુણ્ય પણ ખરીદી ન શક્યા! હા, એ શી રીતે અર્જિત કરી શકાય તેનું રહસ્ય તેમને મળી ચૂક્યું હતું.

અને... અને જ્યારે કોઈ સમત્વભાવમાં સ્થિર હોય ત્યારે 'મૃત્યોર્મા અમૃતં ગમય' પ્રાર્થના પણ વ્યર્થ થઇ જાય છે. કોઈ એને મુક્ત કરે એવી અપેક્ષા પણ ક્યાં રહે છે?!

આવો, સામાયિક સાથે છ આવશ્યકોથી સજ્જ થઈ આપણે આપણા માટે પ્રતિપળ પર્વાધિરાજનું નિર્માણ કરીએ.

*'હેરમ્બ નિલયમ્', ૩૫/સી/બી, ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૪૪૪ ● મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮*

## વિચારોની દિશા બદલવી જરૂરી છે

*'ભણતર ભારેખમ બન્યું છે.'*
*'કશું જ યાદ રહેતું નથી.'*
*'શું કરીએ, શિક્ષકો હાજર રહેતા નથી.'*
*'શિક્ષણ ધંધો બની ગયું છે.'*

– આવા ઉદ્‌ગારો થકી આપણે હંમેશાં શિક્ષણના નકારાત્મક પાસાને વધુ ને વધુ ભયજનક રીતે ઉપસાવતા રહીએ છીએ. અલબત્ત આપણે એ પણ ના ભૂલવું જોઈએ કે આજની શિક્ષણ પદ્ધતિમાંથી જ અનેક સફળ માણસો - સંનિષ્ઠ કર્મશીલો અને જવાબદાર નાગરિકો મળતા રહ્યા છે. આપણે આમ છતાં જો કોઈ બાબતે ચિંતા કરવાની જરૂર હોય તો એ છે વિદ્યાર્થીમાં પ્રવર્તતી વ્યાપક હતાશાની.

સ્ટુડન્ટ શા માટે સંકોચાય છે? ભણતરથી ભયભીત થવાનાં કારણો શું છે? મનપસંદ વિષયો મળ્યા નથી કે પછી પરાણે શિક્ષકના આગ્રહવશ ભણવું પડે છે. એવાં કારણો પણ હોઈ શકે. એ માત્ર શાળાની દીવાલો વચ્ચે જ જીવે છે. એના તમામ અરમાનોને માર્કશીટનાં લેખાંજોખાંથી જ જિંદગીને તોલવામાં આવે છે વગેરે કારણો ગણી શકાય.

ભણતરની સાથે આપણે નિજાનંદને માટે પણ જીવવું જોઈએ. જ્યારે પણ તમને નિરાશા ઘેરી વળે ત્યારે એ અંગે વિચારવાના બદલે આપણે ઉદાસ મનને અન્ય રચનાત્મક માર્ગોએ વાળવું જોઈએ – ઘણીવાર આ પ્રકારનું વિષયાંતર અસરકારક પરિણામો લાવે છે. આપણી બોઝિલતા કે એકધારી અકળામણોને આવા પ્રયાસોથી શાતા મળી જાય છે. મન અન્ય બાબતમાં પરોવાય છે, આપણી આસપાસની દુનિયાની વ્યાપકતા ખૂલે છે.

રોજ ખીલતાં ફૂલો કેટલાં વિસ્મયકારક હોય છે! સૂર્યનાં કિરણો દરરોજ નિતનવાં લાગે છે. હવાની લહેરખીઓમાં આટલી તાજગી કોણ ભરતું હશે! આકાશના અવનવા રંગો કયા કલાકારની દેન હશે! એક વ્યાપક જગત આપણી સમક્ષ ખૂલી જતું હોય છે. આપણું મન તાજગીથી તરબતર થઈ જાય છે. વિચારોની લવચીકતા હંમેશાં જાતજાતના પ્રતિઘોષ સમાન હોય છે!

**– રમેશ ઠક્કર**

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

# વિથોણની અષાઢી ઉજવણી જાણે કચ્છીયતનો જળોત્સવ

રામ અંતાણી

*શ્રી રામભાઈનો ટૂંકો પરિચય - ઓળખ : ‘કચ્છમિત્ર’ના પીઢ પત્રકાર.*

કચ્છ એક એવો પ્રદેશ છે જેની સોડમને એક નામ અપાયું છે – કચ્છીયત. આ કચ્છીયતમાં રણની વેરાનીયત છે, તો દરિયાની વિશાળતા પણ છે. આવી આગવી ખાસિયતોના કારણે જ કચ્છી માડુને ખમતીલો - ગમતીલો ગણાવાયો છે. કચ્છી અને કચ્છીયતની સોડમ વિશ્વભરમાં પ્રસરી છે તેમાં તેના આગવા સંસ્કારો અને રીત-રિવાજોએ જાણે સોનામાં સુગંધ ભેળવી દીધી છે.

કચ્છની પ્રખ્યાત કોમી એકતાની વાત હોય કે પછી કચ્છની વિવિધ જ્ઞાતિના રીત-રિવાજો, ઊડીને આંખે વળગે એવું દૃશ્ય ભાઈચારા અને કૌટુંબિક એકતાનું જ દેખાય. આજે દેશના કોઈ ખૂણે કે વિદેશમાં કોઈ કચ્છી ફરવા જાય અને ત્યાં સામે બોલનારો જો કચ્છી હોય તો બસ! જાણે પરિવારમાં મળી ગયાની લાગણી અનુભવાય. આની પાછળ છે પોતાની ધરતી પ્રત્યેનો પ્રગાઢ પ્રેમ અને આ પ્રેમનું દ્યોતક છે આપણી પરંપરા અને રીત-રિવાજો.

અહીં એક એવી પરંપરાની વાત કરવી છે, જે બહુ જાણીતી છે પણ એ વધુ એકવાર જાણીએ તો તેમાં પારિવારિક ભાવના અને અભાવ વચ્ચે જીવતા માનવીના મનમાં ઉઠતા પડકારની ભાવના જ ડોકાતી દેખાય છે.

આ પરંપરા છે નખત્રાણા તાલુકાના ગામ વિથોણમાં ઉજવાતી અષાઢી બીજની. કચ્છી નવા વર્ષે દેશ-વિદેશમાં વસતા કચ્છીઓમાં ઉલ્લાસ અને ઉત્સાહ તો હોય જ. પણ વિથોણનું નામ તેમાં અલગ કેડી કંડારે છે. છેલ્લા ૪૦૦ વર્ષથી અહીં જળોત્સવ યોજાય છે અને આખું ગામ થોડા સમય માટે પાણી-પાણી થઈ જાય છે. કચ્છ આમ તો પાણી માટે વલખા મારતો પ્રદેશ ગણાય છે. અહીં વરસાદનેય મંઢો મીં કહેવાતો હોય ત્યારે તેના એક ગામમાં આવો જળોત્સવ અચરજ પમાડે તેવી ઘટના છે, છતાં કચ્છમાં અને જ્યાં કચ્છીઓ વસે ત્યાં તેમને માટે એ સાહજિક લાગે છે. કારણકે આ જળોત્સવ ઉજવવા પાછળની ભાવના સૌ કચ્છીના મનમાં ધરબાયેલી જ હોય છે.

અષાઢી બીજના વિથોણની પાટીદાર જ્ઞાતિ સહિત તમામ વિથોણવાસી નાત-જાતના ભેદભાવ વગર ઢોલ-ત્રાંસા અને મંજીરા સાથે વાજતે-ગાજતે સંત ખેતાબાપાના સ્થાનકે આવી પૂજા કરે છે. ગામના દરેક પરિવારના પુરુષ સભ્યદીઠ એક નાળિયેર ખેતાબાપાની સમાધિએ ચડાવાય છે. આ નાળિયેરની સંખ્યા વિક્રમજનક ૧૦થી ૧૨ હજાર જેટલી થઈ જાય છે.

પણ ખરી ઉજવણી તો બપોર પછી શરૂ થાય છે. વિથોણ ગામની તમામ વહુ-દીકરીઓ સોળે શણગાર સજી માથા પર મોતી-ભરતકામથી સુશોભિત ઈંઢોણી પર ચકચકિત કરેલા કળશને ધારણ કરી ગામના ચોકમાં આવે છે, જ્યાં એકઠા થયેલા વડીલવર્ગને આદર અને આનંદ સાથે નવડાવે છે અને આ વડીલવર્ગ પણ પૂરા ઉમંગ સાથે તેમાં સહકાર પણ આપે છે. ગામનો મહિલાવર્ગ આ પાણી ગામના સંત સરોવરમાંથી ભરી લાવે છે. વડીલવર્ગને પાણીથી સ્નાન કરાવવાની આ પ્રથા છેલ્લા ચારસો વર્ષથી વણતૂટી રહી છે. એની પાછળનું કારણ આમ તો ખેતાબાપા પ્રત્યેની ગામલોકોની શ્રદ્ધા જ છે. કેટલાક આ માટે એવું કારણ આપે છે કે ખેતાબાપા અષાઢી બીજના બ્રહ્મલીન થયા અને તેમણે એ સમયે સમાજના લોકોને શોક ન મનાવવાનું કહ્યું હતું. તેમણે આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવથી ઉજવણી માટે કહ્યું હોવાને કારણે આવી પરંપરા સ્થાપિત થઈ છે. તો ઘણા એવું પણ કહે છે કે કારમા દુકાળ પછી વર્ષ સારું જાય તેવા હેતુથી એકબીજા પર પાણી છાંટવાની પ્રથા શરૂ થઇ છે. પણ ૪૦૦ વર્ષની આ પરંપરા પાછળનું ખરું કારણ જાણવા કરતાં આ પરંપરા પાછળ રહેલી ભાવનાને જોવાનું અગત્યનું છે.

વડીલવર્ગને ગામની વહુ-સાસુ દ્વારા સ્નાન કરાવવાની આ પરંપરા એ તો સૂચવે જ છે કે આખા ગામનો માહોલ હંમેશાં માટે કૌટુંબિક રહે છે. કેમકે ગામનો દરેક વડીલ સસરો અને ગામની દરેક વહુ એ વહુ જ છે એવી વિશાળ કૌટુંબિક ભાવના આવી પરંપરાથી વધુને વધુ દ્રઢ બની જાય છે. એ સાથે વહુ-સાસુ આ સ્નાન દ્વારા વડીલવર્ગને જાણે એવું દર્શાવતી હોય છે કે ગમે તે પરિસ્થિતિ આવે, તમને પાણી વગર તો નહીં જ રહેવા દઉં, પાતાળ ભેદીને પણ પાણી લાવી તમને તરબોળ કરી દઈશ.

વડીલવર્ગને નવડાવ્યા પછી ગામની શેરીઓમાં જાણે પાણીની હોળી રખાય છે. દરેક વ્યક્તિ એકબીજા પર પાણી નહીં, જાણે હેત વરસાવતા હોય એમ ઉત્સવ ઉજવે છે. ગામમાં તમામ શેરીઓમાં ચોમાસું છલકાતું હોય એવો માહોલ સર્જાય છે.

આ આખી પરંપરામાં જળ પ્રત્યેનો પ્રેમ ડોકાય છે. આપણી સંસ્કૃતિઓ નદીના કિનારે પાંગરી છે એટલે પાણી સાથેનો લગાવ નૈસર્ગિક જ હોય અને ‘બિન પાની જગ સૂના’ની ઉક્તિ પણ એ જ કહે છે કે જળ વગર જીવન શક્ય નથી. આપણા જીવનનો મુખ્ય આધાર જ્યારે સંસ્કાર કે પરંપરામાં વણી લેવાય એ સ્થળનો માનવી મનથી ભીનો ભીનો હોય છે. એટલે જ કચ્છના લોકો સૌનાં મન જીતી શકે છે, જગ પણ જીતી શકે છે અને આ વાત માત્ર ખોંખારીને કહેવા પૂરતી નથી, કચ્છીઓએ તેને સાબિત પણ કરી બતાવી છે.

***‘કચ્છમિત્ર’ના દિવાળી અંકના સૌજન્યથી***

# ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ

## (આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પ્રાસંગિક લેખ)

જગદીશચંદ્ર છાયા

'હિંદ છોડો' ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો હતો. દેશદાઝની પરાકાષ્ટાએ અનેક બત્રીસ લક્ષણા યુવાન શહીદોની કુરબાનીથી રક્તરંજિત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની શેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા.

આજે મને બીજી 'ઓગસ્ટ ક્રાંતિ' થઈ રહી હોવાનો અહેસાસ થઇ રહ્યો છે. લાલન કોલેજથી લાલ કિલ્લા સુધી પહોંચાડ્યા તો હવે લાલ ચોક સુધી આઝાદીની સુવાસ પહોંચશે.

આપણે ઇચ્છીએ, એ જ રીતે આ 'બીજી ઓગસ્ટ ક્રાંતિ' થકી આતંકવાદને દેશમાંથી ઉચાળા ભરવાનો વારો આવે અને દેશને એક નવું શાંત સ્વર્ગ મળે. એટલું જ નહીં, પાક કબ્જાગ્રસ્ત કાશ્મીરની મુક્તિ હવે પછીનું ધ્યેય બની રહે એવી અપેક્ષા રાખીએ અને એમાં પણ સફળતા મળે.

આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સીમાચિહ્નરૂપ 'ભારત છોડો' લોકક્રાંતિને ૭૯ વર્ષ થયા, હાલ દેશભરમાં આઝાદીનો 'અમૃત મહોત્સવ'ની ઉજવણી થઈ રહી છે. અભૂતપૂર્વ કહી શકાય એવી એ લોકક્રાંતિના દેશ ભક્તિ, જનચેતના, કોમી ઐક્ય... જેવા ઉચ્ચ આદર્શોમાંથી નવી પેઢી પ્રેરણા મેળવે, રાષ્ટ્રીય મૂલ્યોમાં નવી ચેતના જાગે, દેશનાં ઉજ્જવળ ભવિષ્ય માટે સમર્પણ ભાવના કેળવાય જેવા ઉમદા હેતુ સિધ્ધ થાય એવી અપેક્ષા સહેજે રહે.

'ઓગસ્ટ ક્રાંતિ'માં કચ્છીઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. દેશમાં ક્રાંતિના બીજ પ્રથમ કચ્છમાં રોપાયા હોવાનું કહેવાયું છે એમાં જરાય અતિશયોક્તિ નથી. કારણકે ઇ.સ. ૧૭૮૩માં કચ્છના ક્રાંતિવીર મેઘજી શેઠે, રાવ રાયધણ સામે માથું ઊંચક્યું હતું. અજબ હિંમતથી લોકક્રાંતિની આગેવાની લઈ, રાજસત્તાને ઝુકાવી, રાજવીને કેદ કરી, કચ્છની એ પ્રથમ લોકક્રાંતિને સફળ બનાવી હતી. તેમના પછી જમાદાર ફતેહમામદને પણ આવી જ જવાબદારી અદા કરવાની ફરજ પડી હતી.

જ્યારે ગાંધીયુગનો પ્રભાવ ન હતો ત્યારે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માએ અંગ્રેજ સત્તાને પડકારી હતી. પ્રજા જાગૃતિ માટે તેમણે શંખ ફૂંક્યો હતો. તો 'ઓગસ્ટ ક્રાંતિ' વખતે કચ્છ જિલ્લો પાછળ રહે ખરો?

એ યુગ હતો આઝાદીની ઝંખના માટે સર્વત્ર ફેલાયેલ લોકજુવાળનો. આપણા નેતાઓ જાણતા હતા કે જ્યાં સુધી આપણા દેશ પર બ્રિટીશ શાસન હશે ત્યાં સુધી જાપાની આક્રમણનો ભય રહેશે. હિંદુ-મુસ્લિમ એકતા સ્થાપી શકાશે નહીં. પ્રજાએ પોતાનો જન્મસિધ્ધ અધિકાર મેળવવા માટે સ્વદેશી ચળવળ, હોમરૂલ, ખિલાફત ચળવળ, સવિનય કાનૂન ભંગ, દાંડી કૂચ વગેરે કાર્યક્રમોએ સરકારના દાંત ખાટા કરી નાખ્યા હતા. તેમ છતાં સરકારની શાન ઠેકાણે આવી ન હતી. ઉલટું સરકારે દમન નીતિ આચરી, પ્રજા પર જુલમ વરસાવવામાં કોઈ કચાશ રાખી ન હતી. 'જલિયાંવાલા બાગ હત્યાકાંડ' એનું એક દૃષ્ટાંત છે.

છેવટે ૮મી ઓગસ્ટ, ૧૯૪૨નાં મુંબઇના ગોવાળિયા ટેંક મેદાન (હાલનું ઓગસ્ટ ક્રાંતિ મેદાન)માં પંદરેક હજારની માનવ મેદની વચ્ચે આપણા રાષ્ટ્રીય નેતાઓએ અંગ્રેજોને રોકડું પરખાવી દીધું : 'ભારત છોડો' – 'ક્વિટ ઇન્ડિયા.' સાથે મહાત્મા ગાંધીજીએ મંત્ર આપ્યો : 'કરેંગે યા મરેંગે.'

નવેમ્બર ૨૦૧૬માં અમે મુંબઇ 'માણવા' ગયા હતા. ત્યાં ગામદેવી સ્થિત સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનમાં અમારો ઉતારો હતો. એની તદ્દન નજીક ઓગસ્ટ ક્રાંતિ મેદાન હતું. એ સ્થળ પ્રત્યક્ષ નિહાળતાં મને અત્યંત આનંદ થયો હતો. આ સ્થળે યોજાયેલ સભામાં મહાત્મા ગાંધીજીએ 'ભારત છોડો' સૂત્ર દ્વારા અંગ્રેજોને ભારત છોડી જવા આદેશ આપ્યો હતો.

કચ્છના દાનવીર શેઠ ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગના સદભાગી મકાનમાં – ઇ.સ. ૧૮૮૫ ડિસેમ્બરના અંતમાં જ્યાં 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'ની સ્થાપના થઇ હતી એ જ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજોને પડકાર ફેંકાયો – 'ભારત છોડો.' બીજા દિવસે ૯મી ઓગસ્ટે જે નેતાઓની ધરપકડ થઇ એમાં કચ્છી

પ્રજાકીય પરિષદના પ્રમુખ અને મુંબઇના તત્કાલીન મેયર યુસુફ મહેરઅલી, મુંબઈ પ્રાંતીય મહાસભાના ખજાનચી ભવાનજી અરજણ ખીમજી... નો પણ સમાવેશ થયો હતો.

- **'ભારત છોડો' સૂત્ર કચ્છી નેતાનું પ્રદાન :**

દેશમાં ક્રાંતિના બીજ પ્રથમ કચ્છમાં રોપાયા હતા. એમ ઓગસ્ટ ક્રાંતિનું બીજ જ કચ્છમાંથી રોપાયું હતું! ઈતિહાસમાં ભલે આ વિગતની નોંધ ન લેવાઈ હોય, પણ હકીકત છે કે... દેશભરમાં ખળભળાટ મચાવનાર અને બ્રિટીશ સલ્તનતના પાયાના હચમચાવી નાખવા સમર્થ સાબિત થયેલ આ ક્રાંતિકારી સૂત્ર 'ભારત છોડો' કચ્છી સપૂત યુસુફ મહેરઅલીની દિમાગની પેદાશ છે. (શ્રી યુસુફ મહેરઅલી મુંબઇના તત્કાલીન મેયર હતા. કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ હતા. ભુજમાં વાણિયાવાડ પાસે હંમેશાં ભરચક રહેતો 'મહેરઅલી ચોક' એમની સ્મૃતિને વાગોળતો રહે છે.)

તેમણે મહાત્મા ગાંધીજીને એવું સૂત્ર સૂચવ્યું, ને સાંભળતા જ ગાંધીજીને ગમી ગયું. આમ પણ ગાંધીજી ચળવળનાં અસરકારક સૂત્રની શોધમાં તો હતા જ. ત્યાં આ સુંદર પ્રેરક સૂત્ર મળી જતાં તેમણે ચળવળનાં મુખ્ય સૂત્ર તરીકે સહર્ષ સ્વીકારી લીધું.

(આ વિગતને પ્રવીણભાઈ શેઠ અને સુભાષભાઈ સંપટે પણ એક સમયે પોતાની કૉલમમાં સ્થાન આપ્યું હતું અને એ રીતે કચ્છનું ગૌરવ વધાર્યું હતું.)

આઝાદી માટેની છેલ્લી સફળ રાષ્ટ્રીય ચળવળ માટે એક કચ્છીએ અસરકારક મુખ્ય સૂત્ર આપ્યું હતું એ જાણીને સૌની છાતી ગજગજ ફૂલે એમાં નવાઈ નથી. ચળવળને શક્તિશાળી બનાવવા કચ્છી સપૂત સૂરજી વલ્લભદાસના 'કચ્છ કેસલ' નામના મકાનમાં છુપી સભાઓ પણ મળતી. કચ્છમાં પણ પ્રભાત ફેરીઓ, હડતાળ, જાહેર સભાઓ... વગેરે કાર્યક્રમો યોજાતા. કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી, કચ્છી સપૂત મુંબઇના મેયર યુસુફ મહેરઅલીએ મહાત્મા ગાંધીજીને સૂચવેલ આઝાદીની છેલ્લી લડતનું મુખ્ય સૂત્ર ''ભારત છોડો'' યોગાનુયોગ કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજ સરકારને આપવામાં આવ્યો હતો. બીજા દિવસે ૯મી ઓગસ્ટ, ૧૯૪૨નાં, કચ્છના યુસુફ મહેરઅલી, ભવાનજી અરજણ ખીમજી સહિત ઘણા રાષ્ટ્રીય નેતાઓની ધરપકડ થઇ. એના વિરોધમાં દેશભરમાં લોક જુવાળ ભભૂકી ઉઠ્યો. સર્વત્ર તોફાનો ફાટી નીકળ્યા. લોકોએ સરકારી મિલ્કતોને નુકસાન પહોંચાડ્યું. ધરપકડના બીજા તબક્કામાં કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી નરભેરામ નરસિંહદાસ સંપટની પણ ધરપકડ થઇ. આઝાદીની ઉત્કટ ઝંખનાને વિખેરવા એ દિને મુંબઇમાં પ્રથમ વખત અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો. લાઠીચાર્જ પણ થયો હતો. વર્તમાન પત્રોની સ્વતંત્રતા ઝુંટવી લેવાતાં કેટલાક વર્તમાનપત્રોને બંધ કરવાની ફરજ પડી હતી.

એ સમયે કચ્છનું સૌથી જૂનું અખબાર 'જય કચ્છ' મુંબઈથી પ્રસિદ્ધ થતું. એની વિગતો બહુ રસપ્રદ છે.

- **'ઓગસ્ટ ક્રાંતિ' અને 'જય કચ્છ'**

વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઝુંટવાતા કેટલાક છાપા બંધ થઈ ગયા. કચ્છનું સૌથી જૂનું અખબાર 'જય કચ્છ' એ વખતે મુંબઈથી પ્રગટ થતું. પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટ રોડમાં એનું કાર્યાલય હતું. અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ લાગતાં, 'જય કચ્છ' બંધ તો ન થયું પણ એમાં 'મૌન વિરોધ' પ્રગટ થતો રહ્યો. તા. ૧૫-૮-૧૯૪૨થી તા. ૩૧-૧૦-૧૯૪૨ સુધીના 'જય કચ્છ'ના તમામ અંકોના અગ્રલેખોમાં ફક્ત એકસરખું સૂચક વેધક લખાણ છપાતું :

*''નેતાઓની ગિરફ્તારી,*
*અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ*
*કડકમાં કડક દમનના પગલાં''*

'જય કચ્છ'ને ઘણા મહિનાઓથી, યુદ્ધને લગતી આખા પાનાંની જાહેરાત મળતી હતી. તે તા. ૧૫-૮-૧૯૪૨થી 'જય કચ્છ'માં છાપવી બંધ કરી. પૈસાની લાલચને ઠુકરાવી ફૂલશંકરભાઈ પટ્ટણીએ પ્રજાનો જુસ્સો વધાર્યો. પત્રકારત્વની ગરિમા જાળવી રાખી.

- **'ક્રાંતિ'માં કચ્છનો ફાળો :**

સ્થાનિકે કચ્છમાં ક્રાંતિનો પડઘો પડ્યો હતો. કચ્છમાં તો ૨૬મી જાન્યુઆર, ૧૯૪૨ના દિવસે જ 'જવાબદાર રાજતંત્ર દિન' ઉજવાયો હતો. ઓગસ્ટ ક્રાંતિમાં કચ્છના ફાળા સંદર્ભે આ ઘટના પણ ભૂલવા જેવી નથી. એ દિને ભુજમાં 'હરિજન છાત્રાલય' ચોકમાં કચ્છી પ્રજાકીય પરિષદ તરફથી શહેરીજનોની બહોળી સંખ્યા વચ્ચે મળેલ બેઠકનું પ્રમુખ સ્થાન ગુલાબશંકરભાઈ ધોળકિયાએ સંભાળ્યું હતું. તેમણે જુસ્સાદાર પ્રવચન આપ્યું હતું. 'જવાબદાર રાજતંત્ર'ની પ્રતિજ્ઞાનો ઠરાવ શ્રી તુલસીદાસ મુળજી શેઠે રજૂ કરતાં, વકીલ ગોપાલજી ઉમરશી, ગોપાલજી શિણાઈ, મનસુખ ગઢવી વગેરેએ ટેકો આપ્યો હતો. કવિ અબ્દ 'ભક્ત કડવાજી'એ કચ્છી કવિતા દ્વારા ટેકો જાહેર કર્યો હતો (સૌજન્ય : જય કચ્છ, તા. ૩૧-૧-૧૯૪૨)

પરિષદના પાયાના પથ્થર કાંતિપ્રસાદ અંતાણીનું પ્રદાન નોંધપાત્ર હતું.

● **કચ્છમાં ઠેર ઠેર જાહેરસભા :**

મુંબઈમાં 'ક્રાંતિ'ના નેતાઓની ધરપકડ થઇ એના વિરોધમાં ભુજમાં કચ્છી પ્રજાકીય પરિષદ અને વેપારીઓના સહયોગથી મહાદેવ નાકા પાસે સાંજે સાડા છ વાગે નગરશેઠ સાકરચંદ પાનાચંદના પ્રમુખપદે જનસભા મળી હતી. જેમાં ચારેક હજારની હાજરી હતી. મોહનલાલ શાહે પ્રમુખ સ્થાન માટે મૂકેલી દરખાસ્તને જયરામ વિશ્રામે અનુમોદન આપ્યું હતું. સભામાં સર્વશ્રી ટી. એમ. શેઠ, ગુલાબશંકર ધોળકિયા, રસિકલાલ જે. જોશી, શૂરજી ઉમરશી ભાનુશાળી વગેરેએ જુસ્સાદાર વક્તવ્યો આપ્યા હતા અને જનજાગૃતિ આણી હતી. ભુજ ઉપરાંત અંજાર, મુંદ્રા, માંડવી સાથે ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં પણ જાહેર સભાઓ, હડતાળ જેવા કાર્યક્રમો યોજાયા હતા.

● **ધ્યાનાકર્ષક ઘટનાઓ :**

અલબત્ત, એ ગાળામાં પ્રજા - રાજ્ય સંઘર્ષના મોટા બનાવો કચ્છમાં બન્યા ન હતા. છતાં બ્રિટીશ સલ્તનતે તો દેશનાં તમા રાજ્યોને જરૂર જણાય ત્યારે આંદોલનકારીઓની સામૂહિક ધરપકડો કરવાનો આદેશ જાહેર કર્યો હતો. એ અન્વયે રાજકોટની વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ એજન્સી તરફથી તા. ૧૧-૮-૧૯૪૨ના લખાયેલ આદેશ કચ્છના દીવાન મિ. વેબને મળતાં એમણે કચ્છના મહારાવશ્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી, કચ્છમાં ખાસ કોઈ મોટો અનિચ્છનીય બનાવ બન્યો ન હોવાની ખાતરી કરી લીધી હતી. પરંતુ છૂટાછવાયા બનાવોમાં અંજાર તેમજ મુંદ્રામાં બનેલી ઘટનાઓએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું

● **અંજાર હાઈસ્કૂલમાં હાથ-બોંબ :**

અંજારના વિદ્યાર્થીઓ ભાંગફોડની પ્રવૃત્તિ તરફ વળ્યા હતા. હાઈસ્કૂલમાંથી દેશી બનાવટના હાથ બોમ્બ હાથ લાગ્યા હતા. તેથી હાઈસ્કૂલના કાર્યવાહક આચાર્ય છેલશંકર કે. વોરાએ તત્કાલિન કચ્છના શિક્ષણ નિયામક મિ. સ્મિથને નીચે મુજબ સંદેશો પાઠવ્યો હતો :

"સલામ સહ વિનંતી કે આજરોજ વિગતવાર પત્ર રેલવે પોસ્ટ દ્વારા આપને મોકલાવેલ છે. રોશન થશે કે આજરોજ સવારે દસ વાગે (પોષ વદ પાંચમ, સોમવાર સંવત ૧૯૯૯, ૨૫મી જાન્યુઆરી)ના હાઈસ્કૂલના સ્ટાન્ડર્ડ ફિફ્થના ક્લાસમાંથી એક દેશી બનાવટનો બોમ્બ હાથમાં આવેલ છે. કોઈપણ પ્રકારનું નુકસાન થયેલ નથી. ખાનગી તપાસ ચાલુ છે. આવતીકાલની બોમ્બની ધમકી નીચે પ્રમાણેની હાઈસ્કૂલના દરવાજા બહાર જોવા મળે છે : 'જો જાન્યુઆરી તા. ૨૬મીનાં સ્કૂલ બંધ નહીં હોય તો દેશી બનાવટનો બોમ્બ નાંખવામાં આવશે. (નવ વાગે) જે રોશન થાય.' "

● **મુંદ્રામાં વિદ્યાર્થીઓની ધરપકડ - સજા :**

મુંદ્રા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ લડત ઉપાડી હતી. પરિણામે વિદ્યાર્થી નાનાલાલ ફોફળિયા અને બીજા એક વિદ્યાર્થીની ધરપકડ થઇ હતી અને ગેરકાયદે પ્રવૃત્તિ કરવા બદલ એ વિદ્યાર્થીઓ પર કેસ ચાલ્યો હતો અને એ બંનેને નવ માસની સજા થઇ હતી. આમ, રાષ્ટ્રીય પ્રવાહથી કચ્છ જિલ્લો અળગો રહ્યો હોવાની છાપ આ લેખ થકી ખોટી પડે છે.

'હિંદ છોડો' ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો હતો. દેશદાઝની પરાકાષ્ટાએ અનેક બત્રીસ લક્ષણા યુવા શહીદોની કુરબાનીથી રક્તરંજિત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની શેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા.

*સંદર્ભસૂચિ :*

(૧) 'જય કચ્છ' સાપ્તાહિકનાં ૧૯૪૧-૪૨ની ફાઇલ દિવાળી અંકો તેમજ તા. ૧૫-૮-૯૧નો અગ્ર લેખ. (૨) 'કચ્છમાં પ્રજા જાગૃતિનાં પાનાં' લે. રસિકલાલ જોષી (૩) સ્વ. ગુલાબશંકર ધોળકિયા સ્મૃતિ ગ્રંથ. (૪) 'કચ્છ અને લોક સંસ્કૃતિ' લે. ડૉ. ગોવર્ધન શર્મા - ડૉ. ભાવના મહેતા. (૫) કવિ અબ્દ 'ભક્ત કડવાજી' અને અન્ય મહાનુભાવો (૬) 'કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ' કાંતિપ્રસાદ અંતાણી.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...**

| | | |
|---|---|---|
| એકાઉન્ટ નામ | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ |
| Account Name | : | Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad |
| બેંકનું નામ | : | કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ |
| Bank Name | : | Canara Bank, Paldi Branch, Ahmedabad. |
| A/C No. : | : | 70072010016032 • IFSC : CNRB0017007 |

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*

# સ્વાતંત્ર્ય સેનાની : કચ્છી સપૂત યુસુફ મહેરઅલી

પ્રા. પૃથ્વી શાહ

સ્વાતંત્ર્ય વીર, કચ્છી પ્રજા પરિષદના પ્રમુખ, શ્રમિકોના બેલી, મુંબઇના યુવા મેયર, દેશની યુવા પેઢીના માર્ગદર્શક – કેટકેટલા વિશેષણો સાથે જોડાયેલ એ વ્યક્તિત્વ એટલે યુસુફ મહેરઅલી.

શ્રી મહેરઅલી મૂળ કચ્છના ભદ્રેશ્વરના વતની. ૨૩ સપ્ટેમ્બર, ૧૯૦૩ના મુંબઈ ખાતે જન્મ. અટક મરચન્ટ. પિતૃક વ્યવસાય વ્યાપાર. મહેરઅલીએ મરચન્ટ અટકનો ત્યાગ કર્યો. પોતાના કાર્યથી અને માત્ર નામથી દેશમાં વિખ્યાત બની સ્વાતંત્ર્ય સેનાની અને સાર્વજનિક સેવામાં તેઓ સક્રિય થયા હતા. ૧૯૨૫માં તેઓ અર્થશાસ્ત્રના મુખ્ય વિષય સાથે સ્નાતક થયા હતા અને એલ.એલ.બી.ની ડિગ્રી પણ પ્રાપ્ત કરી હતી.

દેશમાં સાયમન કમિશન સ્થાપવામાં આવ્યું. આઝાદી અગાઉના કાળમાં કમિશનના સભ્યો મુંબઇ આવ્યા ત્યારે મહેરઅલી કમિશનનો વિરોધ કરવા પોતાના અનેક સાથીઓ સાથે પહોંચ્યા. આ નિર્દોષ લોકો ઉપર પોલીસે સખ્ત લાઠીચાર્જ કર્યો. મહેરઅલી સહિત સાથીઓ ઘવાયા. મહેરઅલીએ મુંબઇની કોર્ટમાં કેસ દાખલ કર્યો. તેઓ કેસ જીત્યા અને સંબંધિત પોલીસોને સજા થઇ.

કચ્છ મુંદ્રામાં કચ્છી પ્રજા પરિષદના સંમેલનમાં તેમણે આપેલું વક્તવ્ય હંમેશ માટે ઈતિહાસ બની ચૂક્યું છે : "સાચી તાકાત અને શક્તિ પ્રજા સમૂહમાં છે. એ શક્તિની ઉપર કોઈ શક્તિ નથી અને થઈ શકવાની નથી. જનશક્તિ અને જનનિર્ણય સામે મહારાજાઓ અને માંધાતાઓ કોઈ વિસાતમાં નથી, એ આ જગતનો - જગતના ઈતિહાસનો નિયમ છે."

ત્યારબાદ દેશમાં બનેલ અનેક ઘટનાઓમાં તેમણે સક્રિય ભાગ લીધો. બેંગ્લોરમાં વિદ્યાર્થીઓ ઉપર ગોળીબારની ઘટના હોય કે મુંબઇના મજૂરોના પ્રશ્ન હોય, પંજાબમાં પોલીસના અત્યાચારની વાત હોય કે શોષિત ગરીબો - ગુમાસ્તાઓના પ્રશ્ન માટે તેઓ લડત ચલાવતા રહ્યા. ગુમાસ્તાઓની સુખાકારી માટે તેમણે ગુમાસ્તાઓના મંડળની રચના પણ કરી હતી.

શ્રી મહેરઅલી સામાન્ય માનવીની સાથે સતત સીધા સંપર્કમાં રહ્યા. એ સાથે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, રામમનોહર લોહિયા, જયપ્રકાશ નારાયણ જેવા ઉચ્ચ નેતાઓ સાથે તેમને અંગત ઘરોબો હતો.

આઝાદીના લડવૈયા તરીકે અવારનવાર જેલવાસ ભોગવનાર શ્રી મહેરઅલી મુંબઇ મહાનગરના મેયર ચૂંટાયા ત્યારે પણ સત્યાગ્રહી તરીકે લાહોરની જેલમાં બંધ હતા એ બાબત તેમની લોકપ્રિયતા દર્શાવે છે. અંગ્રેજો ભારત છોડો આંદોલન સમયે પોતાના સાથીઓની મદદથી ભૂગર્ભ સંગઠન બનાવી આંદોલનને વેગ આપવામાં ફાળો આપ્યો હતો.

આઝાદી બાદ શ્રી મહેરઅલી ૧૯૪૯માં મુંબઇ વિધાનસભામાં સદસ્ય બન્યા હતા પરંતુ બીજી જુલાઈ, ૧૯૫૦ના માત્ર ૪૭ વરસની યુવાનવયે આ કચ્છી સપૂતે દુનિયાથી ચીર વિદાય લઈ લીધી. જનતાએ તેમને સમર્પિત સાચુકલો નેતા ગુમાવ્યો.

ભુજ શહેરમાં વાણિયાવાડ વિસ્તારમાં આવેલ ચોકને તેમની યાદમાં મહેરઅલી ચોક નામ આપવામાં આવ્યું. કચ્છ 'ક' વર્ગનું રાજ્ય હતું ત્યારે પ્રાણલાલ સહિતના અનેક નેતાઓ આ ચોકમાં જનમેદનીને સંબોધતા હતા. સમય સાથે આ ચોકની મહત્તા ઘટી ગઈ છે. આ ચોકમાં મહેરઅલીની સ્મૃતિમાં કોઈ બાવલું કે સ્મૃતિચિહ્ન પણ દેખાતા નથી. જેણે સમગ્ર રાષ્ટ્રમાં સેવા આપી, ગરીબોના હમદર્દ રહ્યા, મુંબઇના મેયર પણ બન્યા એવા કચ્છી સપૂતની સ્મૃતિ જીવંત રાખવા અને તેના કાર્યોમાંથી યુવાનો પ્રેરણા લઈ શકે એ માટે શ્રી મહેરઅલીનું ઉચિત સ્મારક રચાય એ દિશામાં ઉચિત કાર્યવાહીની અપેક્ષા છે. ■

## જીવન ગાડી

જીવનની ગાડી તો સૌ ચલાવે છે પણ મોટા ભાગની જીવનગાડીને કોઈ ગાર્ડ નથી હોતા. સદ્‌ગુરૂ એ જીવનગાડીના ગાર્ડ છે. સદ્‌ગુરૂ માનવીને જીવન કેમ જીવવું તેનું માર્ગદર્શન આપે છે. કોઈ ભય હોય તો શિષ્યને સાવધાન કરે છે. સદ્‌ગુરૂ-રૂપી ગાર્ડ વિના દોડતી માનવીની જીવનગાડી અનેક અકસ્માતો સર્જે છે. જીવનને અકસ્માતોથી બચાવવું હોય તો તમારી ગાડીનું સુકાન કોઈ સદ્‌ગુરૂને સોંપી દો.

*– પ.પૂ.આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી*

# નર્મદા નદીના પાણી પ્રશ્ને કચ્છની પરિસ્થિતિ



અશોક મહેતા

## આઝાદીના અમૃત પર્વે આપણે કચ્છના સિંચાઈ માટેના પાણીના પ્રશ્નની પણ નોંધ લઈએ

ભારત દેશમાં કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૩૬ રાજ્યો છે કે જેમાંનું એક રાજ્ય એટલે ગુજરાત. ગુજરાત રાજ્યમાં ૩૩ જિલ્લા છે કે જેમાંનો એક જિલ્લો એટલે કચ્છ. ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લામાંથી સૌથી વધુ દુષ્કાળગ્રસ્ત જિલ્લો હોય તો તે કચ્છ છે. સામાન્ય રીતે કોઈ પણ પાક લેવા ૨૦ ઈંચ જેટલો વરસાદ જોઈએ. જ્યારે કચ્છના સરેરાશ વરસાદની વાત કરીએ તો તે ૧૨થી ૧૪ ઈંચ જેટલો જ હોય છે. પરિણામે અહીં ખેતીલાયક પુષ્કળ જમીન હોવા છતાં અહીં ખેતી જોઈએ તે પ્રમાણમાં વિકસી શકેલ નથી. કચ્છની બે બાજુ દરિયો અને બે બાજુ સપાટ રણ પ્રદેશ આવેલ છે. પરિણામે દરિયાના ખારા પાણી કચ્છના ભૂતળમાં અનેક વિસ્તારમાં પહોંચી ગયેલ છે. અહીં ૭૦૦-૮૦૦ ટી.ડી.એસ.નું પાણી સામાન્ય કહેવાય છે. અનેક સ્થળે ૧૦૦૦થી ૨૦૦૦ ટી.ડી.એસ.નું પાણી પણ જોવા મળે છે. પરિણામે અહીં ખેતી સિવાયના પાણીની પણ ખૂબ જ અછત રહે છે અને તેથી અહીંનું જનજીવન દાયકાઓથી દોહ્યલું બની ગયેલ છે. પરિણામ એ આવ્યું કે અહીંની મોટાભાગની ઉજળિયાત કોમ પોતાની રોજીરોટીના પ્રશ્ને કચ્છમાંથી બહાર નીકળી ગઈ અને ત્યાં રહીને પોતાના ધંધા-ધાપા જમાવ્યા. કચ્છમાં મોટાભાગે એ વર્ગ રહ્યો કે જે આર્થિક રીતે ખૂબ જ નબળો વર્ગ હતો.

૧૯૪૭ની આઝાદી બાદ કચ્છમાં અન્ય રાજ્યોમાંથી પાણી પહોંચે તેવી વિચારણા કરવામાં આવી. સિંધુ નદીના જે પાણી કેનાલ વાટે રાજસ્થાન પહોંચે છે તે કેનાલને કચ્છ સુધી લંબાવી, સિંધુ નદીના પાણી કચ્છ સુધી પહોંચે તેની વિચારણા કરવામાં આવી. બારમાસી નદીઓના પાણીને કેનાલો દ્વારા ઈન્ટરલીંક કરી તે પાણી કચ્છ સુધી પહોંચે તેની પણ વિચારણા કરવામાં આવી. છેવટે નર્મદા નદીના ૯.૦૦ એમ.એ.એફ. પાણી જે ગુજરાત રાજ્યને ફાળવવામાં આવ્યા તેમાંથી ૦.૫ એમ.એ.એફ. સિંચાઈ માટેના પાણી કચ્છને ફાળવવામાં આવે તેવું ૧૯૭૯ના જળ પંચના ચુકાદા બાદ નક્કી કરવામાં આવ્યું અને તેના આયોજનો વિચારવામાં આવ્યા. સરદાર સરોવર નર્મદા નિગમે આ કાર્યો હાથ પર લીધેલ હોવાથી ૧૯૭૯ના જળ પંચના ચુકાદા બાદ ૨૭ વર્ષે એટલે કે વર્ષ ૨૦૦૬માં કચ્છ બ્રાંચ કેનાલની ૩૫૫ કિ.મી. સુધીની લંબાઈની કેનાલના કામ શરૂ કરવામાં આવ્યા. ૩૫૫ કિ.મી. લાંબી આ કેનાલના કામ તેના બીજા છેડા સુધી એટલે કે માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધી જુલાઈ-૨૦૨૨ના પ્રથમ અઠવાડિયામાં એટલે કે કામ શરૂ થયા બાદ ૧૬ વર્ષે પૂરા કરવામાં આવ્યા. કેનાલના તકલાદી કામના કારણે તેમાંથી પાણી વહાવવાના સમયે અનેક સ્થળે ભંગાણ સર્જાયા કે જેને રીપેર કરાવડાવીને આ પાણી કચ્છ બ્રાંચ કેનાલના બીજા છેડા સુધી હાલે પહોંચાડવામાં આવેલ છે.

ભારત દેશની ૧૯૪૭ની આઝાદી બાદ કચ્છને 'ક' વર્ગના રાજ્ય હેઠળ સીધા કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે મૂકવામાં આવ્યું કે જે સમયગાળાને આજે પણ લોકો યાદ કરે છે. ત્યારબાદ મહારાષ્ટ્ર - ગુજરાતના દ્વિભાષી રાજ્યની રચના સમયે કચ્છને આ રાજ્યમાં એક જિલ્લા તરીકે મૂકવામાં આવ્યું અને છેવટે ગુજરાત રાજ્યની રચના થતાં કચ્છ પ્રદેશ એ ગુજરાત રાજ્યનો એક જિલ્લો જ બની રહ્યો. ગાંધીનગરની વિધાનસભામાં આજે કચ્છની વસતીના પ્રમાણમાં માત્ર ૬ ધારાસભ્યોની સંખ્યા છે કે જ્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત વગેરે દરેકના ધારાસભ્યોની સંખ્યા ૪૦થી ૭૦ સુધીની છે. આ રીતે કચ્છ લઘુમતીમાં હોવાથી તેનો અવાજ ગાંધીનગરમાં સંભળાવવાની કોઈ શક્યતા જ રહેતી નથી. લોકશાહીમાં બહુમતીના આધારે નિર્ણયો લેવામાં આવે છે, ગુણવત્તાના આધારે નહીં, કે જે લોકશાહીનું એક નેગેટીવ પાસું બની રહે છે.

નર્મદા નદીના સિંચાઈના પાણીની વાત પર પાછા આવીએ તો સરદાર સરોવર નર્મદા નિગમે ૧૬ વર્ષની કામગીરી બાદ આ પાણી કચ્છ બ્રાંચ કેનાલના અન્ય છેડે એટલે કે માંડવીના મોડકુવા સુધી પહોંચાડ્યા. પરંતુ હજુ તેને કચ્છના ખેતરે ખેતર સુધી એટલે કે કચ્છને ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. પાણી થકી જે ૨,૮૫,૦૦૦ એકર ખેતીની

જમીનમાં પાણી પહોંચાડવા જોઈએ તે કાર્ય તો બાકી રહે છે. તે માટે નર્મદા નિગમે સબ બ્રાંચ કેનાલ, સબ-સબ બ્રાંચ કેનાલ, સબસીડીયરી કેનાલ અને છેવટે માઈનોર કેનાલ બંધાવી જે-તે ગામોની ખેડૂત મંડળી સુધી આ પાણી પહોંચાડવા જોઈએ અને ત્યાંથી ખેડૂત મંડળી પાઈપ લાઈન દ્વારા આ પાણી જે તે ગામના ખેતર સુધી પહોંચાડે. નર્મદા નિગમ સિંચાઈ માટે વપરાયેલ પાણીનું બીલ જે તે ખેડૂત મંડળીને આપે અને ખેડૂત મંડળી જે તે ખેતરના વપરાશ માટે આપેલ પાણીનું બીલ જે તે ખેડૂતને આપે ત્યારે આ યોજનાની કાર્યવાહી પૂરી થઈ કહેવાય. ખેડૂતોને વીજળીની જેમ પાણીનું બીલ દર મહિને મળે તો ખેડૂત તે પાણીનો ઉપયોગ કરકસરથી કરે. એટલે કે એક પાક લેવામાં જ્યાં ૨૦ ઇંચ પાણીના ડેલ્ટાની જરૂરિયાત પડે ત્યાં અત્યારે ડીઝલ પંપથી ખેંચેલ વિનામૂલ્ય પાણીનો વપરાશ જે ૬૦ ઇંચ ડેલ્ટાએ પહોંચી ગયેલ છે, તેનો બેફામ વપરાશ પણ ઘટી જાય. અને તો જ કચ્છને ફાળવાયેલ આ ૦.૫ એમ.એ.એફ. પાણીથી ૨,૮૫,૦૦૦ એકર જમીન પર સિંચાઈના પાણીથી ખેતી થઈ શકે. ઉપરોક્ત ગણનાએ કચ્છના ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડવાની સામે મોડકુવા સુધીની કચ્છ બ્રાંચ કેનાલની કાર્યવાહી પૂરી થવાથી માત્ર ૫૦ ટકા સુધી જ કામ થયેલ છે તેમ કહી શકાય. હજુ બાકીના ૫૦ ટકા કામ પૂર્ણ થવાના બાકી રહે છે. સરદાર સરોવર નર્મદા નિગમના હાલની કાર્યવાહીની ઝડપ જોતાં કચ્છની પ્રજાએ નર્મદા નદીના પાણી ખેતરે ખેતર સુધી પહોંચે અને આ પાણીથી આયોજિત ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈથી ખેતી થાય તે માટે કદાચ બીજા ૨૦ વર્ષ સુધી રાહ જોવી પડશે તેવું કહીએ તો તે બિલકુલ અસ્થાને નહીં ગણાય. ગુજરાત રાજ્યના સૌથી વધુ અસરગ્રસ્ત એવા કચ્છ જિલ્લાની નર્મદા નદીના પાણી અંગેની આ સત્ય હકીકતની રજૂઆત છે.

**એવી જ વાત નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી અંગેની છે.**

નર્મદા નદીમાં ચોમાસા દરમિયાન જે પૂરના પાણી આવે તેને વધારાના પાણી કહેવાય છે. એક અંદાજ મુજબ નર્મદા નદીનો આ પાણીનો જથ્થો ૩ એમ.એ.એફ. જેટલો છે. આ પાણી પૂરના હોવાથી અને તેને લાંબો સમય રોકી શકાય તેમ ન હોવાથી કેન્દ્રીય જળ પંચે આ ૩ એમ.એ.એફ. વધારાના પાણીનો જથ્થો વર્ષ ૧૯૭૯ના ચુકાદા સમયે ગુજરાતને ફાળવેલ હતો.

વર્ષ ૧૯૭૯ બાદ વર્ષ ૨૦૦૬માં એટલે કે જળપંચના ચુકાદા બાદ ૨૭ વર્ષે જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે ગુજરાત સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ હતો કે આ વધારાના પાણીમાંથી ૧ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને, ૧ એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને અને ૧ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવામાં આવે છે.

વર્ષ ૨૦૦૬ના આ નિર્ણય બાદ ઉત્તર ગુજરાતના વધારાના પાણીના કાર્યો સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦માં પૂર્ણ કરી દેવામાં આવ્યા. સૌરાષ્ટ્રના આ પાણીના કાર્યનો અંદાજ રૂપિયા ૧૦,૦૦૦ કરોડ જેટલો નક્કી કરવામાં આવેલ હતો કે જે ગત વર્ષ દરમિયાન 'સૌની' યોજના અંતર્ગત રૂપિયા ૧૯,૦૦૦ કરોડના ખર્ચે લગભગ પૂર્ણ કરી દેવામાં આવ્યા. જ્યારે કચ્છના આ કાર્યનો અંદાજ જે રૂા. ૪,૮૦૦ કરોડનો નક્કી કરવામાં આવેલ હતો, તેને અત્યાર સુધી વહીવટી મંજૂરી પણ આપવામાં આવેલ ન હતી. કચ્છમાંથી કચ્છ ભારતીય કિસાન સંઘ તથા અન્ય સંગઠનોએ પોતાનો અવાજ ગાંધીનગર સુધી પહોંચાડતા, આ યોજના હાલના અંદાજ પ્રમાણે રૂા. ૧૦,૦૦૦ કરોડે પહોંચવામાં આવેલ છે. તેના ૧/૩ ભાગની એટલે કે ૦.૩ એમ.એ.એફ. જેટલા પાણીની અંદાજિત રૂા. ૩,૦૦૦ કરોડથી વધુની યોજનાની વહીવટી મંજૂરી વર્ષ ૨૦૨૨ના શરૂઆતના ભાગે આપવામાં આવી છે. આ માત્ર હજુ વહીવટી મંજૂરી મળેલ છે. જળ સિંચાઈ વિભાગે ટેન્ડર પ્રક્રિયા આદરી કામ શરૂ કરાવવા જોઈએ તે સંપૂર્ણ કામગીરી હજુ બાકી રહે છે. ૦.૭ એમ.એ.એફ. જેટલા વધારાના પાણીના કાર્યોની વહીવટી મંજૂરી પણ હજુ બાકી રહે છે. કચ્છની ૧૦ લાખ એકર ખેતીની જમીનને વધારાના ૧ એમ.એ.એફ. પાણી પહોંચાડવાની ગુજરાત સરકારની આ કાર્યવાહીથી કોઈ પણ કચ્છીની આંતરડી કકળી ઉઠે તેવી આ હકીકત છે. **ગુજરાતના સૌથી વધુ દુષ્કાળગ્રસ્ત જિલ્લા એવા કચ્છની આઝાદીના અમૃત પર્વે આ હકીકત છે.**

કચ્છની વાત ગુજરાત સરકારમાં ન સંભળાવવાનું કારણ ગાંધીનગરમાં કચ્છ લઘુમતીમાં છે. કચ્છના ૬ ધારાસભ્યો ગાંધીનગરમાં બિરાજમાન છે કે જ્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત વગેરે દરેક પ્રદેશના ૪૦થી ૭૦ ધારાસભ્યો ગાંધીનગરમાં બિરાજમાન છે. અહીં બહુમતીથી કાર્યો કરવામાં આવે છે. લઘુમતીની વાતો કોરાણે મૂકવામાં આવે છે. ન્યાયપૂર્ણ વ્યવહારની વાતો આજે પણ ગુજરાતના પાટનગરમાં થતી નથી એ જાણી કચ્છની પ્રજા આજે પણ રંજ અનુભવી રહી છે.

આ તો માત્ર પાણીની વાત થઈ. આવી તો કચ્છની અન્ય અનેક હકીકતો નોંધવાલાયક છે.

**આઝાદીના અમૃત પર્વે કચ્છની પ્રજાએ આનંદ માણવો કે રંજ, એ એક વિચારવાલાયક પ્રશ્ન છે!**

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦*

# પ્રભુ માયાની ચુંદડી ઓઢી સદ્‌ગુરૂ બનીને આવે છે

સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી

કોઈ એક ગુફામાં હજારો વર્ષથી અંધકાર હોય અને આપણે તેમાં એક બાકોરૂં પાડી દઈએ અને તેમાં સૂર્યના કિરણોનો પ્રવેશ થઇ જાય તો તે ગુફામાં તે જ ક્ષણે અંધકાર દૂર થઈ જાય છે. ગુફામાં હજારો વર્ષથી રહેનારો અંધકાર એવું નથી કહેવાનો કે : હું અહિયાં આટલા વર્ષોથી આવ્યો છું તો ધીરે ધીરે જઈશ...! જેવો પ્રકાશ થાય છે કે તુરંત જ અંધકાર વિલીન થઈ જાય છે. તેવી જ રીતે હૃદયમાં ભગવાનની દિવ્ય જ્યોતિનો ઉદય થતાં જ અનાદિકાળનું જ્ઞાન પણ નષ્ટ થઈ જાય છે અને અમોને સર્વત્ર ભગવાનની સત્તાનો જ અનુભવ થાય છે.

જગતના લોકોને એવો ભ્રમ ભરાઈ ગયો છે કે મનુષ્ય, જે જન્મ જન્માંતરથી પાપી છે તો તેનો ઉધ્ધાર કેવી રીતે થઈ શકે? સંતો ઉપરોક્ત વાતો સમજાવીને અમારો ભ્રમ દૂર કરે છે અને કહે છે કે : જ્ઞાનનો પ્રકાશ થતાં જ મનુષ્ય ઉજ્જવળ બની જાય છે. આ જ વાત અર્જુનને સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે : કર્મોની સીમા તો જ્ઞાન છે. આ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રચલિત પ્રણાલીનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે : “તમામ કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે એ જ્ઞાનને તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને જાણી લે. એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી... એમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મા તત્ત્વને બરાબર ઓળખનારાએ જ્ઞાની મહાત્માજનો તને એ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપશે. જ્ઞાનના આ માધ્યમથી તું તમામ ભૂતોમાં નિઃશેષભાવથી પહેલાં પોતાનામાં અને પછી મારા નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં જોઈશ.”

સદ્‌ગુરૂની કૃપાથી જ મનમાં વિદ્યમાન અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો - સંશયો દૂર થાય છે. ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સદ્‌ગુરૂ વિના પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

જેવી રીતે લાકડાંનો વિશાળ ઢગ એકમાત્ર ચિનગારીથી કોલસો બની જાય છે તેવી જ રીતે કોઈ ગમે તેટલો પાપી કેમ ના હોય, જ્ઞાનરૂપી જ્યોતિના જાગૃત થતાં જ તેના તમામ પાપો નષ્ટ થઇ જાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃ જે રીતે ભડભડતો અગ્નિ ઘણા બધા ઇંધણોને ભસ્મીભૂત કરી નાખે છે તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે.

ઉપરોક્ત વાતોથી એ નક્કી થાય છે કે : બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતાં તમામ ભ્રમો સમાપ્ત થઇ જાય છે. માનવ પવિત્ર બની જાય છે અને સંસારરૂપી ભવસાગરથી પાર ઉતરી જાય છે. ઘણા લોકો એવો ભ્રામક અને મિથ્યા પ્રચાર કરે છે કે મનુષ્યને એક ક્ષણમાં જ્ઞાન કરાવીને સુખી કરી શકાતો નથી. સંસાર છે તો તેની સત્તા છે કારણકે અમે પણ સંસાર એટલે કે સૃષ્ટિનું અંગ છીએ. એટલે અમારી સત્તા પણ તે જ છે કે જે સમગ્ર સૃષ્ટિની સત્તા છે. આમ, આ પ્રભુ પરમાત્મા અમારી તથા સમગ્ર સૃષ્ટિની સત્તા છે. અમે બુંદ છીએ અને પ્રભુ પરમાત્મા સાગર છે. બુંદ જ્યારે સાગરમાં ભળી જાય છે તો પછી તે બુંદ ક્યાં રહે છે! બુંદ સુખી બની જાય છે... મુક્ત બની જાય છે... સાગર બની જાય છે. આમ, સાગર પણ છે અને બુંદ પણ છે. તેથી બુંદની મુક્તિ નિશ્ચિત છે. આ માટે બુંદભાવ (જીવભાવ)નો સંબંધ સાગર પરમાત્માની સાથે જોડી દેવો પરમ આવશ્યક છે. આના માટે પ્રભુ પરમાત્માના જ્ઞાનની આવશ્યક્તા છે. પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સમરથ સદ્‌ગુરૂના ચરણોમાં નતમસ્તક થવાથી આ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે સમયે આવા સદ્‌ગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માના દર્શન થઈ જાય છે, ત્યારે સાધકમાં વિશાળતા... પ્રેમ... નમ્રતા... સમદૃષ્ટિ... પરોપકાર... ભાઈચારાની ભાવના... વગેરે ગુણો પ્રગટ થાય છે.

આમ, પૂર્ણ સદ્‌ગુરૂ મળી જાય તો એક ક્ષણમાં પ્રભુ પરમાત્માના દિદાર થઈ જાય છે. જન્મ જન્માંતરથી કરોડો પાપોથી એક ક્ષણમાં છુટકારો મળી જાય છે. જગતમાંના ખોટા પાખંડી ગુરૂઓના કારણે જ જિજ્ઞાસુઓના ભ્રમો દૂર થતા નથી. વાસ્તવિક્તાનો બોધ થતો નથી.

વાસ્તવિક્તા તો એ છે કે પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સદ્‌ગુરૂની કૃપા થતાં જ પ્રભુ પરમાત્માના દર્શન થઈ જાય છે. ખરેખર પૂર્ણ સદ્‌ગુરૂ મળતાં જ સર્વસ્વ મળી જાય છે કારણકે પૂર્ણ સદ્‌ગુરૂ પોતે પ્રભુ પરમાત્માનું સાકાર સ્વરૂપ હોય છે. સદ્‌ગુરૂનો મહિમા સાંભળવાથી માનવ મનમાં રહેલા અહંકાર ઉપર આઘાત થાય છે જ. કારણકે માનવ કોઈની આગળ નતમસ્તક થવા તૈયાર નથી. તેનામાં પોતાનાથી શ્રેષ્ઠની પાસેથી કંઈપણ શીખવાની ભાવના નથી. તેથી તે સદ્‌ગુરૂના શ્રીચરણોમાં

નતમસ્તક બની શિષ્યત્વ ગ્રહણ કરવા પણ તૈયાર થતો નથી. મનુષ્યનો અહંકાર મનુષ્યને ખોટું માર્ગદર્શન આપે છે કે : જીવનમાં સદ્‌ગુરૂની આવશ્યક્તા છે પરંતુ વાસ્તવિક્તા એ છે કે પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સદ્‌ગુરૂના વિના પોતાની મેળે કંઈ જ શીખી શકતો નથી. આજનો માનવ અહંકારમાં મસ્ત બની આધ્યાત્મિક્તાને પ્રાપ્ત કરવાનું ઇચ્છે તો છે પરંતુ તેના માટે કોઈ સંત-સદ્‌ગુરૂની સમક્ષ નતમસ્તક થવા તૈયાર નથી. સદ્‌ગુરૂની મહિમાનો અર્થ છે મનુષ્ય એ શિષ્ય બનીને જીવન જીવવાની કળા શીખી લેવી. મનુષ્યમાં કર્તાપણાનો ભાવ દૂર થાય... મનુષ્યના અંતરમાં સાક્ષીભાવ નિર્માણ થાય... આના માટે સદ્‌ગુરૂના વચનોને માનીને જીવનમાં ઉતારવા ખૂબ જ જરૂરી છે. માનીએ જો અમે વચન ગુરૂના... ગુરૂની મહિમા થાય છે, આપમેળે થઇ જાતું સુમિરણ... મનનો મેલ દૂર થાય છે. (અવતારવાણી)

સદ્‌ગુરૂની મહિમાનું રસાયણ એ છે કે સદ્‌ગુરૂની ઉપાસનાની ઝલક શિષ્યના કર્મોમાં દેખાવવી જોઈએ. તેનામાં શ્રદ્ધા, વિવેક, સહનશીલતા, પરોપકાર, વિનમ્રતા, સાચી પ્રાર્થના અને સંતુષ્ટિ જેવા દૈવી ગુણોની સુગંધ દેખાવી જોઈએ. તે ઉપરાંત શુષ્યમાં તૃષ્ણા, કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારરૂપી અગ્નિની જ્વાળાઓ શાંત થયેલી જોવા મળવી જોઈએ. એટલે કે શિષ્યના જીવનમાં રૂપાંતરણ જોવા મળવું જોઈએ. આવા સદ્‌ગુરૂના શરણમાં જવાથી મનુષ્ય એના તમામ કલહ-કલેશ વિકારો દૂર થઈ જાય છે.

ઘણા લોકોના મનમાં એવો ભ્રમ હોય છે કે પ્રભુ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન ક્ષણમાં થઇ શકતા નથી. મુક્તિ મળતી નથી. આ વાતો નિરાધાર અને ભ્રામક છે. મનુષ્યના ઉત્તમ ભાગ્ય હોય તો સમરથ સદ્‌ગુરૂ મળી જાય છે અને તેમની કૃપાથી પ્રભુના દિદાર થઇ જાય છે.

એક ચિત્રકાર પોતાના શિષ્યને ચિત્ર બનાવવાની કળા શિખવાડી. તે સમયે ગુરૂ પણ ચિત્રો બનાવતા હતા. ગુરૂ શિષ્ય બંનેના બનાવેલા ચિત્રો બજારમાં વેચતા હતા. તેમાં શિષ્યના બનાવેલા ચિત્રના રૂા. ૩.૦૦ ઉપજતા હતા અને ગુરૂના બનાવેલ ચિત્રના ફક્ત રૂા. ૨.૦૦ ઉપજતા હતા. ગુરૂજી જ્યારે પોતાના શિષ્યને તેના ચિત્રમાં વધુ સુધારા કરવા માટે મંતવ્ય આપતા હતા ત્યારે એક-બે વાર શિષ્યએ વાત માની લીધી. પરંતુ અહંકારના કારણે એકવાર ગુરૂજી ચિત્રના સુધાર માટે સુઝાવ આપી રહ્યા હતા ત્યારે શિષ્યએ કહી દીધું કે ગુરૂજી! આપ મને શું સુઝાવ આપો છો! તમારૂં બનાવેલ ચિત્ર બજારમાં ફક્ત બે રૂપિયામાં વેચાય છે જ્યારે મારૂં બનાવેલ ચિત્ર ત્રણ રૂપિયામાં વેચાય છે...! આ સાંભળી ગુરૂજીએ સમજાવ્યું કે : બેટા! મેં પણ ભૂતકાળમાં આવી, તારા જેવી જ ભૂલ કરી હતી અને જેના પરિણામ સ્વરૂપ મારૂં ચિત્ર આજદિન સુધી બે રૂપિયામાં જ વેચાય છે. તે સમયે મારૂં બનાવેલ ચિત્ર બે રૂપિયામાં વેચાતું હતું અને મારા ગુરૂજીનું બનાવેલ ચિત્ર એક રૂપિયામાં વેચાતું હતું. મારા ગુરૂજી મને સમજાવતા હતા ત્યારે મેં પણ તે આપ્યો તેવો જ જવાબ આપ્યો હતો અને તેના પરિણામ સ્વરૂપ હું આગળ વધી શક્યો નથી અને તેથી જ હું નથી ઇચ્છતો કે તારૂં ચિત્ર પણ ફક્ત ત્રણ રૂપિયામાં વેચાય. તેથી હું તને સુધારાત્મક મંતવ્ય આપી રહ્યો છું.

આમ, ગુરૂદેવ હંમેશાં આપણી ભલાઈના માટે જ વિચારતા હોય છે અને આપણે પોતાના અહંકારના કારણે આપણી પોતાની હાનિ જ કરી બેસીએ છીએ.

*છક્કડિયા (ધાણીત્રા),*
*તા. ગોધરા, જિ. પંચમહાલ.*

## સફળતાનું રહસ્ય – લગની!

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સફળતાથી પ્રભાવિત થઈને કેટલાયે યુવાનો તેમને મળવા આવતા. એમની પાસે જીવનની સફળતા માટે માર્ગદર્શન મેળવતા.

એક દિવસ તેમની પાસે એક યુવાન આવ્યો અને બોલ્યો : 'સર, મહાન બનવાનો મૂળ મંત્ર મને આપો.'

આઈન્સ્ટાઈનને કહ્યું : 'લગની!'

પછી તેમણે વિગતવાર સમજાવતાં કહ્યું : 'હું તારી ઉંમરનો હતો ત્યારે ગણિતના વિષયમાં ખૂબ ડરતો. હું આ વિષયમાં કાયમ નાપાસ થતો. મારા મિત્રો મારી મજાક કરતા. હું તેથી બહુ દુઃખી થતો. તે વખતે મને એક વિચારનો ઝબકારો થયો. હું બધી રીતે સારો છું, મારામાં કશી ખામી નથી; તે છતાં ગણિતથી શા માટે ડરવું જોઈએ? બસ, આ વિચાર આવતા જ મેં સતત, એકધારી લગની રાખી ગણિતની અને વિજ્ઞાનમાં મેં કાબેલિયત પ્રાપ્ત કરી. આજે લોકો મારા આ બંને વિષયોના સિદ્ધાંતોને અનુસરે છે! બસ, સાચી લગની હોય તો સફળતાનાં શિખરો આસાનીથી સર કરી શકાય છે.'

મહાન બનવાનો મૂળમંત્ર 'લગની' મળતાં જ યુવાન ઉત્સાહિત થઈ ગયો.

- **બોધ વાક્યો :**

★ આંતરિક શક્તિ હોય તો બાહ્ય અવરોધ ક્યારેય નડતા નથી.
★ લગની હોય તો અઘરાં કાર્ય પણ સાવ સરળ થઈ જાય છે.
★ 'લગની' ને મૂળમંત્ર બનાવી સતત પરિશ્રમ કરશો તો જરૂર સફળતા પ્રાપ્ત કરી શકશો.
★ સફળતાનું સાચું રહસ્ય - લગની અને સતત પુરુષાર્થ.
★ અઘરી બાબતો માટે લગની રાખી મહેનત કરશો તો તે સાવ સરળ, સહજ અને સહેલી થઈ જશે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી.***

# પ્રેમ, નમ્રતા અને સમદૃષ્ટિને જીવનનો આધાર બનાવો...

વિનોદભાઈ માછી નિરંકારી

ઉચ્ચ વિચાર... શુભ કર્મ અને કપટરહિત વ્યવહાર ચરિત્ર નિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે. જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઈ જાય છે. કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે. જેવી રીતે ધીરજ ગુમાવીને છોડને વારંવાર ઉપાડી નાખવાથી તેનો વિકાસ થતો નથી, તેવી જ રીતે ભક્તિમાં ધીરજ ના રાખવાથી વિકાસ રૂંધાય છે. જ્યારે વચન અને કર્મમાં અંતર આવી જાય છે ત્યારે સંકોચ આવે છે.

પસ્તાવાના આંસુથી ક્યારેય પાપ ધોવાતા નથી પરંતુ તેના કારણે થયેલ વિનાશને ફરીથી સુધારી લેવું એ જ સાચું પ્રાયશ્ચિત છે. જેનામાં અભિમાન છે, અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી. મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે, વિનમ્રતા છે. જેના હૃદયમાં મીઠાશ છે, જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે, સંતુષ્ટિ અને તૃપ્તિનો એકમાત્ર રસ્તો છે : પ્રભુનું જ્ઞાન.

પ્રેમ, નમ્રતા અને સમદૃષ્ટિને જીવનનો આધાર બનાવો. સંતુષ્ટિ, કરૂણા, દયા અને પ્રેમની ભાવના ભક્તના જીવનમાં દેખાવવી જોઈએ. સહનશીલતા અને ક્ષમા માનવનો સૌથી મોટો ગુણ છે. નમ્રતાને અપનાવવાથી જ માનવતાનું કલ્યાણ સંભવ છે. નરક એ છે કે જ્યાં બેગુનાહ લોકોની હત્યા કરવામાં આવે છે અને સ્વર્ગ એ છે કે જ્યાં સંત પરમપિતા પરમાત્માના ગુણગાન કરે છે. આ બંને આ ધરીત પર જ વિદ્યમાન છે. સંસારમાં ભલાઈ કરનારની ભલાઈ કરનાર તો અનેક મળે છે પરંતુ બુરાઈ કરનારનું ભલું કરનાર માનવ દુર્લભ હોય છે.

જો અમારા હૃદયમાં વેર, નફરત, ઈર્ષ્યા તથા અભિમાનની ભાવના છે તો અમે સુખી થઈ શકવાના નથી કારણ કે આ ભાવના સળગતા કોલસા જેવી છે. જે પોતે બળે છે અને બીજાને પણ બાળે છે. શુભ કર્મો કરવાથી જ શુભકામનાઓ સાર્થક થાય છે. ઘૃણા અને હિંસાએ પ્રત્યેક સંપ્રદાય, સમાજ અને રાષ્ટ્રને ઘેરી લીધેલ છે. અને તેથી જ એકબીજાને સમજવાની વાત તો દૂર રહી, પરસ્પર વિશ્વાસ કરવા માટે પણ કોઈ તૈયાર નથી. આવી વિચારધારા માનવની અજ્ઞાનતા તથા કેટલાક અસામાજીક તત્ત્વો દ્વારા શોષણ કરવાના કારણો છે અને તે આધ્યાત્મિક જાગરૂકતા દ્વારા જ દૂર કરી શકાય છે. અમે જાણી શકીએ છીએ કે પ્રત્યેક માનવ એક જ પરમપિતા પરમાત્માની સંતાન છે. તેનાથી અમારામાં ભાઈચારો તથા સમાનતાની ભાવના જાગ્રત થાય છે.

ભક્ત ભલે ગમે તે યુગમાં આવ્યા, તેમને હંમેશાં સંસારના ભલા માટે જ કામના કરી છે અને પોતાનો એક એક શ્વાસ આ કાર્ય માટે સમર્પિત કર્યો છે. તેમને પોતાનું જીવન સહજતા, પ્રેમ અને સુખદભાવથી વ્યતીત કર્યું છે. આવું જીવન જીવીને તેમણે સંસારને માર્ગદર્શન આપ્યું. સંસારના માનવોને જીવન જીવવાની રીત શીખવી.

જે વાતો સાંભળીએ, તેને જોઈએ, વિચારીએ તથા સમજીએ અને જ્યારે માની લઈએ ત્યાર પછી જ દૃઢતા આવે છે. પ્રેમની ભાષા સર્વોત્તમ ભાષા છે. જો અમારી ભક્તિ પૂજા પાઠ સુધી સીમિત ના હોય તો ચોક્કસ અમે અમારૂં માનવીય સ્વરૂપ જોઈ શક્યા હોત. માનવ પૂજા તો ભગવાનની કરે છે પરંતુ તેમના આદર્શ માનતા નથી. ભગવાન શ્રી રામ શબરીના આશ્રમમાં સામેથી ગયા પરંતુ આજે અમે જાતિઓની દીવાલ મોટી કરી રહ્યા છીએ. જો માનવ માનવની ગોદમાં જન્મ લઈને માનવની સેવા ન કરી શકે તો તે ભગવાનની સેવા કેવી રીતે કરી શકવાનો છે? પરમાત્મા એક જ છે. જ્યારે અમે ભગવાન રામ અને ખુદાને એક જ માનીએ છીએ તો તેમનો પરિવાર અલગ કેવી રીતે હોઈ શકે? જ્યારે અમે એકને જાણીશું તો જ એકતા સંભવ છે.

ભક્ત સંપૂર્ણ માનવજાતિના પ્રત્યે સદ્ભાવ રાખે છે. ભક્તો પરહિતના માટે ફક્ત પ્રાર્થના જ નથી કરતા પરંતુ પ્રયત્નો પણ કરે છે. પ્રાર્થનાની સાથે તેના અનરૂપ કર્મ આવશ્યક છે. ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે. જ્યારે પ્રભુ હૃદયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં જ આવી જાય છે. પરમાત્મા અનેક ગુણોના સ્વામી છે. તેમાંનો એક ગુણ નિર્મલ પાવન છે. મનને નિર્મલ બનાવવા દરેકે પરમાત્માની અનુભૂતિ કરવી જોઈએ. ધરતીને સ્વર્ગ બનાવવી હોય તો સુંદર ભાવ, સુંદર ચાલ અને વ્યવહારિક જીવન પણ સુંદર હોવું જોઈએ.

આજે તમામ વ્યક્તિઓ પરમાત્માની ચર્ચા તો કરે છે પરંતુ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કરી રહ્યા છે. તે પરમાત્માને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૧ ઉપર)

# સાચુંકલા સમાજવાદી સમાજસેવક
# અમૃતપ્રસાદ અંતાણી 'મામા'



સંજય પી. ઠાકર

***કામદારો, કર્મચારીઓ, કિસાનો અને શ્રમજીવીઓના હામી ધારાશાસ્ત્રી, સ્વાતંત્ર્ય ચળવળના કાર્યકર, ભુજના પૂર્વ નગરપતિ, સાચા સમાજવાદી આગેવાન અને કચ્છમાં વિરોધ પક્ષની ભૂમિકાને મજબૂત બનાવનાર અમૃતપ્રસાદ અંતાણી 'મામા'ની ૧૦૦મી જન્મજયંતી – ૨૧મી નવેમ્બરે એક ભાવાંજલિ....!***

કચ્છમાં વિરોધ પક્ષના મહત્ત્વને સાકાર કરનાર આગેવાન, સમર્પિત સમાજવાદી સમાજ સેવક, કામદારો - કર્મચારીઓ - કિસાનોને વહારે ધાનાર ધારાશાસ્ત્રી અને ભુજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અમૃતપ્રસાદ અંતાણી 'મામા'નો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલાં ૨૧મી નવેમ્બર, ૧૯૨૧ના થયો હતો. ભુજના નાગર ગૃહસ્થ રવિશંકર નારાણજી અંતાણી (મોટા ભાઈ)ના સૌથી નાના પુત્ર એટલે અમૃતપ્રસાદભાઈ 'મામા'. સાધારણ આર્થિક સ્થિતિવાળા પરિવારમાં જન્મેલા મામાએ વિદ્યાર્થી અવસ્થામાં મોનિટર અને કોલેજકાળ દરમિયાન યુનિયનના મંત્રી બની આગેવાની લીધી હતી. અમૃતપ્રસાદભાઈ 'મામા' કેમ કહેવાયા!? એમની મોટી બહેનના પુત્ર હીરાલાલ કાંતિલાલ ધોળકિયા મામાની શાળામાં જ અભ્યાસ કરતા, તે તેમને 'મામા' કહેતા. તેઓ ઉંમરે મોટા હોવા છતાં 'મામા'ને યોગ્ય સ્થાન આપી 'મામા' જ કહેતા. આમ વિદ્યાર્થીકાળમાં 'મામા' તરીકે ઓળખાતા થયા હતા. સહાધ્યાયીઓએ પાડેલું 'મામા' નામ કાયમી સ્થિર થઈ ગયું.

અભ્યાસકાળ દરમિયાન ભુજની 'આર્ય વ્યાયામ શાળા' સાથે તેઓ જોડાયેલા હતા. તે વ્યાયામ પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. યૌવનમૂર્તિ બિરાદર યુસુફ મહેરઅલી તેમના પ્રેરણા સ્રોત બન્યા અને કચ્છી પ્રજાકીય પરિષદની ચળવળોમાં સ્વયં સેવક તરીકે જોડાઈ ગયા હતા. કાયદા શાસ્ત્રનો અભ્યાસ કરવા પૂના ગયા તો ત્યાં પણ ૧૯૪૨ના 'ભારત છોડો આંદોલન'માં જોડાઈ ગયા, પકડાયા અને યરવડા જેલમાં ૧૮ દિવસ કારાવાસ ભોગવ્યો. વિવિધ આંદોલનો અને લડતો દરમિયાન તેમનું વ્યક્તિત્વ ઘડાયું. વકીલાતના અભ્યાસ પછી મુંબઈ સચિવાલયની સરકારી નોકરીમાં જોડાયા પણ જામ્યા નહીં. નોકરી છોડી બોરીવલીમાં વકીલાત શરૂ કરી. મનમાં અજંપો અને આર્થિક સંકડામણ તેમને ઝરિયા, ધનબાદ, કલકત્તા ખેંચી ગઈ. ત્યાં પણ નસીબે યારી ન આપી. ફરી મુંબઈ પરત થયા. એક પેઢીના મેનેજર તરીકે નોકરી ચાલુ કરી. તેમના કામથી શેઠને સંતોષ હતો પણ ભાગ્ય ખેંચતું હતું માદરે વતન કચ્છ તરફ! ૧૯૫૪માં ભુજ આવ્યા ને વકીલાત શરૂ કરી. તેઓ બન્નીના માલધારી કે કંડલાના કામદાર માટે આશરો હતા. એમણે આમ જનતાના પ્રશ્નો નિઃસ્વાર્થપણે ઉકેલવા ઝઝુમ્યા અને તેથી જ લોકહૈયામાં વસ્યા.

તેમણે ૧૯૫૪ની ભુજ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ઝંપલાવ્યું. નગર સેવક તરીકે ચૂંટાયા. ૧૯૫૫-૫૬માં મોંઘવારીએ માઝા મૂકી હતી ત્યારે ભુજના વેલજી કારાએ ધોળા દિ'એ ફાનસ સરઘસ કાઢેલું. એ વખતે એમની સાથે થોડા લોકો જોડાયા, એમાં મામા પણ એક હતા! અન્યાય સામે બુલંદ અવાજ ઊઠાવવા તેઓ તત્પર બન્યા. ૧૯૫૭થી ૧૯૬૭ સુધી ભુજ નગરપાલિકાના સક્રિય સભ્ય અને હોદ્દેદાર તરીકે મામાએ શહેરની સેવા શરૂ કરી હતી. લાંબો સમય સુધી સ્મરણમાં રહે એવા બે કાર્યો – ખેંગાર પાર્ક (૧૯૬૧) અને ઑપનએર થિયેટર – એ મામાનું કર્તૃત્વ. મામાનું આ કાર્ય સુધરાઈના પ્રમુખપદના કાળનું છે. ૮મી ઓક્ટોબર, ૧૯૬૧થી ૧૧મી ઓક્ટોબર, ૧૯૬૨ સુધી તેઓ ન.પા. પ્રમુખ રહ્યા હતા. ૧૯૬૨માં ખેંગાર પાર્કનું 'ધ્વનિ પ્રસારણ કેન્દ્ર' શરૂ થયું તેના પ્રણેતા મામા હતા. આકાશવાણીનું એ પુરોગામી કેન્દ્ર કહી શકાય.

૧૯૫૭માં મામા વિધાનસભાની ચૂંટણી લડ્યા. અબડાસા બેઠક પર મહાગુજરાત જનતા પરિષદની નિશાન પર આ લડાઈમાં કોંગ્રેસના જમિયતરાય ગુ. વૈદ્ય સામે તેમની હાર થઈ. ચૂંટણીમાં પરાજય પછી પણ દિલ સાબૂત, એમની પ્રવૃત્તિઓ, એમના સંબંધો સાબૂત હતા. વર્ષો સુધી એમણે કિસાન પરિષદની પ્રવૃત્તિ પણ ચલાવી. તેના મહામંત્રીપદે રહ્યા. જનતા પરિષદના સ્થાપક અને મહાગુજરાતની ચળવળના અગ્રણી ઈન્દુચાચા ૧૯૫૫માં કચ્છમાં પધાર્યા ત્યારે ભચાઉમાં કિસાન પરિષદનું સંમેલન જોઈ તેઓ ખુશ થયા. કિસાન લડતોએ મામાને જેલયાત્રા પણ કરાવી. વેચાણવેરા વિરોધનું આંદોલન પણ ચલાવ્યું. 'મહાગુજરાત' આંદોલનમાં અગ્રીમ મોરચે રહ્યા. ધરપકડ પછી થોડી સજા પણ ભોગવી. એસ.ટી. યુનિયનની લડતોમાં

પ્રાણલાલ શાહ સાથે એમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. માધાપર હોસ્પિટલ આંદોલનમાં તેમની અગ્ર ભૂમિકા હતી.

મહાગુજરાત જનતા પરિષદ સાથે કચ્છના પ્રતિનિધિ તરીકેનો મામાનો સંબંધ રહ્યો. જનતા પાર્ટીમાં જોડાયા પહેલાં મામા મૂળ 'સમાજસેવા'ની પ્રવૃત્તિના પક્ષ 'સંયુક્ત સમાજવાદી પક્ષ' સાથે એક યા બીજી રીતે સંકળાયેલા જ રહ્યા ને એ પક્ષ ૧૯૭૭માં જનતા પાર્ટીમાં જોડાઈ ગયો એટલે મામા ત્યાં ગયા. ૧૯૫૬ના ધરતીકંપ વખતે મામા તેમના મિત્રમંડળ સાથે અંજારમાં સેવાકાર્યમાં જોતરાયા હતા. કચ્છ લેબર યુનિયન, રેલવે એમ્પ્લોઇઝ યુનિયન, ઓલ ઇન્ડિયા પોસ્ટલ એમ્પ્લોઇઝ યુનિયનના પ્રમુખ અમૃતપ્રસાદ અંતાણી રહ્યા હતા. નોકરિયાતોના, કામદારોના અનેક પ્રશ્નો માટે એમણે લડત કરી હતી. ભુજ બાર એસો.ના પ્રમુખસ્થાને રહીને ખબૂ સક્રિયતાથી પ્રવૃત્તિઓ ચલાવી. તેઓ ગુજરાત રાજ્ય વીજળી સલાહકાર પરિષદના સભ્ય હતા. ૧૯૬૦થી ૧૯૬૫ સુધી ભુજની નાગરવંડીમાં સાર્વજનિક નવરાત્રિ મહોત્સવની મોટા પાયે ઊજવણી તેમની વ્યવસ્થા હેઠળ થઈ હતી. ઓક્ટોબર ૧૯૬૧માં સી. રાજગોપાલાચારી 'રાજાજી' સ્વતંત્ર પક્ષના પ્રમુખની હેસિયતથી કચ્છ પધાર્યા હતા ત્યારે તેમનું નાગરિક સન્માન મામાના વડપણ હેઠળ થયું હતું. ગુજરાત રાજ્યની સ્થાપના ૧લી મે, ૧૯૬૦ના થઇ ત્યારે કચ્છમાં ઊજવણી થઈ હતી અને ભુજ પાલિકાના પ્રમુખ અમૃતપ્રસાદભાઈના હસ્તે ધ્વજવંદન સહિતના અનેક કાર્યક્રમો યોજાયા હતા. ૧૯૬૮માં રેલવે હડતાળ વખતે તેમને જેલયાત્રા કરવી પડી હતી. કચ્છના તે વખતના અગ્રણીઓને મામાની પ્રવૃત્તિઓ તરફ આત્મિયભાવ હતો. રાષ્ટ્રીય નેતાઓ સાથે પ્રદેશ કક્ષાના નેતાઓ સાથે એમનો અંગત નાતો હતો. ૧૯૬૮ના કચ્છ સત્યાગ્રહ વખતે મામાનું ઘર ધમધમતું હતું. રાતદિવસ દોડધામ રહી હતી. તે વખતે મામા સંયુક્ત સમાજવાદી પક્ષના પ્રમુખ થયા. તેમણે ૪૨ યુવાનોને કચ્છની ધરતીની ઓળખ માટે ગોરેગાંવ (મુંબઇ) તાલીમ કેમ્પમાં મોકલ્યા હતા. એ વર્ષે તેમણે 'કચ્છ જ્યોતિ' નામનું સાપ્તાહિક બહાર પાડ્યું હતું. ૧૯૭૧થી ભુજમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થા 'શ્રેયસ'ના ૧૯૭૫થી તેઓ પ્રમુખ રહ્યા હતા. ૧૯૭૫માં ચૂંટણી થવી જ જોઈએ એવી માંગના સંદર્ભે ધરણા કરવામાં મામા પહેલા હતા. જનતા પાર્ટીના કચ્છ જિલ્લાના ઉપપ્રમુખપદે ૧૯૮૨-૮૩માં રહ્યા હતા. ગુજરાત પ્રદેશ સમિતિના તેઓ સભ્ય હતા. આ બધી પ્રવૃત્તિઓ - સેવાકાર્યોમાં મામા સાથે તેમના ધર્મપત્ની ડોલરબેનનો પરોક્ષ ફાળો નોંધનીય રહ્યો હતો.

જનતા પ્રકાશન - ભુજ દ્વારા ૧૯૮૩માં "આપણા મામા : અમૃતપ્રસાદ અંતાણી" પુસ્તક પ્રગટ થયું છે. તેમાં મહેશભાઈ ઠક્કરે મહત્ત્વની વાત નોંધી છે. તેઓ લખે છે, "સમગ્ર કચ્છમાં 'મામા'ના હુલામણા નામથી ઓળખાતા અમૃતપ્રસાદ અંતાણીની જીવન ઝરમરનું આલેખન કરતી મનુભાઈ વૈદ્યની લખેલી આ પુસ્તિકા જાહેર જીવનના કાર્યકર્તાઓ માટે પથદર્શક છે અને ખાસ કરીને લોકશાહીના આધારસ્તંભ સમા વિરોધ પક્ષો માટે પ્રેરણાદાયી છે. શ્રી મામાનું સમગ્ર જીવન સંઘર્ષમય છે. પછી એ સંઘર્ષ ક્યારેક આર્થિક ક્ષેત્રે હોય, તો ક્યારેક કૌટુંબિક કે સામાજિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે તો હોય જ. નિરાશ થયા વિના, થાક્યા વિના 'એકલો જાને રે'ની પંક્તિને યાદ કરી ખુમારીથી આગળ વધતા મામોન માત્ર પાત્રાલેખનમાં નહીં, વાસ્તવિક્તામાં અનેકે જોયા છે." મુંબઈથી કચ્છ આવ્યા બાદ શ્રી મામા પ્રભાવશાળી અને કાર્યશીલ વિરોધ પક્ષના એક શક્તિશાળી આગેવાન હતા. સત્તાધારી કોંગ્રેસની બોલબાલા હતી ત્યારે ૧૯૫૭માં કચ્છના પાટનગર ભુજની નગરપાલિકાનો વહીવટ વિરોધ પક્ષે હસ્તગત કર્યો અને તેના સૂત્રધારો પૈકી એક એવા મામાનું ભુજ નગરપાલિકાનું યોગદાન ઉલ્લેખનીય છે. એમણે લોકવાણીને હંમેશાં વાચા આપી હતી.

રાજકીય ઇતિહાસમાં અમૃતપ્રસાદ અંતાણી 'મામા'નું સ્થાન એક નીડર, નિખાલસ, પ્રામાણિક, સેવાભાવી તેમજ ક્રાંતિકારી કાર્યકર તરીકે જીવંત રહેશે. સમાજના નબળા વર્ગોની સદાયે વહારે ધાનાર ભેખધારી નેતા 'મામા'નું ૧લી સપ્ટેમ્બર, ૧૯૪૫ના રોજ ૭૪ વર્ષની વયે નિધન થયું હતું. એમની જન્મ શતાબ્દિએ આપણા શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.

*(વિશેષ સહયોગ : નિશિથભાઈ અમૃતપ્રસાદ અંતાણી - ભુજ)*

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## પ્રેમ, નમ્રતા અને સમદૃષ્ટિને જીવનનો આધાર બનાવો...

**(અનુસંધાન : પાના નં. – ૩૯ ઉપરથી ચાલુ)**

જાણીને પૂજા કરે તો ભક્તિનો આનંદ આવે છે. બ્રહ્મવેત્તા સદ્‌ગુરૂની ઓળખાણ નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ પ્રાપ્ત કરવો. સદ્‌ગુરૂ પરમાત્માની ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો. સદ્‌ગુરૂ સમક્ષ પૂર્ણ સમર્પણ કરવું. સદ્‌ગુરૂની આજ્ઞાનું મન, વચન, કર્મથી કિંતુ પરંતુ કર્યા વિના પાલન કરવું. સાંસારિક ભોગોની આસક્તિનો ત્યાગ કરવો. માયાનો સકારાત્મક પ્રયોગ તથા લોભનો ત્યાગ નમ્રતા, દયા, કરૂણા, વિશાળતા, સહનશીલતા, પરોપકાર, ઈષ્ટ ચિંતન વગેરે સકારાત્મક ગુણો મનમાં વસાવવા. મૃદુવાણી, સત્ય વચન, પરગુણ વર્ણન, પ્રભુ ચર્ચા વગેરે દ્વારા સકારાત્મક કાર્ય કરવા. સેવા સુમિરણ સત્સંગ દ્વારા ઇન્દ્રિયોનું સંતુલન... આ ભક્તિમાર્ગની પગદંડીઓ છે.

*નવીવાડી, તા. શહેરા, પંચમહાલ.*
*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

સ્વાસ્થ્ય

# ડર (PHOBIA) : ભાગ-૨




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં આપણે જોયું કે (૧) ડબલ ગ્રેજ્યુએટ, એમ.બી.એ.ની ડિગ્રી ધરાવનારને લીફ્ટમાં જવામાં ડર લાગતો હતો. વર્ષો જૂનો ડર મનોચિકિત્સાની પદ્ધતિથી સારવારથી નાબૂદ થયો. (૨) માર્કેટીંગ એક્ઝીક્યુટીવને રાત્રે હોટલમાં એકલા રહેવાનો ડર હતો, જે નાબૂદ થયો. (૩) બંધ જગ્યામાં જવાનો ડર પણ સારવારથી દૂર થયો. (૪) ઓપરેશનનો ડર પણ મનોચિકિત્સાની સારવારથી દૂર થયો. જેથી દર્દી ઓપરેશન કરાવી શકી.

આમ, સામાન્ય જણાતાં ડરથી ઘણી વખત આપણે જિંદગી જીવતા હોઈએ છીએ. ગુણવત્તાભર્યું જીવન આ ડરને લીધે જીવી શકતા નથી. જીવન સમાધાન કરીને જીવીએ છીએ. આ ડર સામાન્ય ડર નથી પરંતુ ડરની બીમારી છે (Phobic Illness). જેની યોગ્ય સારવાર કરવાથી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકાય છે.

- **ડરની બીમારી :**

શું ડરની બીમારી હોઈ શકે? શું ડરની બીમારીની સારવાર શક્ય છે? આ પ્રશ્નોના ઉત્તરો આપણે મેળવીએ.

- **ડરની બીમારીનું નિદાન :**

વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O. – World Health Organisation) પુસ્તક આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ પુસ્તકની ૧૦મી આવૃત્તિ (International Classification of Diseases 10th Edition) તથા અમેરિકન સાયકિયાટ્રીક એસોસિએશનનું ડાયગ્નોસ્ટીક એન્ડ સ્ટેટીસ્ટીકલ મેન્યુઅલ પાંચમી આવૃત્તિ (DSM-5)માં ડરની બીમારી વિશેના નિદાન માટેના મુદ્દાઓ ઊંડાણમાં આપ્યા છે જે નીચે મુજબ છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો ડર સામાન્યથી ખૂબ જ વધારે હોય.

૨. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુ સામે આવે તો વ્યક્તિને (દર્દીને) ગભરામણનો હુમલો - પેનિક ઍટેક આવે છે. હૃદયના ધબકારા વધી જાય છે, પરસેવે રેબઝેબ થઇ જાય છે, હમણાં કાંઈક થઈ જશે એવું લાગ્યા કરે છે.

૩. વ્યક્તિ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી કોઈપણ હિસાબે દૂર ભાગે છે.

૪. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી થતી પ્રતિક્રિયા સામાન્ય કરતાં અતિશય વધારે હોય છે.

૫. સામાન્ય જિંદગી જીવવા માટે ડરને લીધે પરાણે ઘણી બધી બાંધછોડ કરવી પડે છે. (લીફ્ટમાં જવાને બદલે દાદરા ચડવા, રાત હોટલમાં રોકાવું પડે એવી સગવડવાળી નોકરી ન સ્વીકારવી, થિયેટરમાં પિક્ચર જોવા ન જવું, વિમાનમાં મુસાફરી ન કરવી વગેરે.)

૬. ડરને લીધે વ્યક્તિમાં ક્ષમતા હોવા છતાં જીવનમાં વ્યવસાયીક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે પ્રગતિ સાધી ન શકાય. વ્યક્તિ તથા પરિવારજનોમાં આને લીધે હીન ભાવના રહે. મનમાં ડંખ રહે.

ઉપરોક્ત મુદ્દાઓને લક્ષમાં લઇ ડરની બીમારીનું (Phobic Disorder) નિદાન કરી શકાય છે. સામાન્ય ડરથી બીમારીને અલગ કરી શકાય છે.

- **ડરની બીમારીનું વર્ગીકરણ**
  (Classification of Phobias) :

**અ. પરિસ્થિતિજન્ય :**

(૧) વિમાનમાં મુસાફરીનો ભય, (૨) ટ્રેનમાં મુસાફરીનો ભય, (૩) બોગદા - ટનલમાંથી વાહન પસાર થાય એનો ડર, (૪) ગતિમાં - સ્પીડમાં ચાલતા વાહનમાં મુસાફરીનો ડર, (૫) ઊંચાઈ - ઊંચી ઇમારતનો ડર, (૬) બંધ જગ્યા - લીફ્ટ, થિયેટરનો ડર.

**બ. જીવજંતુ જન્ય :**

(૧) વાંદા, (૨) ઉંદર, (૩) સાપ, (૪) કૂતરા, (૫) કરોળિયા વગેરે પ્રાણીઓનો ડર.

**ક. નૈસિંગ જન્ય :**

(૧) પાણીનો ડર (તરવા ન જવું તથા બાળકોને તરવા ન મોકલવા), (૨) અંધારાનો ડર, (૩) વાવાઝોડાનો ડર.

**ડ. બીમારી, લોહી જન્ય :**

(૧) લોહીનો ડર - લોહી જોઇને ચક્કર આવવા, બેશુધ્ધ થવું. (૨) એક્સિડન્ટ જોઈને બેશુધ્ધ થવું. (૩) ઇંજેક્શનનો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)

કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૧

# મુંદ્રા શહેરનાં દર્શનીય જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છમાં જૈનોની 'મોટી પંચતીર્થી' (અબડાસા તાલુકો) અને 'નાની પંચતીર્થી' (મુંદ્રા - માંડવી તાલુકા)નાં જૈન દેરાસરો 'તીર્થતુલ્ય જિનાલયો'નું બહુમાન પામ્યા છે! મોટા પંચતીર્થોની સ્પર્શના કરનાર યાત્રાલુઓ નાની પંચતીર્થીનાં જિન મંદિરોનાં દર્શન કરવાનો લાભ લેવાનું ચૂકતા નથી. મહાતીર્થ ભદ્રેશ્વર - વસહી અને મોટી પંચતીર્થી વચ્ચે આવતી નાની પંચતીર્થી કડીરૂપ અને કેન્દ્રિય સ્થાન ધરાવે છે.

ભૌગોલિક ક્રમે મુંદ્રા તાલુકાના મુંદ્રા, ભુજપુર, મોટી ખાખર અને માંડવી તાલુકાનાં નાની ખાખર, બિદડા, માંડવી... આ બે તાલુકાનાં છ ગામોનાં પંદર જિનાલયોનો સમૂહ 'નાની પંચતીર્થી' તરીકે ઓળખાય છે. તેનો ક્રમશઃ પ્રાસાદિક પરિચય કરાવતી ચાર હપ્તાની આ લઘુ લેખશ્રેણી ખાસ 'મંગલ મંદિર' માટે તૈયાર કરવામાં આવી છે. આશા છે કે વાચકોને તે ગમશે.

જૈનોના મહાતીર્થ ભદ્રેશ્વર - વસહીથી ૩૦, વાંકી તીર્થથી ૨૧ અને બૌંત્તેર જિનાલયથી ૩૯ કિલોમીટરે આવેલ મુંદ્રા શહેરમાં કુલ ચાર ઉત્તુંગ જિનાચૈત્યો અને એક ગુરૂમંદિર (દાદાવાડી) આવેલા છે. અચલગચ્છનું શીતલનાથ, તપગચ્છનું ચિંતામણિ પાર્શ્વનાથ, ખરતરગચ્છનું મહાવીર સ્વામી અને ગોરજીનું અમીઝરા પાર્શ્વનાથ. પ્રથમ ત્રણ દેરાસરો જે તે જૈન સંઘોના સંચાલન હેઠળ છે, જ્યારે છેલ્લું ગોરજીની માલિકીનું છે.

## (૧) શીતલનાથ જિનાલય

મુંદ્રાની મધ્યમાં માંડવી ચોક મૂકતાં મુખ્ય બજારમાં રાજમાર્ગ પર જૂના ખાદીભંડાર પાસે ઉત્તરાભિમુખે જેનું મુખ્ય પ્રવેશદ્વાર પડે છે એ શીતલનાથ પ્રભુનું આલીશાન દેરાસર આવેલું છે. વિશાળ પ્રાંગણમાં પ્રવેશતાં ડાબી તરફ પૂર્વાભિમુખે સ્થાપિત આ દેરાસર ૧૪૨ વર્ષ જૂનું, બારીક શિલ્પકળાથી અલંકૃત અને માળવાળું છે. જેમાં નીચે મૂળનાયક તરીકે શીતલનાથજી અને ઉપર આદિશ્વરજી બિરાજે છે. કુલ અઢાર પ્રભુ પ્રતિમાઓ ધરાવતું સમગ્ર દેરાસર જમીનથી ખૂબ ઊંચે બંધાયેલું છે અને કોઠારા - સુથરીનાં જિનાલયોની પ્રતિકૃતિ સમાન દીસે છે.

ભોંયતળિયે શીતલનાથ દેરાસરમાં ત્રણ પૈકી મુખ્ય મધ્ય ગભારામાં વચ્ચે શીતલનાથ તથા આસપાસ મહાવીર સ્વામી અને અજિતનાથ તેમજ જમણી બાજુના નાના ગભારામાં અનંતનાથ, સંભવનાથ, સુમતિનાથ અને ડાબી બાજુના નાના ગભારામાં સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ, કુંથુનાથની પ્રતિમાઓ બિરાજમાન છે. અહીંની શીતલનાથજીની મૂર્તિ દેશલપર (કંઠી) પાસેના જૂના માડી ગામેથી સંઘવીઓ લાવેલા અને અહીંના દેરાસરમાં પ્રસ્થાપિત કરેલી.

ઉપલે માળે આદિશ્વર દેરાસરમાં પણ ત્રણ પૈકી મુખ્ય મધ્ય ગભારામાં વચ્ચે ઋષભદેવ તથા આસપાસ વાસુપૂજ્ય અને અભિનંદન સ્વામી તેમજ જમણી બાજુના નાના ગભારામાં પદ્મપ્રભ, પાર્શ્વનાથ, સુમતિનાથ અને ડાબી બાજુના નાના ગભારામાં ચંદ્રપ્રભ, સંભવનાથ, સુવ્રતસ્વામીની મૂર્તિઓ બિરાજિત છે. અહીંના આદિશ્વર પ્રભુ (ઋષભદેવ)ની પ્રતિમા બે હજાર વર્ષ પૂર્વેની સંપ્રતિ રાજાના વખતની મનાય છે.

આ દેરાસરની સ્થાપના સંવત ૧૯૩૩ (સન ૧૮૭૭)ના શ્રાવણ સુદ દસમના થયેલી. સંવત ૨૦૦૦ (સન ૧૯૪૪)માં દેવચંદ ગોપાલજી વોરા (મુંદ્રા)એ ૪૫,૦૦૦ કોરીના ખર્ચે તેનો જીર્ણોધ્ધાર કરાવેલો તેમજ સંવત ૨૦૩૨ (સન ૧૯૭૬)માં જસરાજ ધનજી વોરા (મુંદ્રા) તરફથી નીચેના અને ઉપરના ગભારામાં સમારકામ થયેલું. શીતલનાથ દેરાસરનું સંચાલન અચલગચ્છ જૈન સંઘ કરે છે.

## (૨) મહાવીર સ્વામી જિનાલય

મુંદ્રાની કંદોઈ બજારમાં આવેલું અને કુલ દસ પ્રભુ પ્રતિમાણો ધરાવતું આ દેરાસર મુંદ્રાનાં ચારેય દેરાસરોમાં સૌથી જૂનું ગણાય છે. ઘણાં તેને પોણા બે સદી વટાવી ચૂકેલું માને છે, તો કેટલાક તેને સવા બસો-પોણા ત્રણસો વર્ષ પુરાણું પણ ગણાવે છે. અહીંના મુખ્ય દેરાસરમાં મૂળનાયક તરીકે વચ્ચે મહાવીર સ્વામી તથા જમણી બાજુ સુવ્રતસ્વામી, ચંદ્રપ્રભ, વાસુપૂજ્ય અને ડાબી બાજુ સુમતિનાથ, નેમિનાથ, શાંતિનાથની જિન પ્રતિમાઓ સ્થાપિત છે. તો, આ જ દેરાસરમાં પૂર્વાભિમુખે પદ્મપ્રભસ્વામીનું નાનું દેરાસર પણ આવેલું છે. જેમાં જમણે નેમિનાથ અને ડાબે સુપાર્શ્વનાથની મૂર્તિઓ બિરાજિત છે.

ભાવિકોની ઉદાર સહાયથી આ દેરાસરનો ચાર દાયકા પૂર્વે રૂપિયા દોઢ લાખના ખર્ચે જીર્ણોધ્ધાર થયેલો તથા મુનિ સામ્યાનંદજી અને મુનિ જયાનંદજીના વરદ્ હસ્તે સંવત ૨૦૩૭ (સન ૧૯૮૧)ના મહા સુદ તેરસના તેની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. તે

પછી જાન્યુઆરી ૧૯૯૯માં આ જિનાલયનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો, જે હેઠળ નૂતન ધ્વજદંડ, શાસનદેવી - નાકોડા ભૈરવ પ્રતિષ્ઠા, દ્વારોદ્‌ઘાટન પણ સંપન્ન થયેલ હતા.

૨૦૦૧ના ધરતીકંપમાં શ્રતિગ્રસ્ત દેરાસરોના કરાયેલ જીર્ણોધ્ધાર બાદ ૨૬થી ૨૮ જુલાઈ, ૨૦૦૯ના ત્રિ-દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. તે પછી પુનઃ બંને દેરાસરો અને દાદાવાડીનો ૨૧થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૩ના અષ્ટાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો અને સંવત ૨૦૬૯ના પોષ સુદ ચૌદસના મૂર્તિ પ્રતિષ્ઠા થઈ હતી. આ દેરાસર અનેક પ્રાચીન ગ્રંથોનો અમૂલ્ય ભંડાર ધરાવે છે. દેરાસર અને બારોઇવાળા નાકા બહાર પાંજરાપોળ વચ્ચે આવેલ દાદાવાડી (ગુરૂ મંદિર)નો વહીવટ ખરતરગચ્છ જૈન સંઘ સંભાળે છે.

## (૩) ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય

મુંદ્રાના શહેરી બંદર રોડ પર પૂર્વાભિમુખે અને શીતલનાથ દેરાસરની ડાબે જોડાજોડ ચિંતામણિ પાર્શ્વનાથનું ૧૫૭ વર્ષ જૂનું શિખરબંદ જિનાલય ઊભેલું છે. જેમાં વચ્ચે રહેલા મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની જમણે નેમિનાથ, આદિનાથ, શાંતિનાથ અને ડાબે સંભવનાથ, મહાવીર સ્વામી, વાસુપૂજ્ય એમ સાત પ્રભુ પ્રતિમાઓ પ્રસ્થાપિત થઈ છે.

સાડા ત્રણસો વર્ષથી અધિક પ્રાચીન મનાતી ચિંતામણિ પ્રભુની મૂર્તિપ્રતિષ્ઠા સંવત ૧૯૧૮ (સન ૧૮૬૨)ના પોષ વદ પાંચમના થયેલ. ચાર દાયકા પૂર્વે કલાપૂર્ણસૂરિજીની પ્રેરણાથી આ દેરાસરનો રૂા. ૨૫,૦૦૦/-ના ખર્ચે જીર્ણોધ્ધાર (શુદ્ધિકરણ) કરવામાં આવેલ અને સંવત ૨૦૩૩ (સન ૧૯૭૭)ના વૈશાખ વદ અગિયારસ (અપરા એકાદશી)ના મૂળનાયક આદિ સાત જિનબિંબો, નૂતન ધ્વજદંડ, કળશ, યક્ષ-યક્ષિણી, માણિભદ્ર, ગુરૂપાદુકા આદિની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવેલ.

તે પછી સંવત ૨૦૩૫ (સન ૧૯૭૯)માં શ્રી સંઘે કરાવેલા જીર્ણોધ્ધારમાં દીવાલોમાં આરસકામ અને રંગકામ થયેલું. સંવત ૨૦૪૨ (સન ૧૯૮૬)માં દેરાસર પાસે પૌષધશાળાનું નવનિર્માણ કરાયું. ધરતીકંપમાં દેરાસર ખંડિત થતાં તેનો ફરી મુખ્ય જીર્ણોદ્ધાર કરાતાં ત્રિ-દિવસીય પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો અને ૨૫મી મે, ૨૦૦૩ના પ્રતિમાજીઓનો ધામધૂમપૂર્વક ગભારા-પ્રવેશ કરાવાયો હતો. આ દેરાસરનો વહીવટ તપગચ્છ જૈન સંઘ સંભાળે છે.

## (૪) અમીઝરા પાર્શ્વનાથ દેરાસર

મુંદ્રામાં બારોઇવાળા નાકા બહાર તાલુકા પંચાયત કચેરી તરફ જતાં બારોઈ રોડ ઉપર 'ગોરજીના દેરા' તરીકે જાણીતું અમીઝરા પાર્શ્વનાથ દેરાસર આવેલું છે. (પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ નામો પૈકીના એક 'અમીઝરા' નામધારી દેરાસર સંભવતઃ સમગ્ર કચ્છમાં આ એકમાત્ર છે!) ૧૧૮ વર્ષ જૂનું અને ઝીણવટભર્યું શિલ્પકામ ધરાવતું આ દેરાસર જૈન મહાત્મા ગોરજી ગોવિંદજી રતનચંદજીના સ્મરણાર્થે સંવત ૧૯૫૭ (સન ૧૯૦૧)ના મહા સુદ અગિયારસ (જયા એકાદશી)ના બંધાયું છે.

ઉપરના પ્રથમ માળે પૂર્વાભિમુખ આવેલા આ દેરાસરમાં મૂળનાયક અમીઝરા પાર્શ્વનાથ, જમણે મલ્લીનાથ અને ડાબે નેમિનાથ એમ ત્રણ પ્રભુ પ્રતિમાઓનાં દર્શન થાય છે. મંદિરની અંદર રંગ મંડપમાં ઉપરની ગોળ છતનું શિલ્પકામ આકર્ષક છે અને તેની ગોલાઈ કાચથી મઢી લેવામાં આવી છે. રાજમાર્ગ પર પડતા તેના જૂના મુખ્ય દરવાજા પરનું બારીક કાષ્ઠકામ અને પથ્થર પરની સૂક્ષ્મ કલાકોતરણી હવે જોવા મળતી નથી.

મુંદ્રામાં એક વધુ નૂતન દેરાસર આગાખાન સ્કૂલ (જી.ઈ.બી. ઓફિસ) સામે આવેલા પાર્શ્વ રેસિડેન્સી (ઉમિયાનગર)માં તૈયાર થયું છે. આ નવા 'પાર્શ્વનાથ જિનાલય'નો શિલારોપણ ૨૩મી જુલાઈ, ૨૦૧૦ના તથા અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ ૨૧થી ૨૭ જાન્યુઆરી, ૨૦૧૨ના યોજાયો હતો.

*(આવતા બીજા લેખાંકમાં ભુજપુર અને મોટી ખાખરના જિનાલયોની તવારીખ.)*

**(ક્રમશઃ)**

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ડર (PHOBIA) : ભાગ-૨

**(અનુસંધાન : પાના નં. – ૪૨ ઉપરથી ચાલુ)**

ડર (સારવારમાં ઈંજેક્શન જરૂરી હોય તો પણ ન લેવા, નસમાં પ્રવાહી ચડાવવાનો ડર વગેરે. (૪) બીમારીઓનો ડર, (૫) શબ (Dead body)નો ડર – સ્મશાનયાત્રામાં જઈ ન શકાય. (૬) પ્રાર્થના સભામાં જરૂરી હોવા છતાં ન જવું.

- **શું ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો થાય છે?**

મગજમાં (Brain) આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો આપણી લાગણીઓ, વિચાર, મુડ, વર્તણૂક, એકાગ્રતા, નિર્ણય શક્તિ, સ્મરણ શક્તિ વગેરેનું કેન્દ્ર છે. મનના કાર્યો લિમ્બિક સિસ્ટમના અવયવો કરે છે.

લિમ્બિક સિસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ એમીગડેલા ડરનું મુખ્ય કેન્દ્ર છે.

વ્યક્તિને ડરની બીમારી થશે કે નહીં એ એમીગડેલાના કદ, રચના, કાર્યશક્તિ પર આધાર રાખે છે તથા એમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સ (કેમિકલ)ના ફેરફારો પર આધારિત છે. જેના વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.

**(ક્રમશઃ)**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૦

### શ્રી શિયાણી તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)



Shri Shantinath Bhagvan, Shiyani, Gujarat.

લીંબડીથી માત્ર ૧૩ કિ.મી. દૂર અને શંખેશ્વરથી લખતર થઈને પાલિતાણા જવાના સુગમ માર્ગ પર શિયાણી તીર્થ આવેલું છે. શિયાણી ગામના મધ્ય ભાગમાં આવેલું આ ભવ્ય દેરાસર છેક સંપ્રતિ મહારાજના સમયમાં નિર્માણ પામ્યાનું કહેવાય છે. આ તીર્થમાં બિરાજમાન મૂળનાયક શાંતિનાથ ભગવાનના ચમત્કારોની અનેક કથાઓ અને ક્વિદંતીઓ પ્રચલિત છે. મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુના જિન મંદિરનું મુખ પૂર્વાભિમુખ છે. દેરાસરની પૂર્વ અને ઉત્તર બાજુએ પ્રવેશ માટેનાં દ્વાર છે. દક્ષિણ દિશાના દરવાજા પર આધુનિક શિલ્પ કલાના નમૂનારૂપ સરસ્વતી દેવીની પ્રતિમા છે. આ પ્રાચીન મંદિર ત્રણ માળમાં આવેલું છે. એમાં દેરાસરના ભોંયરાવાળા ભાગને હાલમાં 'ભોંયરાવાળું પ્રાચીન મંદિર' કહેવામાં આવે છે. આમાં શ્રી શાંતિનાથ ભગવાનની ૧૩ ઈંચ ઊંચી પવિત્ર ભાવો જગાડતી સુંદર પ્રતિમાજી છે. તેની આજુબાજુ શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી ઋષભદેવ ભગવાન વગેરેની પ્રતિમાજીઓ છે. પ્રાચીન ભોંયરાની સીડી પાસે ઘોડેસવારનો પાળિયો મળે છે. તીર્થની રક્ષા કરતા વીર ગતિ પામેલા કોઈ ધર્મવીરની સ્મૃતિમાં એની રચના થઈ હશે. વચ્ચેના ભાગનું મંદિર મુખ્ય મંદિરનું સ્થાન ભોગવે છે. જેમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની નયનરમ્ય અને આકર્ષક પ્રતિમા બિરાજમાન છે. મંદિરનો સભામંડપ અને શૃંગાર મંડપ નાનો પણ દર્શનીય છે. ભવ્ય જિનાલયના ઉપરના ભાગમાં વિશાળ શિખર, ભગવાન પાર્શ્વનાથની ૧૩ ઈંચની પ્રતિમા તેમજ ચતુર્મુખ સ્થંભ આવેલો છે. અહીં ભોજન અને નિવાસની પણ વ્યવસ્થા છે.

## તીર્થ દર્શન-૧૧

### શ્રી અજાહરા તીર્થ
### (શ્રી પાર્શ્વનાથ ભગવાન)



પ્રાચીન સમયમાં જૈનોની જાહોજલાલી હતી એવું અજાહરા - અજારા ગામ સૌરાષ્ટ્રના ઉનાથી પાંચ કિ.મી. અને દેલવાડાથી અઢી કિ.મી. દૂર આવેલું છે. આ પ્રદેશમાંથી મળતી અનેક પ્રાચીન જૈન પ્રતિમાઓ ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવે છે. અતિ પ્રાચીનકાળમાં રઘુકુળના અજયપાલ નામનો રાજા રોગગ્રસ્ત બની ગયો હતો ત્યારે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના નવહણ જળથી રોગ નિવારણ થયું હતું. આથી રાજાએ આ સ્થળે અજયનગર વસાવ્યું. એક મોટું જિન મંદિર બંધાવ્યું અને તેમાં પ્રતિમાજીની સ્થાપના કરી. એ પછી અત્યાર સુધીમાં આ પ્રતિમાની ચૌદ વખત પ્રતિષ્ઠા થઈ છે. અહિંયા સેંકડો પ્રાચીન વાવ મળે છે તેમજ અહીંથી મળી આવેલા એક ઘંટ પર 'શ્રી અજારા પાર્શ્વનાથ સં. ૧૦૩૪ શાહ રાયચંદ જેચંદ' એમ કોતરેલું છે, જે આ તીર્થની પ્રાચીનતા દર્શાવે છે. આ તીર્થના ભવ્ય શિખરબંધી જૈન મંદિરનો મૂળ ગભારો, રંગમંડપ અને શિખર રમણીય છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિ વેળુની બનાવેલી છે અને તેના પર લાલ લેપ કર્યો હોવાથી પ્રભુની પ્રતિમા નયન મનોહર લાગે છે. વળી પ્રતિમાને માથે ભામંડળ આગળ નાગોની ફણાનું છત્ર છે. અહીં અનેક ચમત્કારો થયાનું નોંધાયું છે. તા. ૧૭-૯-૧૯૭૮ને રવિવારે શ્રી ધરણેન્દ્રદેવ નાગના રૂપમાં મંદિરમાં પ્રગટ થઈને પ્રભુની સામે કલાકો સુધી ધ્યાનાવસ્થામાં રહેલા જોવા મળ્યા હતા. અજાહરાની પંચતીર્થીમાં આ સ્થળ, એ મુખ્ય તીર્થધામ છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*પોતાના દુઃખને જે જીરવી શકે પણ બીજાના દુઃખને જે જોઈ ન શકે એ સજ્જન.*

# આંજો કાગર

છેલ્લા ૪૬ વર્ષથી પ્રકાશિત 'મંગલ મંદિર' મેગેઝીનમાં કચ્છની ખૂણે ખાંચરેની ઉપયોગી, જાણવાજોગ માહિતીઓ કચ્છી જૈન સમાજ માટે પ્રકાશિત થાય છે એ આનંદ અને ગૌરવની વાત છે.

મારો પરિચય હું એવી રીતે આપું છું કે આ કચ્છ નામની ખુલ્લી કિતાબનો હું વિદ્યાર્થી છું. ૪૫ વરસથી ભણું છું અને રોજ નવું નવું શીખું છું.

માંડવી, મુંદ્રા અને અબડાસામાં ઘણા વર્ષો સુધી ગ્રામ વિકાસના કામો કરવાની તક, મુરબ્બી શ્રી કાંતિસેનકાકાને કારણે મળી. ભૂકંપ પછી કચ્છ નવનિર્માણ અભિયાન સાથે કચ્છના યુવાનોને તાલીમ આપવાની તક મળી. જેમાંના ઘણા આજે કચ્છમાં જવાબદારીપૂર્વકનું કામ કરી રહ્યા છે.

નિવૃત્તિ બાદ છેલ્લા સાત વર્ષથી ભુજ દરબારગઢના પ્રાગ મહેલમાં જૂના પુસ્તકોના ગ્રંથ સંગ્રહાલયની દેખરેખ રાખવાની કામગીરી કરૂં છું. સાથે કચ્છ અભ્યાસ કેન્દ્ર શરૂ કર્યું છે. કચ્છને લગતી કોઈપણ માહિતી અહીંથી મળી રહે તેવું લક્ષ રાખી કામ શરૂ કર્યું છે. પીએચ.ડી.ના સ્કોલરો અને સંશોધકો આવતા થયા છે. પણ હજુ પ્રચાર જોઈએ તેવો થયો નથી.

ત્રીસ જેટલા વિષયોમાં મને રસ છે. કચ્છ મેઈન ફોકસ છે. એટલે કોઈ પણ માહિતી મળે તે સાચવી રાખવાનું કામ કરૂં છું. રસ ધરાવતા, કચ્છની કોઈપણ બાબતમાં ઊંડા ઉતરવા માંગતા અને કોઈ પણ સંદર્ભ શોધતા વ્યક્તિને અહીંથી માહિતી કે લીંક મળી જાય તે હેતુ છે અને તેવું બની રહ્યું છે.

'મંગલ મંદિર'ના વાચકવર્ગ સુધી આ વિગત પહોંચે તે હેતુથી આ જગ્યા અને આ પ્રવૃત્તિઓની વિગત આ સાથે આપેલ છે.

***દલપતભાઈ દાણીધારિયા – વ્યવસ્થાપક***
***આર્કાઇવ, પ્રાગમહેલ, ગ્રંથ સંગ્રહાલય – દરબારગઢ, ભુજ, કચ્છ***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કલાગુરૂ ડૉ. કાંતિભાઇ ગોર

કચ્છી ભાષાના ક્રાંતિકારી ગુરૂ ડૉ. કાંતિભાઈ ગોરને સંસ્કાર ભારતી - કચ્છે આ વર્ષની ગુરૂ પૂર્ણિમાએ "કલાગુરૂ ઍવોર્ડ" આપવાની શરૂઆત કરી. જેમાં સૌપ્રથમ કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરની પ્રથમ "કલાગુરૂ" તરીકે પસંદગી કરવામાં આવી છે.

ડૉ. કાંતિભાઈ ગોર સાચા અર્થમાં વિવિધ લલીત કલાઓના ઉપાસક અને અભ્યાસુ છે. રંગમંચ અને લલીત કલામાં રૂચિ ધરાવનાર ડૉ. કાંતિભાઈ ગોરે આકાશવાણી પર ૧૪ કચ્છી નાટકો, ૧૫ ગુજરાતી નાટકો તેમજ ૯ જેટલા સાંસ્કૃતિક નાટકો આપેલ છે. એટલું જ નહીં, પણ જૂની રંગભૂમિના 'ઘરનો દીવો', 'અલ્લાબેલી', 'અબડો જામ', 'બંધ દરવાજા', 'નાગ પાસ' નાટકોનું દિગ્દર્શન ઉપરાંત અભિનયના ઓજસ પણ રંગભૂમિ પર પાથર્યા છે.

ડૉ. ગોરની સાહિત્ય યાત્રા પણ વણથંભી રહી છે. સાહિત્ય ક્ષેત્રે ૪૦ કરતાં વધારે અભ્યાસ લેખો લખાયેલ છે. જેમાં વિષયના ઉંડા અભ્યાસુ તરીકેની છાપની ઝાંખી થાય છે. ૨૦ કરતાં વધારે કાવ્ય - મુશાયરાના સંચાલનમાં તેમની પ્રસ્તુતિમાં તેમની કલા તરીકેની પ્રતિભાને પ્રેક્ષકોરની સરાહના મળી છે. અનુવાદક તરીકે શ્રી કાંતિભાઇ ગોરે અનુવાદકનાં ગુણધર્મોનું પાલન કરેલ છે. તેમના હિંદી નાટકો અને સંસ્કૃતનાં સુભાષિતોનું ગુજરાતીમાં અનુવાદ હોય કે કચ્છીમાં 'ગંગા લહરી'નો અનુવાદ હોય, ભાષા પરનું પ્રભુત્વ અને કૌશલ્ય મૂળ કૃતિને નિષ્ઠાપૂર્વક કૃતિને નુકસાન પહોંચાડ્યા વગરના અનુવાદમાં સાક્ષરની ઉપાસના અને સત્યનું પ્રતિબિંબ પડતું જણાય છે.

આવા અભ્યાસુની દૈનિક પત્રકમાં આવતા કટાર લેખો તથા 'કચ્છી'માં પ્રગટ થતાં 'ચીંગાર'ના સંપાદનમાં વાચકની રૂચિને પોષે છે.

આવી બહુલક્ષી પ્રતિભાને અભિનંદન.

★

- કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ૧૧થી ૧૭ ઓગસ્ટ દરમિયાન ૧ કરોડની કિંમતના ઘર પર તિરંગા લહેરાવવાના અભિયાનનું નક્કી કરેલ છે.
- કચ્છ યુવક સંઘ - મુંબઈ દ્વારા કચ્છી ભાષાની જાળવણી અને પ્રસાર-પ્રચારના અભિયાનને અનુલક્ષીને પોરબંદરમાં આવેલ નાટકોત્સવમાં ૨૯મું નાટક 'મન મળે ને અખિયું ખૂલે' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી. પ્રવીણ સોલંકી લિખિત નાટકને કચ્છીમાં નાટ્ય રૂપાંતર ડૉ. વિશનજી નાગડાએ કરેલ હતો.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિંધોલોજી દ્વારા યોજાયેલ 'સંગીત ચૌરી'ના કાર્યક્રમમાં સિંધીના વિવિધ રાગો આધારિત રાગોની પ્રસ્તુતિ સિંધોલોજીના નિર્દેશક ડૉ. સાહિલ બીજલાણીના નેજા હેઠળ યોજવામાં આવેલ હતો. જેમાં સિંધી કવિઓશ્રીની રચનાઓની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી.
- વડતાલ સંસ્થા દ્વારા ભગવાન સ્વામિનારાયણના વચનામૃતનું ભાષામાં અનુવાદનું કામ શરૂ કરાયું છે. કન્નડ ભાષામાં અનુવાદ પૂર્ણ થયું છે અને તેલુગુ ભાષામાં અનુવાદની કામગીરી ડૉ. બળવંતભાઈ જાની તથા હરેનભાઈ ભટ્ટના માર્ગદર્શને હાથ ધરાયેલ છે.

★ ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે નિવૃત્ત સનદી અધિકારી શ્રી ભાગ્યેશ જહાની નિમણુંક ૨ વર્ષની મુદત માટે કરવામાં આવી છે.

## નવીન ત્રિપાઠી 'અલ્પ'ના સાહિત્ય સર્જન 'પ્રસ્થાન' વાર્તાસંગ્રહનું વિમોચન

જાણીતા સર્જક શ્રી નવીન ત્રિપાઠી 'અલ્પ'ના સાહિત્ય સર્જન 'પ્રસ્થાન' વાર્તા સંગ્રહનું તાજેતરમાં વિમોચન કરાયું હતું.

કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને રહેલા સાહિત્યકળાના પ્રોત્સાહક એવા પીઢ ધારાશાસ્ત્રી શ્રી શંકરભાઈ સચદેએ જણાવ્યું હતું કે, સર્જક 'અલ્પ'ની ૫૭ વર્ષની પ્રલંબ સાહિત્યયાત્રામાં કાવ્ય, નવલિકા, હાઈકુ તથા વાર્તા સંગ્રહમાં તેમના પોતાના જીવનના સત્યના પ્રયોગો દેખાતા રહ્યા છે. નવીન ત્રિપાઠીના અનુભવની અભિવ્યક્તિનો આ પ્રસ્થાનમાં સંદેશો ઝીલાયેલ છે.

તેમણે વિશેષમાં જણાવેલ કે, 'વાર્તાનું ઉદ્‌ગમ સ્થાન મગજ નથી, હૃદય છે. બુધ્ધિ નથી, ફિલીંગ છે. દુનિયાની કોઈ પણ ભાષામાં વાર્તા એ એક સશક્ત માધ્યમ છે. આજે સમગ્ર વિશ્વ સંબંધોની કટોકટીમાંથી પસાર થઇ રહ્યું છે ત્યારે દિવંગત પત્ની રશ્મિબેનની સ્મૃતિ ૧૧-૧૧ વર્ષ સુધી જીવંત રાખીને શ્રી ત્રિપાઠીએ નવી કેડી કંડારેલ છે.'' શ્રી સચદેએ શ્રી ત્રિપાઠીનું શાલ તથા પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું.

અતિથિ વિશેષ લોકભારતી વિદ્યાપીઠના પૂર્વ નિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કર તથા જાણીતા સર્જક-વિવેચક શ્રી જયંતીભાઈ જોષી 'શબાબ' એ જણાવ્યું હતું કે, શ્રી ત્રિપાઠીએ સાહિત્યની કોઈ વાત વેચી નથી પણ વહેંચી છે અને જનસામાન્ય સુધી પહોંચાડી છે.

## 'કચ્છમિત્ર'એ મૂલ્યનિષ્ઠ પત્રકારત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂં પાડ્યું

સંસ્કારો સાથે સમાધાન કર્યા વિના 'કચ્છમિત્ર'એ મૂલ્યનિષ્ઠ પત્રકારત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે તેવું શુભકામના સહ આશીર્વચન 'કચ્છમિત્ર'ના છોંત્તેરમાં વર્ષમાં પ્રવેશ થયા નિમિત્તે પાઠવતા વિજયયશોવિજય સૂરિશ્વરજી મ.સા.એ જણાવ્યું હતું. 'કચ્છમિત્ર'એ સંસ્કારો અને સદ્‌ભાવનાનો જે વાયરો વહેતો કર્યો છે તેનાથી લોકોની સવાર સુધરી જાય અને જીવન બદલી જાય તેવી શુભકામના આપી હતી.

## NanoNine® શબ્દ રમત-૧૮૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | ડ | મિ | ન્ટ | ન | | વિ | લા | ય | ત | | અં |
| રો | ઝ | | | હિ | મા | લ | ય | | | જા | ગ |
| મી | ન | | સા | ત | મ | | ક | | આ | મ | |
| ટ | | ક | વ | ર | લ | | | મ | ગ | ફ | ળી |
| ર | | | ર | | ત | ક | સા | ધુ | | ળ | |
| | ઓ | ઢ | ણી | | દા | સ | | ર | | | અ |
| અ | ડ | ગ | | ચા | ર | પા | ઇ | | અ | | સ્તિ |
| ર | કા | | | ડિ | | | | દો | હ | રો | |
| મા | ર | ફ | તિ | યો | | દ | રા | જ | | જ | |
| ન | | ના | ક | | ન | ખ | શિ | ખ | | ની | ક |
| | મ | | ડ | | વા | | | | મ | શી | ન |
| | હા | તિ | મ | તા | ઇ | | ભ | જ | ન | | ક |

*એપ્રિલ-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૧ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૫. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૬. હંસાબેન વિસરીયા – મુંબઈ
૭. પ્રભા શેઠિયા – વલસાડ
૮. હસમુખ શેઠિયા – અડાલજ

*મે-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૨ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. દમયંતી દંડ – અમદાવાદ
૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૪. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૫. હસમુખ શેઠિયા – અડાલજ
૬. પ્રભા શેઠિયા – વલસાડ
૭. ધનલક્ષ્મી મોતા – મુંબઈ
૮. સરલા શાહ – અમદાવાદ

*જૂન-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૩ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૬. પ્રભા શેઠિયા – વલસાડ
૭. હસમુખ શેઠિયા – અડાલજ

*શબ્દ રમત : ૧૮૧, ૧૮૨, ૧૮૩ના ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ**

## NanoNine® શબ્દ રમત-૧૮૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | |
| ૮ | | | | ૯ | | | | | ૧૦ | | ૧૧ |
| ૧૨ | | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | ૧૬ | |
| | | ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | | |
| ૨૦ | ૨૧ | | | | ૨૨ | | | | ૨૩ | ૨૪ | |
| | ૨૫ | | | ૨૬ | | | ૨૭ | | | ૨૮ | |
| ૨૯ | | | ૩૦ | | ૩૧ | ૩૨ | | ૩૩ | | | |
| | | | ૩૪ | | | | | | | ૩૫ | ૩૬ |
| ૩૭ | ૩૮ | ૩૯ | | | ૪૦ | | | ૪૧ | ૪૨ | | |
| ૪૩ | | | | ૪૪ | | | | ૪૫ | | | |
| | | ૪૬ | | | | | ૪૭ | | | ૪૮ | |
| | ૪૯ | | | ૫૦ | | | | | ૫૧ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૮-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

- ૧. ભાર (૩)
- ૩. કેરી (૨)
- ૫. પાછું આપવું તે (૩)
- ૮. અર્જ, વિનંતી, નિવેદન (૩)
- ૯. સવડ, સોઇ (૪)
- ૧૦. દુ:ખ, પીડા (૩)
- ૧૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
- ૧૪. _____ ખાના, ગમ ખાના, નમ જાના (૨)
- ૧૬. તરડ, ફાંટ (૨)
- ૧૭. ઈચ્છા, ખુશી (૩)
- ૧૮. ફૂલ (૩)
- ૨૦. _____ કી દુનિયા છોડ દે, પ્યાર કી દુનિયામેં (૪)
- ૨૨. લાભ, કમાણી, ફાયદો (૨)
- ૨૩. સમુદાય, મંડળી, સભા (૩)
- ૨૫. જે રીતે, દાખલા તરીકે (૨)
- ૨૭. નકાર, નિષેધ (૧)
- ૨૮. પળ, ક્ષણ, ઘડીનો આઠમો ભાગ (૨)
- ૨૯. પતિવ્રતા (૨)
- ૩૦. વ્યાયામ, અભ્યાસ (૪)
- ૩૩. ઘસાઈ ગયેલું, સુકાયેલું, નબળું (૨)
- ૩૪. સર્જનહાર, ઉત્પત્તિકર્તા, વિભુ (૬)
- ૩૫. રામની પત્ની (૨)
- ૩૭. દક્ષિણ ભારતનું એક તીર્થધામ (૪)
- ૪૦. નિયમ, નેમ (૨)
- ૪૧. દક્ષિણ ગુજરાતમાં આવેલું ગિરીમથક (૪)
- ૪૩. એક માદક પદાર્થ, ચડસ (૩)
- ૪૪. ઉત્સવ, જલસો, હર્ષ (ફા) (૩)
- ૪૫. સમુદાય, જથ્થો, ગાછ (૨)
- ૪૬. નાચ, નૃત્યુ (૩)
- ૪૭. પરોણી, કાંજી, આહાર (લોઢાની) અણી (૨)
- ૪૯. ચોથા ભાગનું, બાજુ (૧)
- ૫૦. સુંદર, મનોહર, ચાહવા, ઈચ્છવા યોગ્ય(૪)
- ૫૧. દરકાર, ગરજ (૩)

### ઊભી ચાવીઓ

- ૧. બાર મહિનાનો સમય (૩)
- ૨. ન્યાયાધીશ (ઇ) (૨)
- ૩. કમાણી, આવવું તે (૩)
- ૪. ગુમડા પર લગાડાતો પદાર્થ (૩)
- ૬. નકામું, બાતલ કરેલું (૨)
- ૭. એકદમ, ઝટ (૩)
- ૮. અભિલાષા, ઉમેદ (૪)
- ૧૧. કોઈપણ જગ્યાએ અટક્યા વગરની મજલ (૫)
- ૧૩. કરાર, હોડ (૩)
- ૧૫. સીતાના પતિ (૨)
- ૧૭. મર્મ, રહસ્ય, ભેદ (૩)
- ૧૯. રગ, રસવાહિની, રેસો (૨)
- ૨૧. ભવાડો, બદનામી, અપકીર્તિ (૩)
- ૨૪. ગજુ, લંબાઈ પહોળાઈ વગેરેનું પ્રમાણ (૨)
- ૨૬. વસ્તુની છાપ, પરિણામ, લાગણી (૩)
- ૨૯. સ્થાવર, જંગમ, બધું સર્વત્ર (૫)
- ૩૦. ઘટ, ખોટ, નુકસાન (૩)
- ૩૧. ચંદ્ર (૪)
- ૩૨. _____ ધનથી સેવા કરો (૪)
- ૩૩. દૂધનો સમુદ્ર (પુરાણ પ્રસિધ્ધ) (૫)
- ૩૪. સરોવર, જીતાયેલું, આધીન (૨)
- ૩૫. રામની પત્ની (૨)
- ૩૬. ખેદાન-મેદાન, જમીનદોસ્ત (૩)
- ૩૮. શિરોમણિ, મુગટ, બાજુ, દિશા (૨)
- ૩૯. શ્વાસ લેવો તે, પવન (૩)
- ૪૧. સમુદ્ર, દરિયો (૩)
- ૪૨. પૂંછડી (૨)
- ૪૩. ચંચળ, અસ્થિર, ફરતું, જાસુસ (૨)
- ૪૪. સીતાના પિતા (૩)
- ૪૫. ઝેરી અધાર, ગલ (૨)
- ૪૭. આવરદા, આયુષ્ય (૨)
- ૪૮. સરોવર, તાબે, આધીન, જીતાયેલું (૨)

**શબ્દ રમત-૧૮૪**

**જવાબો માટે જુઓ : પાના નંબર-૪૭**

*આત્માની મહત્તા તો સત્યવચન, દયા, ક્ષમા, પરોપકાર અને સમતામાં રહેલી છે.*

## NanoNine® Sudoku

**એપ્રિલ-૨૦૨૨ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૩૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૨. પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ
૩. પ્રાચી વીરા – અમદાવાદ
૪. હેમલતા દેઢિયા – અડાલજ

**મે-૨૦૨૨ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૪૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. કેશા મહેતા – અમદાવાદ
૪. અવંતી દંડ – અમદાવાદ
૫. પ્રાચી વીરા – અમદાવાદ
૬. કાંતિ ગડા – મુંબઈ
૭. પ્રભા શેઢિયા – સુરત
૮. દૃષ્ટિ દેઢિયા – ભુજપુર
૯. હેમલતા દેઢિયા – અડાલજ

**જૂન-૨૦૨૨ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૪૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. પ્રભા શેઢિયા – વલસાડ
૩. અવંતી દંડ – અમદાવાદ
૪. પ્રાચી વીરા – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ

*સુડોકુ – ૧૧૩૯, ૧૧૪૦, ૧૧૪૧ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૪૩અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૮-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૪૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | 5 | | | | 1 |
| | | 5 | 3 | 4 | | 6 | | |
| | | 4 | 6 | | | | | 5 |
| | 2 | | 9 | | 4 | | 8 | |
| 5 | 4 | | | | | | 9 | 7 |
| | 3 | | 7 | | 5 | 2 | 1 | |
| 8 | | | | | 7 | 1 | | |
| | | 2 | | 6 | 3 | 8 | | |
| 6 | | | | 2 | | | | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 6 | | 2 | | | 5 | 9 |
| 4 | 3 | | | | 8 | | | 1 |
| | | | 6 | | 3 | | | |
| | | 8 | 5 | | | 7 | 1 | |
| | | | 1 | 4 | 7 | | | |
| | 1 | 5 | | | | 6 | | |
| | | | 4 | | 6 | | | 7 |
| 5 | | | 2 | | | | 9 | 6 |
| 6 | 9 | | | 7 | | 1 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | | | 7 | 4 | 3 |
| | | | 7 | | 9 | | | 6 |
| | 4 | 7 | 3 | | 1 | | | |
| 7 | | 6 | | 5 | | 4 | | |
| 3 | 2 | | | 9 | | | 6 | 8 |
| | | 4 | | 3 | | 1 | | 7 |
| | | | 8 | | 3 | 9 | 7 | |
| 4 | | | 9 | | 6 | | | |
| 9 | 8 | 3 | | | | | 2 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | | | | | 7 | 5 | |
| | | | | 7 | | 2 | 9 | |
| | 7 | | 5 | | 1 | | | 4 |
| | 1 | | | | | | | 5 |
| 9 | | | | | | | | 8 |
| 8 | | 5 | | | | | | |
| 2 | | | 6 | | 7 | | 1 | |
| | 4 | 6 | | 8 | | | | |
| | | 7 | | | | | 4 | 6 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 1 | 6 | 9 | 7 | 5 | 2 | 3 |
| 7 | 3 | 6 | 2 | 5 | 8 | 4 | 1 | 9 |
| 2 | 9 | 5 | 1 | 4 | 3 | 7 | 6 | 8 |
| 6 | 2 | 4 | 5 | 3 | 9 | 8 | 7 | 1 |
| 9 | 1 | 7 | 8 | 2 | 6 | 3 | 5 | 4 |
| 5 | 8 | 3 | 7 | 1 | 4 | 2 | 9 | 6 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 1 | 8 | 2 |
| 1 | 5 | 8 | 3 | 6 | 2 | 9 | 4 | 7 |
| 4 | 7 | 2 | 9 | 8 | 1 | 6 | 3 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 6 | 9 | 2 | 3 | 1 | 8 | 4 | 5 |
| 5 | 4 | 1 | 6 | 7 | 8 | 2 | 9 | 3 |
| 8 | 3 | 2 | 5 | 4 | 9 | 1 | 7 | 6 |
| 2 | 7 | 3 | 9 | 1 | 5 | 6 | 8 | 4 |
| 4 | 9 | 6 | 7 | 8 | 3 | 5 | 1 | 2 |
| 1 | 5 | 8 | 4 | 6 | 2 | 9 | 3 | 7 |
| 9 | 8 | 5 | 3 | 2 | 4 | 7 | 6 | 1 |
| 3 | 1 | 7 | 8 | 5 | 6 | 4 | 2 | 9 |
| 6 | 2 | 4 | 1 | 9 | 7 | 3 | 5 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 3 | 8 | 7 | 1 | 9 | 5 | 2 |
| 2 | 1 | 7 | 9 | 5 | 4 | 3 | 6 | 8 |
| 5 | 8 | 9 | 3 | 2 | 6 | 4 | 7 | 1 |
| 1 | 7 | 8 | 2 | 4 | 5 | 6 | 3 | 9 |
| 3 | 2 | 6 | 1 | 9 | 7 | 8 | 4 | 5 |
| 9 | 5 | 4 | 6 | 8 | 3 | 2 | 1 | 7 |
| 8 | 3 | 5 | 4 | 1 | 2 | 7 | 9 | 6 |
| 6 | 9 | 1 | 7 | 3 | 8 | 5 | 2 | 4 |
| 7 | 4 | 2 | 5 | 6 | 9 | 1 | 8 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 8 | 9 | 7 | 4 | 3 | 1 | 6 |
| 6 | 3 | 4 | 8 | 1 | 5 | 2 | 7 | 9 |
| 7 | 1 | 9 | 3 | 2 | 6 | 8 | 4 | 5 |
| 3 | 8 | 5 | 4 | 9 | 1 | 6 | 2 | 7 |
| 4 | 9 | 7 | 6 | 5 | 2 | 1 | 8 | 3 |
| 1 | 6 | 2 | 7 | 8 | 3 | 9 | 5 | 4 |
| 9 | 7 | 3 | 1 | 4 | 8 | 5 | 6 | 2 |
| 8 | 2 | 6 | 5 | 3 | 7 | 4 | 9 | 1 |
| 5 | 4 | 1 | 2 | 6 | 9 | 7 | 3 | 8 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# જીવનનો શ્રેષ્ઠ અભિગમ : સર્વાંગી સ્વાસ્થ્ય



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

વર્ષ ૨૦૧૪માં AYUSH (આયુષ) મંત્રાલયની રચના થયા બાદ આયુષની અસરકારક સંકલનની પ્રવૃત્તિને ત્વરીત વેગ મળેલ હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને આયુષ મંત્રાલય વચ્ચે સ્વાસ્થ્યના વિવિધ સ્તરે સ્થાપિત, સહકાર અને સંકલન કરીને સ્વાધ્યાય સંબંધી જાળવણીને વધુ મજબૂત બનાવાઈ છે. નેશનલ આયુષ મિશન (NAM), રાષ્ટ્રીય આયુષ અભિયાન એ સંકલનનું દૃષ્ટાંત છે. સમગ્ર દેશમાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની સ્થાપના થયેલ છે. એનો મુખ્ય ઉદ્દેશ વ્યાજબી ખર્ચે આયુષની સેવાઓ લોકોને પ્રદાન કરવાનો જ છે. જે માટે આયુષ સેન્ટરો દવાખાનાઓને અદ્યતન સ્વરૂપ આપવામાં આવ્યા છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો તથા જિલ્લા હોસ્પિટલોમાં આયુષ સુવિધાઓ અપાઈ રહી છે. ખાસ તો નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ કેન્સર, ડાયાબિટીસ, કાર્ડિયો વસ્ક્યુલર ડિસીઝ એન્ડ સ્ટ્રોક સાથે સંબંધિત રોગોના ત્વરીત નિવારણ અંગે નિયમિત કાળજીપૂર્વકની સેવાઓ દર્દીઓને અપાઈ રહી છે. જેમાં સફળતાનો આંક ઊંચો રહ્યો છે.

આયુષ મંત્રાલયે કોવિડ-૧૯ દરમિયાન ઘણા વૈધાનિક પરીક્ષણો હાથ ધર્યા. જેમાં સફળતા સાંપડતી રહી. કોવિડ-૧૯ની સારવાર માટે આયુર્વેદ અને યોગ પર આધારિત રાષ્ટ્રીય નૈદાનિક સારવારની આચાર સંહિતા જાહેર કરી હતી. આ અંગે સંકલન અને જોડાણનું સ્તર વધ્યું હતું. આ અંગે આયુષ મંત્રાલયે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સંસ્થાઓ સાથે સુસંબંધો સ્થાપિત કર્યા હતા. આયુષ મંત્રાલયે કોવિડમાંથી રક્ષવા બ્રિટનની સ્કૂલ ઓફ હાઈજીન એન્ડ ટ્રોપીકલ મેડિસીન સાથે "અશ્વગંધા"ના ઉપયોગ પર અભ્યાસ આદરી સહકાર સાધ્યો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના એક અહેવાલમાં જણાવ્યા મુજબ વિશ્વની અંદાજે ૮૦% વસતિ, એક યા બીજી રીતે પરંપરાગત કે પ્રાચીન ચિકિત્સા કે ઉપચાર પદ્ધતિઓ અપનાવીને સારવાર મેળવે છે.

આયુર્વેદ, યુનાની, યોગ, રીગ્યા, સોવા, હોમિયોપથી આદિ ભારતીય ચિકિત્સા પદ્ધતિમાં આવરી લેવાઈ છે. જે આયુષ તરીકે પણ જાણીતી છે. પ્રત્યેક પદ્ધતિના સકારાત્મક પાસાંઓનું સંકલન કરવાથી સુંદર પરિણામ પ્રાપ્ત થાય છે. સ્વાસ્થ્ય સારસંભાળ ક્ષેત્રે જગતના રાષ્ટ્રોનું ધ્યાન આયુષ પદ્ધતિઓ પ્રત્યે ખેંચાયેલું રહ્યું છે. જામનગરમાં ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન (GCTM)ની સ્થાપના કરવામાં આવી છે.

આયુષ પદ્ધતિઓની માર્ગદર્શિકા આહાર, માનસિક સ્વાસ્થ્ય, રોગ પ્રતિકારાત્મક્તા, સર્વાંગી સ્વાસ્થ્ય, યોગાભ્યાસ આદિને આવરી લે છે. સર્વાંગી સ્વાસ્થ્ય, એ આપણા જીવનનો અભિગમ ગણાય છે. આ અભિગમો અંતર્ગત એક્યુપ્રેશર, મસાજ થેરપી, મેન્યુઅલ થેરપી, નેચરોપથી, રેકી અને ધ્યાન પણ સામેલ છે.

હાલમાં પ્રવર્તમાન (ABPM - JAY) યોજના અર્થાત્ "આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના"નો ખાસ ઉદ્દેશ, ભારતના સૌથી વંચિત નબળા વર્ગોને ગુણવત્તાયુક્ત ઔષધો અને સારવાર આપી તેમના સ્વાસ્થ્યની રક્ષા કરવાનો છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## અસર સંસ્કારોની...

વર્ષોથી સટ્ટાના ધંધામાં પડેલા સટોડિયાને સખત તાવ આવ્યો. થર્મોમીટર કાઢી સટોડિયાનો તાવ માપ્યો.

'કેટલો તાવ છે?' પત્નીએ ડોક્ટરને પૂછ્યું.

'૧૦૪ ડિગ્રી છે.'

આ સાંભળતાવેંત જ સટોડિયો બોલ્યો, '૧૦૫ થાય એટલે વેચી નાખજો.'

૧૦૪ ડિગ્રી તાવમાં પણ જો ધંધાના સંસ્કારો અનાયાસે પ્રગટ થઇ જતા હોય તો પછી ધર્મના સંસ્કારોની તાકાત પણ ક્યાં ઓછી છે? ધર્મનો જો ભારે રસ ઊભો કરી દેવામાં આવે તો ભયંકર પ્રતિકૂળતામાં પણ એના સંસ્કારો આગળ આવ્યા વિના નહીં રહે.

***હતાશ ન થાઓ... ઉત્સાહ સાથે ધર્મની આરાધના ચાલુ રાખો.***

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665  marketing@vtransgroup.com  www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


| | | |
|---|---|---|
| કરણઘેલો | નંદશંકર તુળજાશંકર મહેતા | 350 |
| ભદ્રંભદ્ર (હાસ્યનવલ) | રમણભાઈ નીલકંઠ | 300 |
| પારકાં જણ્યાં | ઉમાશંકર જોશી | 110 |
| આપણો ઘડીક સંગ | દિગીશ મહેતા | 140 |
| અમે બધાં | જ્યોતિન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા | 325 |
| જગુભાઈનો પુનઃજન્મ | પ્રવીણસિંહ ચાવડા | 65 |
| ધક્કો | નાનાભાઈ હ. જેબલિયા | 125 |
| નાચે મનના મોર | દોલત ભટ્ટ | 120 |
| ભાગવત-નવનીત | દક્ષિણકુમાર જોશી | 80 |
| કદલીવન | વિનોદિની નીલકંઠ | 80 |
| અધૂરું મહાનગર | નલિન ઉપાધ્યાય | 125 |
| દીવાન ધનેશ્વર | રમેશભાઈ જોશી | 20 |
| ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર (પુ. 7) | રમણીકભાઈ વોરા | 300 |
| ઘડીક તડકો ઘડીક છાંયડો | અશ્વિનકુમાર વ્યાસ | 40 |
| મૃત્યુસમીપે | કૌશિક અમીન | 200 |
| ઘર (પુરસ્કૃત) | કિશોરસિંહ સોલંકી | 150 |
| તરસ એક ટહુકાની | રાઘવજી માધડ | 110 |
| સ્વાહા | વિજયશંકર દવે | 33 |
| પૂર્વાકાશ | ચંદ્રશંકર ભટ્ટ | 70 |
| થાક | દિનકર શાહ 'જય | '81 |
| મહામૃત્યુ | બહેચરભાઈ પટેલ | 80 |
| રિશ્મા ઠાકુર | મેહુલ પટેલ | 27 |
| અંધકારને દરિયે તરણું | નીલા શાહ | 40 |
| રંગ પૂજા | સતીષ દેસાઈ | 75 |
| સ્નેહતણી સરવણી (પત્રસ્વરૂપે નવલકથા) | વત્સલ વસાણી | 75 |
| ભસ્મકંકણ : ભાગ 1થી 3 | દેવશંકર મહેતા | 360 |
| માનવમનમાં માનવ | જ્યોર્તિધર રાવલ | 87 |
| છાણના દેવ કપાસિયાની આંખો | પ્રતિમા મોદી | 150 |
| શૂળ | બી. કેશરશિવમ્ | 65 |
| પરિતોષ | હર્ષદ વ્યાસ | 150 |
| આત્મજ્યોતિકા | નિર્વાણ વ્યાસ | 14.50 |
| હસતો ચહેરો આનંદનો | ચેતન ચૌહાણ | 12.50 |
| વિક્ષિપ્તા | ભાનુપ્રસાદ ત્રિવેદી | 118 |
| નવપ્રયાણ | યશવંત મહેતા | 49 |
| વિસુવિયસ | યશવંત મહેતા | 27.50 |
| મૃત્યુની પાનખરમાં વસંત (પુરસ્કૃત) | ઉષા ચતુર્વેદી | 125 |
| સંધ્યારાગ | યશોધર મહેતા | 33 |




ગુજરાતી
સાહિત્યની
માઈલસ્ટોન
નવલકથાઓ




**દરિયા ડૂબ્યા સાત**
**દિલીપ રાણપુરા**
લેખકની આ અંતિમ નલકથા એનાં યાદગાર પાત્રો અને હૃદયસ્પર્શી સંવાદોને કારણે કરુણ-મંગલ પાસાં પ્રગટાવે છે. લેખકે એમાં સમાજજીવનનો સંપૂર્ણ નિચોડ રેડ્યો છે. દરેક વયકક્ષાના વાચકોને રસ પડે એવી નવલકથા.
કિંમત : 370

**ન ઇતિ**
**ધ્રુવ ભટ્ટ**
જેમની તત્ત્વમસિ નવલકથા પરથી રેવા નામની ગુજરાતી ફિલ્મ બની હતી, એવા સર્જકની આ નમૂનેદાર નવલકથા પ્રાચીન માનવસંસ્કૃતિથી અદ્યતન ટૅક્નોલૉજી સુધીની સફર કરાવે છે. એનું પાત્રાલેખન અનોખું અને યાદગાર છે.
કિંમત : 250

**ક્ષમસ્વ**
**હરેશ ધોળકિયા**
રામાયણની કથામાં કૈકેઈનું પાત્ર 'વિલન કેરેક્ટર' જેવું સૌએ અનુભવ્યું છે. 'ક્ષમસ્વ' નવલકથામાં કૈકેઈને જરા જુદી રીતે, કંઈક સાચી રીતે મૂલ્યવવાનો લેખકે પ્રયાસ કર્યો છે, સૌ જિજ્ઞાસુઓ પુસ્તક વાંચીને અલગ અનુભૂતિ કરશે.
કિંમત : 170

**દેવહુમા**
**સોનલ પરીખ**
આજના સમાજજીવન અને નવી જનરેશનની લાઇફસ્ટાઈલ સાથે સુસંગત આ વિશિષ્ટ પ્રણયકથા છે. દેવહુમા પંખી જેમ રાખમાંથી પુનઃસર્જન પામે છે એમ પ્રણયમાં પણ વ્યક્તિ નિષ્ફળતામાંથી નવસર્જન પામે છે.
કિંમત : 230

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**